દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ/2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 260 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ આશ્વિન વદ-૩૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 Novemberr 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20

શુક્રવાર, ૧ નવેમ્બર (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દેશની એક તસુ જમીન પણ કોઈને નહિ આપીએઃ મોદી

▸ 'જનતાને સશસ્ત્ર દળોની તાકાત પર પૂરો વિશ્વાસ' ▸ વડા પ્રધાને સરહદ પર જવાનો સાથે દિવાળી ઊજવી







**સૈનિકો સાથે દિવાળીઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કચ્છમાં સૈનિકો સાથે દિવાળી ઊજવી હતી. કેવડિયા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી પ્રસંગે 'એકતા દિવસ પરેડ'ની સલામી ઝીલી હતી. આ પ્રસંગે સીમા સુરક્ષા દળના જવાનોએ અદ્‌ભુત કરતબ બતાવ્યા હતા. (પીટીઆઇ)

ભુજઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જણાવ્યું હતું કે અમે કોઇને દેશની એક તસુ (અંદાજે એક ઇંચ) ભૂમિ પણ નહિ આપીએ. દેશની જનતાને સંરક્ષણ માટે સશસ્ત્ર દળોની તાકાત પર પૂરો વિશ્વાસ છે.

તેમણે કચ્છ જિલ્લામાં ભારત - પાકિસ્તાનની સરહદે આવેલી સિરક્રીક ખાતે સશસ્ત્ર દળોના જવાનોની સાથે દિવાળીની ઉજવણી કરતા જણાવ્યું હતું કે ભારતના દુશ્મનો સશસ્ત્ર દળોની (તાકાતને) જોઇને જ પોતાના ષડ્‌યંત્રનો અમલ પડતો મૂકે છે.

મોદીએ સીમા સુરક્ષા દળ, ભૂમિદળ, નૌકાદળ અને હવાઇ દળના જવાનોને સંબોધતા જણાવ્યું હતું કે દેશના લોકો તમારે (સૈનિકોને) લીધે સલામતીનો અનુભવ કરે છે. વિશ્વના અન્ય દેશો તમને રાષ્ટ્રની તાકાત ગણે છે, જ્યારે દુશ્મનો તમારાથી ડરીને દેશ-વિરોધી કાવતરું કરવાની યોજના પડતી મૂકે છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે દેશમાં હાલમાં જે સરકાર છે, તે દેશની એક ઇંચ જમીન પણ કોઇને આપવા તૈયાર નથી.

કેટલાક વિઘટનકારી લોકો ભારતની અંદર અને બહાર અરાજકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમજ ભારતને નુકસાન પહોંચાડવામાં વ્યસ્ત છે. તેઓ ઇચ્છે છે કે વિશ્વમાં ભારતની ખોટી છબી ઊભરે. આ લોકો ભારતીય દળોને નિશાન બનાવવામાં વ્યસ્ત છે. ખોટી માહિતી ફેલાવવાના અભિયાનો ચલાવવામાં આવી રહ્યા છે અને જાતિના નામે વિભાજન કરવામાં લાગેલા છે. તેમનો એક જ ઉદ્દેશ્ય છે, ભારતની એકતા અને સમાજને નબળો પાડવાનો. તેઓ ક્યારેય ઇચ્છતા નથી કે ભારતનો વિકાસ થાય એવું વડા પ્રધાન મોદીએ કેવડિયા ખાતે જણાવ્યું હતું.

ગુજરાતમાં બે દિવસમાં સતત બીજી વાર પ્રવાસે આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સરદાર પટેલની જન્મજયંતીના એકતા દિવસે કેવડિયા કોલોની ખાતેના સ્ટેચ્યૂ ઓફ યુનિટી પહોંચ્યાં હતા જ્યાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ તેમણે સુરક્ષાદળોની પરેડની સલામી ઝીલી સૌને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં હાજરી આપ્યા બાદ વડા પ્રધાન કચ્છ પહોંચ્યા હતા જ્યાં પાકિસ્તાન સરહદ નજીક આવેલી બીએસએફની પોસ્ટ પર ફરજ બજાવી રહેલા જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

કેવડિયા કોલોની ખાતે વડા પ્રધાન મોદીએ વધુમાં કહ્યું હતું કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણમાં પણ એકતા છે. તેને બનાવવા માટે, ખેતરોમાં વપરાતા ઓજારોમાંથી લોખંડ દેશના ખેડૂતો પાસેથી લાવવામાં આવ્યું હતું, કારણ કે સરદાર સાહેબ એક ખેડૂત પુત્ર હતા. દેશના અને વિદેશમાં વસતા ભારતીયો અને શુભચિંતકોને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી આજથી શરૂ થઈ રહી છે. દેશભરમાં ૨ વર્ષ સુધી સરદાર પટેલની ૧૫૦મી જન્મ જંયતી ઉજવાશે. આ તેમના અસાધારણ યોગદાનને શ્રદ્ધાંજલિ છે. આનાથી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો અમારો સંકલ્પ મજબૂત થશે. દુનિયા જોઈ રહી છે કે કેવી રીતે ભારત તેના સંકટને નિશ્ચય સાથે ઉકેલી રહ્યું છે. આ મહત્ત્વના સમયે આપણે આપણી એકતાને જાળવી રાખવાની છે એવી તેમણે અપીલ કરી હતી.

તેમણે એવું પણ કહ્યું હતું કે, અગાઉની સરકારોની નીયત અને નીતિઓમાં ભેદભાવની લાગણી પણ દેશની એકતાને નબળી પાડી રહી હતી. છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં સુશાસનના નવા મોડલમાં ભેદભાવની દરેક અવકાશને દૂર કરવામાં આવી છે. અમે સૌના વિકાસ અને સૌના સમર્થનનો માર્ગ પસંદ કર્યો છે.આજે પાણી

(જુઓ પાનું ૨) ▸▸

## ક્યાં છે મોંઘવારી? ધનતેરસે દેશમાં ₹ ૨૦,૦૦૦ કરોડનું સોનું વેચાયું

▸ દિવાળીમાં સોના, ચાંદી, વાહનો, ઇલેક્ટ્રોનિક ચીજોનું ભારે વેચાણ

નવી દિલ્હીઃ દેશમાં દિવાળીના દિવસોમાં સોના, ચાંદી, વાહનો, ઇલેક્ટ્રોનિક ચીજો, કપડાં અને ઘરવખરીના વેપારમાં મોટા પાયે તેજી જોવા મળી રહી છે.

સોના અને ચાંદીના ભાવ સતત વધતા હોવા છતાં ધનતેરસે અંદાજે રૂપિયા ૨૦ હજાર કરોડથી વધુના મૂલ્યનું સોનું અને આશરે રૂપિયા ૨,૫૦૦ કરોડથી વધુની કિંમતની ચાંદી વેચાઇ હોવાનું કહેવાય છે.

ઓલ ઇન્ડિયા જ્વેલર્સ ઍન્ડ ગોલ્ડસ્મિથ ફેડરેશનના રાષ્ટ્રીય અધ્યક્ષ પંકજ અરોરાએ જણાવ્યું હતું કે સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો થતો હોવા છતાં ધનતેરસે આ બન્ને કીમતી ધાતુનું મોટા પાયે વેચાણ થયું હતું.

તેમણે જણાવ્યું હતું કે ધનતેરસે ૩૦ ટન સોનું અને ૨૫૦ ટન ચાંદી વેચાયા હોવાનો અંદાજ છે.

ઇન્ડિયન બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનના રાષ્ટ્રીય સચિવ સુરેન્દ્ર મહેતાએ ચાંદીના વેચાણમાં આશરે ૩૩ ટકાનો વધારો થયો હોવાની ધારણા કરી હતી.

કન્ફેડરેશન ઑફ ઓલ ઇન્ડિયા ટ્રેડર્સે જણાવ્યું હતું કે ધનતેરસને દિવસે જ રૂપિયા ૬૦ હજાર કરોડનો વેપાર થયો હોવાનો અંદાજ છે. ગયા વર્ષે આ દિવસે રૂપિયા પચાસ હજાર કરોડનો ધંધો થયો હતો, પરંતુ આ વખતે તેની સરખામણીમાં વીસ ટકા વધુ વેપાર થયો હતો. દિવાળીના દિવસોમાં વાહનોનું વેચાણ સરેરાશ વીસથી પચીસ ટકા વધ્યું છે. દશેરાના દિવસે વાહનોના વેચાણમાં ૧૨ ટકાનો વધારો થયો હતો, પરંતુ દિવાળીના દિવસોમાં વેચાણ લગભગ બમણું જ થયું છે.

ધનતેરસને દિવસે કારોનું વેચાણ દસ ટકા, જ્યારે સ્કૂટર સહિતના બે પૈડાંવાળા વાહનોનું વેચાણ પંદર ટકા વધ્યું છે.

ફ્રીઝ, ટીવી, વૉશિંગ મશીન, સ્માર્ટ ફોન જેવી ઇલેક્ટ્રોનિક ચીજોના વેચાણમાં ૨૦થી ૩૦ ટકા વૃદ્ધિ થઇ છે.

કપડાં અને કાપડ બજારમાં પણ તેજી જોવા મળી છે અને તૈયાર કપડાંની દુકાનોમાં તેમ જ ઓનલાઇન મોટા પાયે ખરીદી થઇ રહી છે. વાસણો, ફર્નિચર સહિતની ઘરવખરીનું વેચાણ પણ સારું વધ્યું છે. (એજન્સી) ■

## અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાં કમલા અને ટ્રમ્પ વચ્ચે બળાબળની સ્પર્ધા

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખપદની ચૂંટણીમાંના મુખ્ય ઉમેદવારો - હાલનાં ઉપપ્રમુખ કમલા હેરિસ અને ભૂતપૂર્વ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચે બળાબળની સ્પર્ધા થવાની હોવાનું તાજેતરમાં લેવાયેલા બે જનમતમાં માલૂમ પડ્યું હતું.

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી પાંચમી નવેમ્બરે યોજાવાની છે, પરંતુ બુધવારે અંદાજે છ કરોડ લોકોએ 'મેલ-ઇન-વૉટ' અથવા 'ઇન-પર્સન અર્લી વૉટ્‌સ' દ્વારા મતદાન કરી દીધું છે.

અમેરિકાની લોકશાહીમાં મતદાન અને ચૂંટણીપ્રચાર એકસાથે ચાલે છે.

ફોક્સ પોલે બુધવારે જાહેર કરેલા જનમત મુજબ પેન્સિલ્વેનિયા અને નોર્થ કેરોલિનામાં ટ્રમ્પ પોતાના મુખ્ય હરીફ કમલા કરતાં માત્ર એક પોઇન્ટથી આગળ છે, જ્યારે મિશિગનમાં બન્ને વચ્ચે બરાબરી થવાની આશા છે એટલે સરખા મત મળવાનો અંદાજ છે.

સીએનએન પોલ દ્વારા લેવાયેલા જનમત મુજબ પેન્સિલ્વેનિયામાં બન્ને

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત અને ચીનની સેનાએ એકબીજાને શુભેચ્છા આપીઃ મીઠાઈ વહેંચી



**ભારત-ચીન ભાઈ ભાઈ?:** સરહદ પર ખરી અંકુશ હરોળ ખાતે ચીનના સૈનિકોને દિવાળીની મીઠાઇ આપતા ભારતીય સૈનિકો. (પીટીઆઇ)

લદાખઃ પૂર્વ લદાખની સરહદ નજીક સૈનિકોની વાપસીની પ્રક્રિયા લગભગ પૂરી થવા આવી છે ત્યારે ભારત અને ચીનની લશ્કરે એલએસી (લાઈન ઓફ એકચ્યુલ કન્ટ્રોલ) ખાતે દિવાળીના તહેવાર નિમિત્તે એકબીજાને શુભેચ્છા આપી હતી તેમ જ મીઠાઈની વહેંચણી કરી હતી.

દિવાળીના તહેવાર નિમિત્તે ભારત અને ચીનના સૈનિકોએ એલએસી ખાતે અમુક પોઈન્ટ પર એકબીજાને મીઠાઈની વહેંચણી કરી હતી. પૂર્વ લદાખના ડેમચોક અને દેપસાંગ વિસ્તારમાંથી બંને દેશના સૈનિકો દ્વારા પીછેહઠ કર્યાના એક દિવસ પછી દિવાળીનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું, જેનાથી બંને દેશ વચ્ચેના સંબંધોમાં નવું જોમ આવ્યું છે.

ભારતીય અને ચીનના સૈનિકોએ દિવાળીના

(જુઓ પાનું ૨) ▸▸

## એલએસી ખાતે સૈન્ય પાછું ખેંચવાનું કામ પૂરું થયું : રાજનાથ

ઇટાનગરઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ગુરુવારે જણાવ્યું હતું કે ભારત અને ચીનના લશ્કર વચ્ચે સધાયેલી સમજૂતી મુજબ સરહદની ખરી નિયંત્રણ રેખા (લાઇન ઑફ ઍક્ચ્યુઅલ કન્ટ્રોલ - એલએસી) ખાતે અમુક વિસ્તારમાં લશ્કર પાછું ખેંચવાની કામગીરી પૂરી થઇ છે.

તેમણે અરુણાચલ પ્રદેશમાં સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું અને આસામમાંના મેજર રાલેન્ગનાઓ 'બોબ' ખાતિંગ સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

રાજનાથ સિંહે જણાવ્યું હતું કે ભારત અને ચીને સરહદ પરની ખરી નિયંત્રણ રેખા ખાતેની મડાગાંઠ ઉકેલવા માટે રાજદ્વારી અને લશ્કરી સ્તરે મંત્રણા કરી હતી. ચર્ચાવિચારણાને અંતે એકબીજાની સલામતી વ્યવસ્થાના સંબંધમાં વ્યાપક સમજૂતી સધાઇ હતી, જેમાં પેટ્રોલિંગ (પહેરો ભરવો)ના અધિકાર અને પરંપરાગત વિસ્તારમાં ઢોરોને ચરાવવાની પરવાનગી આપવાનો સમાવેશ થાય છે.

સંરક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચેના સંબંધ સુધારવા લશ્કરને વિવાદાસ્પદ જગ્યાએથી પાછું ખેંચવા ઉપરાંત

(જુઓ પાનું ૨) ▸▸

## ઉ.પ્ર.ના બદાયુંમાં ટેમ્પો-ટ્રક વચ્ચે અકસ્માતમાં છનાં મોત

બદાયુઃ ઉત્તર પ્રદેશના બદાયુમાં મુઝરિયા વિસ્તારમાં ગુરુવારે સવારે એક ટેમ્પો અને ટ્રક વચ્ચે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો, જેમાં એક જ પરિવારના ચાર સભ્ય સહિત છ લોકોનાં મોત થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

આ અકસ્માતમાં પાંચ ઇજાગ્રસ્તને જિલ્લા હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ લોકો દિવાળીની ઉજવણી કરવા માટે ઘરે પરત ફરી રહ્યા હતા. નોઇડામાં શાકભાજી વેચનાર તરીકે કામ કરતા પીડિતો લોડર ટેમ્પોમાં મુસાફરી કરી રહ્યા હતા, જે એક ટ્રેક્ટર-ટ્રોલી સાથે અથડાઇ હતી. ત્યારબાદ પૂરપાટ ઝડપે આવતી કારે લોડરને ટક્કર મારી હતી, જેથી બચવાની શક્યતાઓ નહિવત્‌ રહી હતી.

બદાયુના જિલ્લા મેજિસ્ટ્રેટ નિધિ શ્રીવાસ્તવના જણાવ્યા અનુસાર મિર્ઝાપુરના ૩૧ વર્ષીય અતુલ, બરેલીના ૩૫ વર્ષીય કન્હાઇ, તેની ૩૦ વર્ષીય પત્ની કુસુમ અને તેના ૮ અને ૫ વર્ષના બાળકો કાર્તિક અને શીનુંના અકસ્માતમાં મોત નીપજ્યા હતા, જ્યારે છઠ્ઠા મૃતકની ઓળખ થઇ ન હોવાનું શ્રીવાસ્તવે જણાવ્યું હતું. આ ઘટના બાદ ફરાર

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતમાં છ પોલીસ અધિકારીને મળ્યો ગૃહ પ્રધાન મેડલ

ગાંધીનગરઃ પોલીસ સર્વિસમાં ઉત્કૃષ્ટ સેવા આપવા બદલ વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ અને સેન્ટ્રલ પોલીસ ઓર્ગેનાઈઝેશનના ૪૬૩ કર્મચારીને કેન્દ્રીય ગૃહ પ્રધાન દક્ષતા પદક' એનાયત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આજે આ યાદી જાહેર કરી હતી. આ યાદીમાં ગુજરાતના છ પોલીસ અધિકારીનો સમાવેશ થાય છે.

આ અધિકારીઓને તેમના ઉત્કૃષ્ટ કામ અને તપાસ બદલ ગૃહમંત્રી મેડલ આપવામાં આવશે, જેમાં ગુજરાતના નિર્લિપ્ત રાય અને ડૉ. લવિના સિન્હાના નામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ત્રણ પોલીસ ઈન્સ્પેક્ટરને પણ આ સન્માન આપવામાં આવશે, જેમાં હરપાલસિંહ રાઠોડ, અમરસિંહ ચૌહાણ, મયુરકુમાર પટેલના નામનો સમાવેશ થાય છે. ગૃહમંત્રી મેડલ મેળવનારાઓમાં ડીએસપી વિરજીતસિંહ પરમારનો પણ સમાવેશ થાય છે.

નિર્લિપ્ત રાય અને લવિના સિન્હાને એકસાથે આ મેડલ મળવો તે માત્ર સંયોગ છે. બંને

(જુઓ પાનું ૨) ▸▸




## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અબુ આઝમીને હરાવવા ભાજપ 'દાઉદના સાથી'ને શરણે!

**મહારાષ્ટ્રમાં** વિધાનસભાની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે ભાજપના સાથી એનસીપીના અજિત પવારે ભૂતપૂર્વ મંત્રી નવાબ મલિકને છેલ્લી ઘડીએ ઉમેદવાર બનાવીને બખેડો ખડો કરી દીધો છે. ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએના પક્ષોમાં થયેલી બેઠકોની વહેંચણીમાં માનખુર્દ-શિવાજીનગર બેઠક શિવસેના શિંદે જૂથને આપવામાં આવી હતી. શિંદે જૂથે સુરેશ પાટીલને ઉમેદવાર જાહેર કરી દીધા હતા ને ભાજપે પાટીલને સમર્થન આપીને તેમનો પ્રચાર પણ શરૂ કરી દીધો હતો ત્યાં છેલ્લી ઘડીએ માનખુર્દ-શિવાજીનગર બેઠક પરથી એનસીપીના અજીત જૂથે નવાબ મલિકને મેદાનમાં ઉતારી દીધા.

ભાજપે જાહેરમાં નવાબ મલિકને અજિત પવારે ઉમેદવાર બનાવ્યા સામે વાંધો લીધો છે અને નવાબ મલિકની ઉમેદવારી માન્ય નહીં હોવાનું એલાન કર્યું છે. નવાબ મલિકના આંતરરાષ્ટ્રીય આતંકવાદી દાઉદ ઈબ્રાહીમ સાથે સંબંધ હોવાના મુદ્દે ભાજપ લાંબા સમયથી નવાબ મલિકની વિરુદ્ધ છે અને મલિકને ટિકિટ આપવા સામે વાંધો લીધો હતો. અજિત પવારની એનસીપીએ નવાબ મલિકને કારણે ડખો ના થાય એટલે અણૂશક્તિનગર બેઠક પરથી નવાબ મલિકની પુત્રી સના મલિકને ટિકિટ આપી દીધી ને ભાજપે સના મલિકને એનડીએનાં ઉમેદવાર બનાવવા સામે કોઈ વાંધો નહોતો લીધો.

આ ઘટનાક્રમના કારણે એવું લાગતું હતું કે, નવાબ મલિકને મામલે સમાધાનની ફોર્મ્યુલા તૈયાર થઈ ગઈ છે. અજિત પવારે મલિકને દૂર રાખીને ભાજપ સાથેના સંબંધો સાચવી લીધા છે. મલિક પણ દીકરીને ટિકિટ મળતાં ચૂપ થઈને બેસી ગયા છે એવું લાગતું હતું ત્યાં નવાબ મલિકે નોમિનેશનના છેલ્લા દિવસે ૨૯ ઓક્ટોબરે ઉમેદવારી નોંધાવી દીધી. મલિકે એનસીપી ઉમેદવાર તરીકે ફોર્મ ભરેલું ને અપક્ષ ઉમેદવાર તરીકે પણ ઉમેદવારી નોંધાવી હતી. આમ મલિકે બે ફોર્મ ભર્યાં હતા. મલિકનું કહેવું છે કે, એનસીપી પોતાને સત્તાવાર રીતે ઉમેદવાર ના બનાવે તો પણ પોતે લડવાના જ હતા તેથી અપક્ષ પણ ફોર્મ ભરી રાખેલું પણ એનસીપીએ પોતાને સત્તાવાર ઉમેદવાર જાહેર કરતું એબી ફોર્મ મોકલ્યું તેથી અમે બપોરે ૨.૫૫ વાગ્યે એબી ફોર્મ જમા કરાવી દીધું અને મલિક એનસીપીના સત્તાવાર ઉમેદવાર બની ગયા.

ભાજપે મલિકની ઉમેદવારી સામે વાંધો લીધો છે. મુંબઈ ભાજપના પ્રમુખ આશિષ શેલારે જાહેર કર્યું છે કે, ભાજપનું વલણ સ્પષ્ટ છે. અગાઉ પણ અમે નવાબ મલિકની ઉમેદવારીની વિરુદ્ધ હતા અને હજુ પણ તેમને સમર્થન નથી આપવાના કારણ કે નવાબ મલિકના દાઉદ ઈબ્રાહિમ સાથે સંબંધો છે. શેલારે એ ચોખવટ પણ કરી છે કે, એનસીપીએ અણુશક્તિનગર બેઠક પરથી નવાબ મલિકની પુત્રી સના મલિકને ટિકિટ આપી છે અને સના મલિક ભાજપનાં નેતૃત્વ હેઠળની મહાયુતિના સત્તાવાર ઉમેદવાર છે. ભાજપને સનાની ઉમેદવારી સામે કોઈ વાંધો નથી અને ભાજપ તેમને ચોક્કસપણે સમર્થન આપશે પણ મલિક માટે પ્રચાર નહીં કરે.

શેલારે ડહાપણ ડહોળ્યું છે કે, દાઉદ સાથે જોડાયેલા લોકો પર ભાજપનું વલણ પહેલાથી જ સ્પષ્ટ છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પહેલાં પણ કહી ચૂક્યા છે અને હવે હું પણ એ જ વાત કહી રહ્યો છું. અમે માનીએ છીએ કે મહાયુતિના તમામ સાથી પક્ષોને તેમના ઉમેદવારો જાહેર કરવાનો અધિકાર છે પણ નવાબ મલિક અંગે ભાજપનું વલણ સ્પષ્ટ છે. નવાબ મલિક માટે પ્રચાર કરવાનો સવાલ જ પેદા થતો નથી.

ભાજપના બીજા ઘણા નેતાઓએ પણ આ જ રેકર્ડ વગાડી છે. આ રેકર્ડ ભાજપ કેટલો દંભી પક્ષ છે અને સત્તા માટે કઈ હદે નીચે ઊતરી શકે છે તેનો પુરાવો છે. ભાજપ નવાબ મલિક સાથેના દાઉદ ઈબ્રાહિમના સંબંધોની દુહાઈ આપીને તેમને સ્વીકારવા તૈયાર નથી ત્યારે સવાલ એ થાય કે, આ મુદ્દે ભાજપ અજિત પવાર સાથેના સંબંધો તોડી કેમ નથી નાંખતો ? દાઉદ ઈબ્રાહિમ આ દેશનો દુશ્મન છે. મુંબઈ પરના આતંકવાદી હુમલાનો સૂત્રધાર છે અને દેશદ્રોહી છે. નવાબ મલિક આવા દેશદ્રોહીના સાથી છે એ જોતાં મલિક પણ દેશદ્રોહી જ કહેવાય. આવા દેશદ્રોહીને અજિત પવાર ભાજપ ને શિવસેનાની ઐસીતૈસી કરીને ટિકિટ આપે ને ભાજપ મલિક માટે પ્રચાર નહીં કરીએ ને સમર્થન નહીં આપીએ એવી સાવ પાવલીછાપ વાતો કરે છે એ સાંભળીને હસવું આવે છે. દાઉદના સાથીને ટિકિટ આપનાર સાથે ભાજપ કઈ રીતે બેસી શકે ? આ સવાલનો જવાબ છે.

વાસ્તવમાં નવાબ મલિક ભાજપનું જ પ્યાદું છે ને અજિત પવારે મલિકને ભાજપના ઈશારે જ મેદાનમાં ઊતાર્યા છે. માનખુર્દ-શિવાજીનગર બેઠક પર મલિકની ટક્કર કોની સાથે છે એ સાંભળશો તો આ વાત સમજાશે. ૨૦૦૯માં અસ્તિત્વમાં આવેલી માનખુર્દ-શિવાજીનગર બેઠક પરથી છેલ્લી ત્રણ ટર્મથી સમાજવાદી પાર્ટીના અબુ આઝમી ચૂંટાય છે. અબુ આઝમીને હરાવવા ભાજપે બહુ ઉધામા કરી જોયા પણ ફાવ્યો નથી એટલે હવે દાઉદના સાથી નવાબ મલિકના શરણે ગયો છે.

માનખુર્દ-શિવાજીનગર બેઠક પર મુસ્લિમોની વસતી નોંધપાત્ર છે ને તેના જોરે અબુ આઝમી જીતે છે. ભાજપની ગણતરી બહુ સરળ છે કે, નવાબ મલિક જેવો ધરખમ મુસ્લિમ નેતા ઊભો રહે તો મુસ્લિમોના મત કપાય ને આઝમી હારી શકે. બે ધરખમ મુસ્લિમોની ટક્કરમાં ૨૦૧૪માં ૯ હજાર મતે હારેલા શિંદેની શિવસેનાના સુરેશ પાટીલની જીતના ચાન્સ વધી જાય તેથી ભાજપે મલિકને ઉતારી દેવડાવ્યા છે. બાકી લોકસભાની ચૂંટણીમાં ગણીને એક બેઠક જીતનારા અજિત પવારની પોતાની રીતે મલિકને ઉભા રાખવાની હિંમત નથી. મલિક પણ લાંબો સમય જેલમાં તળિયાં તપાવ્યા પછી માંડ માંડ છૂટ્યા છે. ભાજપ સામે બાખડી બાધીને ફરી જેલભેગા થવાની મૂર્ખામી મલિક જેવો ખેલંદો માણસ કરે એ વાતમાં માલ નથી.

ભાજપ નવાબ મલિકની દીકરી સના મલિકને મુદ્દે જે વાતો કરી રહ્યો છે એ પણ ગધેડાને તાવ આવી જાય એવી છે. ભાજપ મલિકને દાઉદના સાથી માનીને વિરોધ કરે છે ને સના મલિકનો પ્રચાર કરવાની વાતો કરે છે એ કેવું ? સના મલિક નવાબ મલિકની દીકરી છે એ સિવાય તેની કોઈ ઓળખ નથી ને એ સિવાય તેની પાસે બીજી કોઈ રાજકીય મૂડી નથી. બાપનાં નામે સનાએ ચરી ખાવાનું છે ત્યારે સના અને નવાબને ભાજપ અલગ અલગ ગણાવે છે એ જોઈને હસવું આવે છે. ભાજપ માટે આ નવી વાત નથી. ભાજપ વરસોથી ચાવવાના જુદા ને બતાવવાના જુદા એવો ખેલ કરે છે. મલિકની ઉમેદવારી સામે વાંધો એ ખેલનો જ ભાગ છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતૠતુ પ્રારંભ), શુક્રવાર, તા. ૧-૧૧-૨૦૨૪ દર્શઅમાસ, હરિયાણા પંજાબ દિન

- ભારતીય દિનાંક ૧૦, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન વદ -30
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ વદ-30
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ મધ્યરાત્રિ પછી ક. ૨૭-30 સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં,ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૦ અમદાવાદ ક. ૦૬ મિ. ૪૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૪ અમદાવાદ ક. ૧૮ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૧-૩૨, મધ્યરાત્રે ક. ૦૦-૧૨
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૦૫ (તા.૨)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - અમાવસ્યા. દર્શઅમાસ, અન્વાધાન, હરિયાણા પંજાબ દિન,કેદાર ગૌરી વ્રત (દક્ષિણ ભારત)
- શુભાશુભ દિનશુદ્ધિઃ પર્વ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વાયુ દેવતાનું પૂજન ,રાહુ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક પૂજા, સર્વશાંતિ પૂજા, નવાં વાસ્ત્રો, આભૂષણ, મહેંદી લગાવવીરત્ન ધારણ, માલ લેવો, વૃક્ષ વાવવાં, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ વાચન, નવેમ્બર માસના.

સંક્ષિપ્ત. ગ્રહ દર્શનઃ આજના તા. ૧લી નવેમ્બરનાં સૂર્યાદિ ગ્રહના ઉદય અસ્તઃમુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૪૦, સૂર્યાસ્તઃ ક.૧૯ મિ. ૦૦, ચંદ્ર ઉદયઃ ક. ૫-30, ચંદ્ર અસ્તઃ ક. ૧૭-૧૭, બુધ ઉદયઃ ક. ૮-૦૧, બુધ અસ્તઃ ક. ૧૮-૨૫, શુક્ર ઉદયઃ ક. ૯-૩૨, અસ્તઃ ક. ૨૦-૧૯, મંગળ ઉદયઃ ક. ૨૩-૨૭, અસ્તઃ ક. ૧૨.૩૨, ગુરુ ઉદયઃ ક. ૨૦.૪૦, અસ્તઃ ક. ૯-૪૮. શનિ ઉદયઃ ક. ૧૫-૦૯, અસ્તઃ ક. ૨-૪૨ (તા. ૧લી નવેમ્બરે સૂર્યોદયના સમયે તુલા રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે મેષ રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય પ્રારંભે સ્વાતિ નક્ષત્રમાં રહે છે. તા. ૬ઠ્ઠીએ વિશાખામાં, તા. ૧૯મીએ અનુરાધામાં પ્રવેશે છે. મંદ અને મિશ્ર ગતિનાં મંગળ આખોય માસ પુષ્ય નક્ષત્ર અને કર્ક રાશિમાં રહે છે. બુધ તા.૧લીએ અનુરાધા નક્ષત્રમાં પ્રવેશે છે. તા. ૧૧ મીએ જ્યેષ્ઠામાં આવી અહીં માસાન્ત સુધી રહે છે. સમગ્ર માસ બુધ મિશ્ર ગતિએ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. બુધ તા. ૨૬મીએ સ્થંભી થઇ વક્રી થાય છે. તા. 30મીએ બુધનો પશ્ચિમમાં અસ્ત થાય છે. સમગ્ર માસ ગુરુ વૃષભ રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. વક્રી ગુરુ તા. ૨૮મીએ રોહિણી નક્ષત્રમાં પ્રવેશે છે. શુક્ર પ્રારંભે જ્યેષ્ઠા નક્ષત્રમાં રહે છે. તા. ૭મીએ મૂળ, તા. ૧૮મીએ પૂર્વાષાઢા તા.૨૯મીએ ઉત્તરાષાઢામાં પ્રવેશે છે. શુક્ર તા. ૮મીએ ધનુમાં પ્રવેશે છે. વક્રી શનિ કુંભ રાશિમાં તા. ૧૫મીએ સ્થંભી થઇ માર્ગી થાય છે. શનિ શતભિષા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં, કેતુ કન્યા રાશિમાં ભ્રમણ કરે છે.

- આચમનઃ બુધ-નેપ્ચૂન ત્રિકોણ આધ્યાત્મિક, ચંદ્ર-સૂર્ય યુતિ સર્વાંગી ઉદય થાય. ચંદ્ર-શનિ ત્રિકોણ કાળજીવાળા.
- ખગોળ જ્યોતિષઃ બુધ-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય યુતિ (આશ્વિન અમાસ યોગ), ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૨)
- ગ્રહગોચરઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સરદાર પટેલને રાષ્ટ્રપતિ અને બીજા મહાનુભાવોની પુષ્પાંજલિ

નવી દિલ્હી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને બીજા મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ નિમિત્તે પુષ્પાંજલિ આપી હતી. આ દિવસ રાષ્ટ્રીય એકતા દિન તરીકે પાળવામાં આવે છે.

પટેલ ચોકમાં ભારતના પ્રથમ નાયબ વડા પ્રધાન અને ગૃહપ્રધાન સરદાર પટેલની પ્રતિમાને અંજલિ આપવામાં આવી હતી. મુર્મૂએ એક્સ પર મૂકેલી પોસ્ટમાં લખ્યું હતું કે દેશમાં એકતા સ્થાપનાર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિએ કૃતજ્ઞ દેશની નમ્ર અંજલિ. સરદાર પટેલ મહાન દેશભક્ત અને આગેવાન રાષ્ટ્રીય ઘડવૈયા હતા. આપણે દેશના ઘડતર માટે અવિરત કામ કરવાના તેમના આદર્શોમાંથી પ્રેરણા લેવી જોઈએ.

રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ ભવનમાં ગણતંત્ર મંડપમાં પણ સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પી હતી. ગુજરાતના નડિયાદમાં ૧૮૭૫માં જન્મેલા સરદાર પટેલ ભારતની આઝાદી ચળવળના લડવૈયા હતા. તેમના જોરદાર નેતૃત્વ અને રાષ્ટ્રીય એકતા માટેની પ્રતિબદ્ધતાને લીધે તેમને ભારતના લોખંડી પુરુષ તરીકે યાદ કરાય છે. (એજન્સી)

## જાતિ, પ્રદેશ, ભાષાના આધારે સમાજને વિભાજિત કરનારાઓમાં રાવણ, દુર્યોધનનો ડીએનએ છેઃ યોગી આદિત્યનાથ

ગોરખપુરઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે ગુરુવારે જણાવ્યું હતું કે જાતિ, પ્રાદેશિક અને ભાષાકીય મુદ્દાઓ પર સમાજને વિભાજિત કરનારા લોકોમાં રાવણ અને દુર્યોધનનો ડીએનએ છે.

તેમની દિવાળીની શુભેચ્છાઓ સાથે તેમણે સમુદાયને વિભાજનકારી તત્ત્વો સામે જાગ્રત અને એક થવા વિનંતી કરી હતી. એમણે એમ પણ કહ્યું કે જે લોકો અમારા તહેવારો દરમિયાન અરાજકતા ફેલાવે છે તેઓએ જાણવું જોઈએ કે તેના ગંભીર પરિણામો આવશે.અહીંના વંટંગિયા ગામના વનવાસીઓ સાથે દિવાળીની ઉજવણી કરતાં તેમણે ચેતવણી આપી હતી કે જે કોઈ શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરશે અથવા મહિલાઓ સામેના ગુનામાં સામેલ થશે તેની સાથે કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે રાજ્યની અગાઉની સમાજવાદી પાર્ટીની સરકાર પર સ્પષ્ટ પ્રહાર કરતા કહ્યું કે ''કેટલાક સમાજને જાતિના નામે વિભાજિત કરે છે, કેટલાક પ્રદેશ અથવા ભાષાના આધારે, અરાજકતા ફેલાવે છે. આ તત્ત્વોમાં રાવણ અને દુર્યોધનના ડીએનએ છે .'જો આપણે આવી શક્તિઓ દ્વારા છેતરાઈ જઈશું અને તેમને તક આપીશું, તો તેઓ ફરીથી તે જ કરશે... તેઓ દીકરીઓ અને બહેનોની સલામતીને જોખમમાં મૂકે છે, ગરીબોની જમીન હડપ કરે છે, વેપારીઓનું અપહરણ કરે છે, લોકોને રસ્તા પર ગોળી મારીને ઉશ્કેરે છે. આ લોકો ૨૦૧૭ પહેલા તહેવારો પહેલા રમખાણો કરતા હતા. ગુરુવારે આ વિસ્તારની મુલાકાત દરમિયાન, એમણે વિવિધ ગ્રામપંચાયતોમાં રૂ. ૧૮૫ કરોડના મૂલ્યની ૭૪ વિકાસ યોજનાનું ઉદ્ઘાટન કર્યું હતું.

## જમ્મુ અને કાશ્મીરના સ્થાપના દિવસનો કાશ્મીરના પક્ષો દ્વારા વિરોધ

શ્રીનગર : પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) ના પ્રમુખ મહેબૂબા મુફ્તીએ ગુરુવારે કહ્યું કે કેન્દ્રશાસિત પ્રદેશ સ્થાપના દિવસ જમ્મુ અને કાશ્મીરના લોકો માટે ''કાળો દિવસ'' છે.લેફ્ટનન્ટ ગવર્નર વહીવટીતંત્રે ગુરુવારે જમ્મુ અને કાશ્મીરના પાંચમા સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. કાશ્મીરના મુખ્ય પ્રવાહના રાજકીય પક્ષોએ યુટી સ્થાપના દિવસની ઉજવણી કરવા માટે એલજી વહીવટીતંત્રની ટીકા કરી હતી અને કાર્યક્રમમાં ભાગ નહોતો લીધો. અહીંના કૉંગ્રેસના પ્રમુખ તારિક હમીદ કારાએ પણ સ્થાપના દિવસને ''કાળો દિવસ'' ગણાવ્યો હતો અને કહ્યું કે લોકો તેની ઉજવણી કરે તેવી અપેક્ષા રાખવી અતિ ગણાય. મુફ્તીએ પુલવામામાં પત્રકારોને કહ્યું કે ''જમ્મુ અને કાશ્મીર સાથે જે બન્યું છે તે પહેલાં ક્યાંય બન્યું નથી. હું એલજીને કહેવા માગુ છું કે અહીંના લોકો માટે અને ખાસ કરીને પીડીપી માટે, આજનો દિવસ કાળો દિવસ છે અને અમે તેને જમ્મુ અને કાશ્મીરનાં વિશેષ કાળા દિવસ તરીકે જોશું.''તેમણે જણાવ્યું હતું કે તેમની પાર્ટી ''જ્યાં સુધી કાશ્મીર મુદ્દાને ગૌરવ સાથે શાંતિ સ્થાપિત કરવા માટે ઉકેલવામાં ન આવે ત્યાં સુધી તેમનો સંઘર્ષ ચાલુ રાખશે.''

## મોઝામ્બિકમાં રાષ્ટ્રપતિ ચૂંટણી બાદનાં વિરોધ પ્રદર્શનોમાં ૧૦નાં મોત

માપુટોઃ મોઝામ્બિકમાં રાષ્ટ્રપતિ ચૂંટણી બાદ થયેલા વિરોધ પ્રદર્શનોમાં પોલીસ કાર્યવાહીમાં ગોળી વાગવાથી ૧૦ લોકોનાં મોત થયાં હતાં. તેમજ ડઝનેક ઘાયલ થયા હતા. આ માહિતી બે તબીબી જૂથોએ આપી હતી.

મોઝામ્બિકની મુક્તિ માટેના શાસક મોરચાના ડેનિયલ ચાપોને ૨૪ ઓક્ટોબરે ચૂંટણીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે ૧૯૭૫માં પોર્ટુગલથી સ્વતંત્ર થયા બાદથી ફ્રેલિમો પાર્ટીના ૪૯ વર્ષનો સમયગાળો લંબાયો છે. ચાપો રાષ્ટ્રપતિ ફિલિપ ન્યુસીનું સ્થાન લેશે. જેઓ બંધારણ અંતર્ગત બે ટર્મ સેવા આપ્યા બાદ રાજીનામું આપી રહ્યા છે.

ફ્રેલિમો પર નિયમિતપણે ચૂંટણીમાં હેરાફેરીનો આરોપ મૂકાતો રહ્યો છે અને મોઝામ્બિકના સુરક્ષા દળોની અગાઉ પણ ઘાતક બળ સાથે વિરોધ પ્રદર્શનોને દબાવવા બદલ ટીકા કરવામાં આવી છે.

વિરોધ પક્ષોએ ચૂંટણીના દિવસે છેતરપિંડીનો દાવો કર્યો હતો. ત્યારબાદ યુરોપિયન યુનિયનના નિરીક્ષકોએ એક રિપોર્ટમાં જણાવ્યું હતું કે મત ગણતરીમાં ગેરરીતિઓ હતી અને કેટલાક પરિણામોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

મોઝામ્બિકના મેડિકલ એસોસિએશન અને મોઝામ્બિક ઓર્ડર ઓફ ડોક્ટર્સે બુધવારે એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે ૧૮ ઓક્ટોબરથી ૨૬ ઓક્ટોબર સુધીમાં વિરોધ પ્રદર્શનમાં ૧૦ લોકોનાં ગોળી વાગવાથી મોત થયાં અને ૬૩ લોકો ગોળીબારમાં ઘાયલ થયા હતા.

સ્થાનિક મીડિયાએ ઓર્ડર ઓફ ડોક્ટર્સના પ્રમુખ ગિલ્બર્ટો મનહિસાને ટાંકીને જણાવ્યું કે મોટાભાગના ગોળીબારમાં ખાસ કરીને તે ઘટનાઓ જેમાં મોત નીપજ્યાં હતાં, જેમાં પોલીસનો ઇરાદો મારી નાખવા માટે ગોળી ચલાવવાનો હતો.

## સ્પેનમાં ભયાનક પૂરમાં ૧૪૦નાં મોત, મૃત્યુઆંક વધવાની આશંકા

બેરિઓ ડે લા ટોરેઃ સ્પેનમાં અચાનક આવેલા સદીના સૌથી ભયાનક પૂરમાં ઓછામાં ઓછા ૧૪૦ લોકોનાં મોત થયા છે. હજુ પણ શોધખોળ અભિયાન ચાલું હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. કારણ કે ઘણા લોકો હજુ પણ ગુમ છે.

સૌથી અસરગ્રસ્ત વેલેન્સિયા વિસ્તારમાં ક્ષતિગ્રસ્ત વાહનો, ઝાડની ડાળીઓ, ધરાશાયી થયેલી વીજળીની લાઇનો અને ઘરનો સામાન કાદવમાં દટાયેલો જોવા મળ્યો હતો. અહીં મંગળવારની મોડી રાત અને બુધવારે સવાર દરમિયાન ૧૪૦ લોકો મૃત્યુ પામ્યા હતા. પ્રચંડ વેગવાળા પાણીએ સાંકડી શેરીઓને મોતની જાળમાં ફેરવી દીધી હતી. નદીઓનું પાણી ઘરોના નીચેના માળમાં ઘૂસી ગયું હતું. પાણી કાર, લોકો અને તેના રસ્તામાં આવનાર તમામ વસ્તુને વહાવી ગયું હતું.

સ્પેનના ઇમરજન્સી બચાવ એકમોના એક હજારથી વધુ સૈનિકો મૃતદેહો અને બચી ગયેલા લોકોની શોધમાં પ્રાદેશિક અને સ્થાનિક ઇમરજન્સી કર્મચારીઓની સાથે જોડાયા હતા. રક્ષા પ્રધાને કહ્યું કે એકલા સૈનિકોએ બુધવાર રાત સુધીમાં ૨૨ મૃતદેહો બહાર કાઢ્યા અને ૧૧૦ લોકોને બચાવ્યા હતા.

હજારો લોકો પાણી અને વીજળી વગર હાલાકી ભોગવી રહ્યા હતા અને સેંકડો લોકો તેમની કારોને નુકસાન થતા અથવા રસ્તાઓ બ્લોક થતા ફસાયા હતા. આ પ્રદેશ આંશિક રીતે વિખૂટો પડી ગયો હતો. ઘણા રસ્તાઓ સાથે સંપર્ક કપાઇ ગયો હતો અનુ ટ્રેનબ લાઇનો ખોરવાઇ હતી.

## નવીન પટનાયકને હવે ઝેડને બદલે વાય શ્રેણીની સુરક્ષા

ભુવનેશ્વરઃ ઓડિશા સરકારે રાજ્યના પાંચ વખતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન નવીન પટનાયકની સુરક્ષાને ડાઉનગ્રેડ કરીને ઝેડને બદલે વાય શ્રેણીની સુરક્ષા આપવાનો નિર્ણય લીધો છે.

એક અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું કે મહત્ત્વની વ્યક્તિઓની સુરક્ષાના મુદ્દાઓ પર કામ કરતી ઉચ્ચ-સ્તરીય સમિતિએ બીજેડીના વડાની સુરક્ષામાં ઘટાડો કરવાની ભલામણ કર્યા પછી પટનાયકને સોંપવામાં આવેલા મોટાભાગના સુરક્ષા કર્મચારીઓને પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

પટનાયકની જવાબદારી હવે હવાલદાર રેન્કમાં માત્ર બે કોન્સ્ટેબલને સોંપવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોને બે પીએસઓ આપવામાં આવે છે, જ્યારે જરૂર પડે ત્યારે વધારાની સુરક્ષા પૂરી પાડવામાં આવે છે.

## આસામમાં ₹ ૧૦ કરોડની પ્રતિબંધિત યાબા ગોળીઓ જપ્ત

દિફુઃ આસામના કાર્બી આંગલોંગ જિલ્લામાં રૂ. ૧૦ કરોડની કિંમતની યાબાની ગોળીઓ જપ્ત કરવામાં આવી હતી. આ મામલે મણિપુરના બે લોકોની ધરપકડ પણ કરવામાં આવી હતી. આ જાણકારી પોલીસે આપી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આ જપ્તી અને ધરપકડ બુધવારે સાંજે દિલાઇ તિનિયાલી વિસ્તારમાં નિયમિત તપાસ દરમિયાન કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે અમારી એક ટીમે એક વાહનની તપાસ કરી હતી. આ દરમિયાન તેમાં એક ગુપ્ત ચેમ્બરમાં રાખવામાં આવેલી યાબા ગોળીઓના ૨૫ બંડલ મળી આવ્યા હતા. તેમણે જણાવ્યું કે બંડલમાં ૫૦,૦૦૦ ગોળીઓ હતી. જેની કિંમત આશરે ૧૦ કરોડ રૂપિયા છે.

## તાઈવાનમાં વાવાઝોડું કોંગ-રે ત્રાટકતા શાળાઓ અને કચેરીઓ બંધ

તાઇપેઇઃ તાઇવાનમાં ગુરુવારે શક્તિશાળી વાવાઝોડું કોંગ-રે ત્રાટક્યું હતું. જેના લીધે શાળાઓ અને કચેરીઓ બંધ કરવામાં આવી હતી. તોફાનને પગલે ટાપુના પૂર્વ કિનારે અને ઉત્તરીય વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો હતો અને પૂર આવ્યું હતું.

વાવાઝોડું કોંગ-રે ગુરુવારે સાંજે લેન્ડફોલ થવાની ધારણા હતી. તેની પવનની ઝડપ ૧૯૧ કિમી. પ્રતિ કલાકથી ૨૩૪ કિમી. પ્રતિ કલાકની હતી. યિલન અને હુઆલિયનના પૂર્વ કાઉન્ટિના કેટલાક ભાગો પાણીમાં ડૂબી ગયા હતા, પરંતુ મોટાભાગે ગ્રામીણ વિસ્તારોમાં ઘણા ખેડૂતોએ પવન અને વરસાદથી નુકસાનના ભયથી વાવણી કરી નાખી હતી.

તાઇવાનમાં કોંગ-રેથી અત્યાર સુધી કોઇ જાનહાનિ અથવા મોટી સંપત્તિના નુકસાનના અહેવાલો નથી. આ વાવાઝોડાને લીધે ઉત્તરી ફિલિપાઇન પ્રાંતોના ગ્રામીણોએ બુધવારે આશ્રયસ્થાનોમાં આશરો લેવો પડ્યો હતો. તાઇવાનની રાજધાની તાઇપેઇમાં ભારે પવન સાથે ભારે વરસાદ પડ્યો હતો. જ્યારે આ દરમિયાન ઘણી જાહેર સેવાઓ, શાળાઓ અને કચેરીઓ બંધ રહી હતી.

પહેલા પાનાનું ચાલુ

### દેશની એક તસુ જમીન

યોજના દ્વારા ભેદભાવ વગર દરેક ઘર સુધી પાણી પહોંચાડવાના પ્રયાસો થઈ રહ્યા છે.

આઝાદીના સાત દાયકા પછી એક દેશ, એક બંધારણનું સપનું પૂરું થયું. બાબા સાહેબ આંબેડકરનું બંધારણ ૭૦ વર્ષ સુધી સમગ્ર દેશમાં લાગુ થયું ન હતું. ઘણા લોકોએ બંધારણનું અપમાન કર્યું હતું. જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ દીવાલની જેમ ઊભી રહી, તેને વિકાસથી વંચિત રાખ્યું. તેને હંમેશ માટે જમીનમાં દાટી દેવામાં આવ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં પહેલીવાર મુખ્યમંત્રીએ ભારતના બંધારણ પર શપથ લીધા છે. આનાથી ભારતના બંધારણના ઘડવૈયાઓને સંતોષ થયો હશે. હું આને ભારતની એકતા માટે ખૂબ જ મોટો, ખૂબ જ મજબૂત સીમાચિહ્નરૂપ માનું છું. જમ્મુ-કાશ્મીરના લોકોએ અલગ થવાના એજન્ડાને ફગાવી દીધો છે.

મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, આપણે અર્બન નક્સલવાદીઓની સાંઠગાંઠને ઓળખવી પડશે. આદિવાસીઓને ગેરમાર્ગે દોરનાર નક્સલવાદ નબળો પડયો ત્યારે અર્બન નક્સલવાદ વધ્યો. આપણે ચહેરાના માસ્ક પહેરેલા લોકોને ઓળખવા પડશે. છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતે ઘણા મુદ્દાઓ ઉકેલ્યા છે જે રાષ્ટ્ર માટે જોખમી હતા. આજે આતંકવાદીઓને ખબર છે કે જો તેઓ ભારતને નુકસાન પહોંચાડશે તો ભારત છોડશે નહીં. નોર્થ ઇસ્ટમાં વિશ્વાસ સાથે કરાર કર્યા અને વર્ષોના સંઘર્ષનો અંત આવ્યો. નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા સાથે લાંબા સમયથી ચાલી રહેલી અશાંતિનો અંત આવ્યો છે. આજે ભારતમાં નક્સલવાદ પણ અંતિમ શ્વાસ લઈ રહ્યો છે. ૨૧મી સદીનો ઈતિહાસ લખાશે ત્યારે એ લખવામાં આવશે કે કેવી રીતે ભારતે બીજા અને ત્રીજા દાયકામાં નક્સલવાદને જડમૂળથી ઉખાડી નાખ્યો.

### ગુજરાતના છ

આઈપીએસ છે અને સંબંધમાં ડૉ. લવિના નિર્લિપ્ત રાયના સાળી થાય.

નિર્લિપ્ત રાય મૂળ ઉત્તર પ્રદેશના છે, હાલ તેઓ ગુજરાત રાજ્યના મોનિટરિંગ સેલમાં સુપરિટેન્ડેન્ટ ઑફ પોલીસ એસપી છે. નિર્લિપ્ત રાયે ગુજરાતના ઘણા જિલ્લાઓમાં એસપીની જવાબદારી નિભાવી છે, જેમાં અમરેલી, સુરત અને અમદાવાદનો સમાવેશ થાય છે. રાય છેલ્લા કેટલાક સમયથી આઈબીમાં છે.આ મેડલ પર સરદાર પટેલની તસવીર હશે જેના ઉપરના ભાગમાં 'રાષ્ટ્ર પ્રહરી' અને નીચે 'જય ભારત' લખેલું હશે. આ એવૉર્ડ વર્ષમાં માત્ર એક જ વાર આપવામાં આવે છે.

### ઉ. પ્ર.ના બદાયુમાં

ટ્રેક્ટર ચાલકની શોખધોળ કરવામાં આવી રહી છે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલોની યોગ્ય સારવાર કરવાનો આદેશ આપ્યો હતો.

### ભારત અને ચીનની

તહેવાર નિમિત્તે ચુશુલ મોલ્દો સીમા ખાતે મીઠાઈની વહેંચણી કરી હતી. ચીની પીએલએએ મીઠાઈ એક્સચેન્જ કરતા ચીની માસ્કના મોમેન્ટો અને મીઠાઈનું આદાનપ્રદાન કર્યું હતું. દિવાળીના અવસરે એલએસી ખાતે પણ એકબીજાને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ટૂંક સમયમાં બંને સરહદના પોઈન્ટ ખાતે પેટ્રોલિંગ શરૂ કરવામાં આવશે, જેમાં ગ્રાઉન્ડ કમાન્ડર વચ્ચે પેટ્રોલિંગ કરવામાં આવશે.

હાલના તબક્કે સ્થાનિક કમાન્ડર સ્તરે વાતચીત કરવામાં આવી રહી છે.

આ અગાઉ વિદેશ સચિવે પાટનગરમાં કહ્યું હતું કે છેલ્લા ઘણા સપ્તાહથી ચાલી રહેલી વાતચીત પછી ભારત અને ચીન વચ્ચે એક સમજૂતીને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, જે ૨૦૨૦માં સર્જાયેલા સીમા વિવાદના વિવિધ મુદ્દાઓ ઉકેલાશે.

### એલએસી ખાતે

બીજી ઘણી દ્વિપક્ષી સમસ્યા ઉકેલવી જરૂરી છે, પરંતુ તેના માટે થોડી વધુ રાહ જોવી પડશે.

રાજનાથ સિંહ ખરાબ હવામાનને લીધે અરુણાચલના તવાંગ જઇ નહોતા શક્યા, પરંતુ તેમણે તવાંગમાંની સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાનું અનાવરણ અને આસામના સોનીતપુર જિલ્લામાંના સંગ્રહાલયનું ઉદ્ઘાટન વર્ચ્યુઅલી (ઓનલાઇન) કર્યું હતું.

રાજનાથ સિંહે સંગ્રહાલય તૈયાર કરવામાં લશ્કર અને સ્થાનિક વહીવટીતંત્રે ભજવેલી ભૂમિકાની પ્રશંસા કરી હતી. (એજન્સી)

### અમેરિકાના પ્રમુખપદની

કટ્ટર હરીફને ૪૮ ટકા મત મળવાની શક્યતા વ્યક્ત કરાઇ હતી, વિસ્કોન્સીનમાં ટ્રમ્પ કરતાં હેરિસ છ પોઇન્ટ અને મિશિગનમાં પાંચ પોઇન્ટ આગળ છે.

અમેરિકાના પ્રમુખપદની આ ચૂંટણી જીતવા ૨૭૦ 'ઇલેક્ટરલ વૉટ્સ' જરૂરી છે.'રિયલ ક્લીઅર પોલિટિક્સ'ના મત મુજબ રાષ્ટ્રીય સ્તરે ટ્રમ્પને કમલા કરતાં ૦.૪ ટકા વધુ મત મળવાની આગાહી કરાઇ હતી. (એજન્સી)

# ગુજરાત પોલીસે તાલિમ આપી તૈયાર કરેલો ડોગ બુટલેગરોએ સંતાડેલો દારૂ શોધી કાઢશે

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો દ્વારા થતી દારૂની હેરાફેરીને રોકવા માટે પોલીસે ખાસ તાલીમ આપીને બુટલેગરો દ્વારા સંતાડવામાં આવેલા આલ્કોહોલને પકડવા માટે આલ્કોહોલ ડિટેક્શન માટે એક ડોગને તૈયાર કર્યો છે.આ આલ્કોહોલ ડિટેક્શન ડોગ આદ્રેવની મદદથી ગુજરાતનો સૌ પ્રથમ પ્રોહિબિશન કેસ તાજેતરમાં રાજકોટમાં નોંધાયો હતો. ૯ માસની તાલીમ પૂર્ણ કરીને પાસ થયેલા આદ્રેવે રાજકોટની ઢેબર કોલોની ખાતે એક મકાનમાંથી દારૂ બનાવવા વપરતો ઠંડો આથો શોધી કાઢ્યો હતો. આ ડોગ બુટલેગરો દ્વારા ઘર, ગાડી કે જમીનમાં ક્યાંય પણ સંતાડી રાખવામાં આવેલા આલ્કોહોલને શોધી કાઢશે. ગુજરાત પોલીસની ખાસ તાલીમ પાસ કરીને આવેલો આદ્રેવ ડોગ આલ્કોહોલ કે તેને સંલગ્ન કોઇ સામગ્રીની સુગંધ પરખતા જ પગના પંજા મારીને કે બાર્કીંગથી ડોગ હેન્ડલરને આલ્કોહોલ અંગે સંકેત આપી દેશે. આ આલ્કોહોલ ડિટેક્શન ડોગ 'આદ્રેવ'ની મદદથી ગુજરાતનો સૌ પ્રથમ પ્રોહિબિશન કેસ તાજેતરમાં રાજકોટમાં નોંધાયો હતો . રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આલ્કોહોલ ડિટેક્શન માટે ગુજરાત પોલીસ હસ્તકની નરોડા સ્થિત ડોગ ટ્રેનિંગ સ્કુલ ખાતે પોલીસના સિનિયર ડોગ ટ્રેનિંગ કન્સલ્ટન્ટ કર્નલ ચંદનસિંહ રાઠોડ દ્વારા આદ્રેવને ખાસ તાલીમ આપવામાં આવી હતી.

રાજકોટ ભક્તિનગર પોલીસે આદ્રેવને ઢેબર કોલોની મફતીયાપરા ખાતે લઇ જવામાં આવ્યો હતો. જ્યા એક મહિલાના ઘરમાંથી ઠંડો આથો શોધી આદ્રેવે તેના ડોગ હેન્ડલરને ઘરમાં સંતાડવામાં આવેલા સંદિગ્ધ મુદ્દામાલ અંગે સંકેત આપ્યો હતો. જેને આધારે આ મકાનમાંથી મુદ્દામાલ પકડી પાડી મહિલા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. 'આદ્રેવ' ડોગ એ પ્રથમ આલ્કોહોલ ડિટેક્શન ડોગ છે, જે બુટલેગરો દ્વારા ઘર, ગાડી કે જમીન સહિત કોઇપણ સ્થળે યુક્તિપૂર્વક ક્યાંય પણ સંતાડી રાખવામાં આવેલા આલ્કોહોલને શોધી લેશે.

# વડા પ્રધાન મોદીએ કચ્છની સીમા પર તહેનાત જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન મોદીએ ૨૦૦૨માં કચ્છના ભચાઉના ચોબારી ખાતે ભૂકંપગ્રસ્તો સાથે દિવાળીની ઉજવણી કરી અસરગ્રસ્તોને હૂંફ આપી હતી. ત્યાર બાદ ચાલુ વર્ષે દિવાળીની ઉજવણી કચ્છની સીમા પર રહેલા બીએસએફના જવાનો સાથે કરી હતી. તેમણે જવાનોને મીઠાઈ ખવડાવીને દિવાળીના પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. અગાઉ તેઓ મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેમણે ગુજરાતના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

વડા પ્રધાને છેલ્લાં ૧૦ વર્ષ દરમિયાન જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી, પરંતુ વડા પ્રધાન બન્યા બાદ તેઓ પ્રથમ વખત કચ્છમાં સૈનિકો સાથે ઉજવણી કરવા માટે પહોંચ્યા હતાં. તેમણે આર્મી, નેવી અને એરફોર્સના જવાનો સાથે કચ્છના સિરક્રિક વિસ્તારમાં લક્કી નાળા ખાતે દિવાળીની ઉજવણી કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર દેશવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. તેમણે લખ્યું હતું કે, 'તમામ દેશવાસીઓને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. પ્રકાશના આ પવિત્ર તહેવાર પર હું દરેકને સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ જીવનની શુભેચ્છા પાઠવું છું. માતા લક્ષ્મી અને ભગવાન શ્રીગણેશના આશીર્વાદ મળે.'

# ગીર સોમનાથ જિલ્લાના ગામોમાં સિંહોના ડેરાતંબૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશનું એક માત્ર સિંહ અભયારણ્ય ગીરમાં છેલ્લાં ઘણાં વર્ષો સિંહોની વસતી વધતી રહી છે. તેથી હવે સિંહ પરિવારો જંગલની આસપાસ આવેલા ગામોનાં સિમાડાઓ સુધી પહોંચી રહ્યાં છે.

ગીરના સિંહોને હવે જંગલ નાનું પડતું હોય અથવા તો સિંહની સંખ્યા જંગલને અનુરૂપ ખૂબ વધી ગઈ હોય તે પ્રકારના દશ્યો ગીરમાં સામે આવી રહ્યા છે. પાછલાં કેટલાંક વર્ષોથી ગીર જંગલ અને અભ્યારણ વિસ્તાર બહાર જંગલના રાજા સિંહની ડણકો સંભળાતી જોવા મળી રહે છે. ચોટીલા ડુંગર પર પણ સિંહની ડણક સંભળાઈ હતી. આવી સ્થિતિમાં હવે સિંહો ધીરે ધીરે વિસ્થાપન તરફ આગળ વધી રહ્યા હોય તેવા દશ્યો સામે આવી રહ્યા છે. ગીરના સિંહનો વિસ્તાર વિસ્તરી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. એશિયામાં એક માત્ર સિંહો ગીર જંગલ અને અભ્યારણ વિસ્તારમાં મુક્ત પણ જોવા મળે છે. પાછલાં કેટલાક વર્ષોની સરખામણીએ જોવા જઈએ તો ગીરના સિંહને જંગલ અને અભયારણ્ય નાનું પડતું હોય અથવા તો જંગલ અને અભ્યારણની સરખામણીએ સિહોની સંખ્યા ખૂબ વધી ગઈ હોય તે પ્રકારના દશ્યો સામે આવી રહ્યા છે જંગલ બહાર સિંહોની સતત હાજરી દૈનિક ધોરણે નોંધાઈ રહી છે. જેને ચિંતાના વિષય તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. એક સમયે સિંહને જોવા માટે જંગલમાં ખૂબ મહેનત કરવી પડતી હતી પરંતુ આજે જંગલનો રાજા સિંહ જંગલ અને અભયારણ્ય વિસ્તાર છોડીને રેવન્યુ વિસ્તારમાં જાણે કે સામેથી દર્શન આપવા આવતો હોય તે પ્રકારના દશ્યો જોવા મળે છે. પાછલાં એક દસકા દરમિયાન સિંહોએ તેમનો વિસ્તાર સ્થળાંતર કરીને વધાર્યો હોય તે પ્રકારનું પણ સામે આવી રહ્યું છે આજથી ૩ વર્ષ પૂર્વે ચોટીલાના ડુંગર પર દલખાણીયાના એક સિંહે ડણકો આપી હતી. સિંહોનો વિસ્તાર ભાવનગરના દરિયા કાંઠાથી લઈને અમરેલીના કાંકરચ અને શેત્રુંજી નદીના કાંઠા વિસ્તાર પર પણ સતત જોવા મળે છે. ગીર પંથકમાં લોકો અને ખેડૂતોને સિંહોનો ભય સતાવી રહ્યો છે.ગીર પંથકના કોડીનાર ઉના અને ગીર ગઢડા તાલુકામાં સિહો જંગલ કે અભ્યારણ વિસ્તાર છોડીને ગામડાઓમાં સામાન્ય રીતે જોવા મળે છે. કોડીનાર ઉના ગીરગઢડા સહિત ગીર જંગલ કાઠાના ગામોના લોકો દિવસ ઢળ્યા બાદ ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે એક સમયે આ વિસ્તારમાં સિંહનું નિવાસસ્થાન જોવા મળતું ન હતું, પરંતુ આજે સિંહોએ ખેતરોને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું છે.

# વાવ ભાજપના પાણીથી ભરાશેઃ વિધાનસભાની પેટાચૂંટણીમાં કૉંગ્રેસને જ્ઞાતિના સમીકરણો નડશે

અમદાવાદઃ ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકોમાંથી બનાસકાંઠાની બેઠક પરથી કૉંગ્રેસના એક માત્ર ઉમેદવાર ગેનીબેન ઠાકોર જીત્યા બાદ તેમણે વાવના ધારાસભ્ય પદેથી ખાલી પડેલી બેઠકની આગામી ૧૨મી નવેમ્બરે યોજાનારી ચૂંટણીમાં હવે ભાજપ- કૉંગ્રેસના બે ઉમેદવારો તેમજ ભાજપના એક બળવાખોર ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગની તલવારો તણાઇ ચૂકી છે.

વાવ વિધાનસભા બેઠક પર જ્ઞાતિના સમિકરણોમાં કૉંગ્રેસ ફીટ બેસતી નથી. ગેનીબેન ઠાકોરની ભલામણથી કૉંગ્રેસે ગુલાબસિંહ રાજપૂતને મેદાનમાં ઉતારતા ખાસ કરીને આ બેઠક પર સૌથી વધુ ૮૩ હજાર મતદારો ધરાવતા ચૌધરી સમાજ અને બીજી નંબરે એટલે કે ૫૦ હજાર જેટલા મતદારોની તાકાત ધરાવતા ઠાકોર સમાજ ખફા દેખાઇ રહ્યો છે કારણ કે, ગુલાબસિંહ રાજપૂત પાછળ જ્ઞાતિના ધારણો જોઇએ તો ૨૦ હજાર જેટલા રાજપૂત સમાજનું પીઠ બળ માનવામાં આવી રહ્યું છે.

લોકસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં બનાસકાંઠા લોકસભા બેઠક પરથી ચૂંટણી લડીને જીતેલા ગેનીબેન ઠાકોરને તેમના જ મતવિસ્તાર વાવ વિધાનસભા બેઠક પરથી ત્રણેક હજાર મતો ઓછા મળ્યાં હતા એટલે કે જે બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયાં હતા ત્યાં જ તેઓ લોકસભા બેઠકમાં જીતવા છતાં વાવમાં માઇનસ રહ્યાં હતા. જોકે ભાજપના વર્તમાન ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરે વાવમાં ભાજપને પ્લસ કર્યો હોવાથી ભાજપે પહેલી જ નજરે સ્વરૂપજીની પસંદગી કરીને મેદાનમાં ઉતાર્યા છે. ચૌધરી સમાજના માજી ધારાસભ્ય માવજી પટેલને ટિકિટ આપવાને બદલે ૨૬ ટકા જેટલા મતદારોની પીઠબળ ધરાવતા ઠાકોર સમાજના સ્વરૂપજીને પસંદ કરતા હવે માવજી પટેલ પણ ભાજપ સામે બળવો કરીને અપક્ષ ઉમેદવાર તરીકે જ્ઞાતિના જોરે મેદાનમાં ઉતર્યા છે. પરંતુ માવજી પટેલની બળવાખોરી ભાજપને નડે એવી કોઇ શક્યતા હાલપૂરતી દેખાતી નથી. કૉંગ્રેસના હાથને ઠાકોર સમાજનો સાથ મળી શકે તેની શક્યતા ઘણી ઓછી છે કારણ કે આખી બેઠકની ચૂંટણી જ્ઞાતિના સમીકરણોને આધારે લડાઇ રહી છે. આ ઉપરાંત ઇતર જ્ઞાતિના ૫૦ હજાર મતદારોમાંથી મોટા ભાગના પરંપરાગત મતદારો રહ્યાં છે. બીજી તરફ દલિત સમાજના ૪૨ હજાર મતદારોની કૉંગ્રેસને આશા રહી છે. પરંતુ વાવમાં ચાર જેટલા દલિત સમાજના અગ્રણીઓ અપક્ષ તરીકે ચૂંટણી લડી રહ્યાં છે. વાવ વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી માટે આગામી ૧૩મી નવેમ્બરે મતદાન યોજાનાર છે. ૧૮મી ઑક્ટોબરથી તા. ૨૫મી ઑક્ટોબર દરમિયાન કુલ ૨૧ ઉમેદવારીપત્રો ભરાયા હતા. જેની તા. ૨૮મી ઑક્ટોબરના રોજ ચકાસણી અને તા.૩૦મી ઑક્ટોબર સુધીમાં ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ હવે કુલ ૧૦ ઉમેદવારો વાવ વિધાનસભા બેઠક માટે ચૂંટણી લડી રહ્યાં છે. વાવ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૩૨૧ પોલીંગ સ્ટેશન આવેલા છે. જેમાં તા.૧૫ ઑક્ટોબર, ૨૦૨૪ સુધીમાં ૧,૬૧,૨૯૩ પુરુષ, ૧,૪૯,૩૮૭ સ્ત્રી અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૬૮૧ મતદારોનો સમાવેશ થાય છે.

# વડોદરામાં ત્રીસ સ્થળ પર પાણીમાં ન્હાવા કે ભીડ એકત્ર થવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં છેલ્લા ત્રણેક વર્ષમાં બનેલી દુર્ઘટનાઓના આધારે પોલીસ કમિશ્નરે ૩૦ સ્થળને જોખમી જાહેર કર્યા હતાં. શહેર પોલીસ કમિશ્નરે એક જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ ત્રીસ સ્થળો પર પાણીમાં નહાવા કે ભીડ એકત્ર થવા પર પ્રતિબંધો જાહેર કર્યા હતાં. તે ઉપરાંત આ જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવાના આદેશ પણ આપ્યા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વડોદરા પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમરે શહેરના ત્રીસ સ્થળને જોખમી જાહેર કરીને એક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.જેમાં આ ત્રીસ સ્થળો પર પાણીમાં નહાવા કે ભીડ ભેગી થવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

પોલીસ કમિશનરનું આ જાહેરનામું ૨૭ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાના આદેશ પણ આપવામાં આવ્યા હતાં.

પોલીસ કમિશ્નરે જોખમી જાહેર કરેલા ત્રીસ સ્થળમાં હરણી લેક ઝોન (મોટનાથ તળાવ), હરણી લેક ઝોન તળાવ, હરણી ગામ તળાવ હનુમાન મંદિર સામે, ખોડિયાર નગર તળાવ, દરજીપુરા ગામ તળાવ, કોટાલી – સમા નર્મદા કેનાલ, અટલાદરા વિસ્તારમાં અટલાદરા ગામ, વારસિયા ધોબી તળાવ, રાવપુરા સુરસાગર, ફતેગંજ છાણી કેનાલ, સમા તળાવ, ગોત્રી તળાવ, વાસણા તળાવ, સરસીયા તળાવ, છાણી વિસ્તારમાં છાણી તળાવ, આધા તલાવડી, દશરથ તળાવ, મલાઈ તળાવ, પદમલા તળાવ, નાથા તળાવ અને મીની નદીનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત શહેરના લક્ષ્મીપુરા વિસ્તારમાં સ્મશાન પાસેનું તળાવ, અંકોડિયા કેનાલ, ગોત્રી-સેવાસી કેનાલ, જેપી રોડ વિસ્તારમાં મુજમહૂડા વિશ્વામિત્રી નદી, તાંદલજા ગામ તળાવ અને વડોદરા ગ્રામ્ય વિસ્તારના મહીસાગર નદી અને ફાજલપુર મહીસાગર માતાના મંદિરને જોખમી સ્થળ/વિસ્તાર જાહેર કરી પાણીમાં નહાવા કે ભીડ થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# જિજ્ઞેશ મેવાણીની વિવાદાસ્પદ વીડિયો મુદ્દે મહિસાગરના કલેક્ટર સામે એક્શન લેવા માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસના વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ પત્રકાર પરિષદ યોજીને મહિસાગર જિલ્લાના કલેક્ટર સામે આક્ષેપો કર્યા હતાં. તેમણે લુણાવાડા ખાતે કલેક્ટર વિરુદ્ધ બેનરો સાથે રેલી યોજી હતી અને જિલ્લા પોલીસ વડાને રજૂઆત કરી હતી. આ મુદ્દે કલેક્ટર સામે પગલાં લઈ ફરિયાદ નોંધવામાં આવે તેવી માગ કરવામાં આવી હતી. બીજી બાજુ કલેક્ટરે પણ પોતાની સામે થયેલા આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મહિસાગરના લુણાવાડામાં સ્વાગત કાર્યક્રમ દરમિયાન કોઈ અભદ્ર ટિપ્પણી થઈ હોવાનો કથિત વીડિયો વાયરલ થયો હતો. આ કથિત વીડિયો અંગે હજી સુધી કોઈ ફરિયાદ નોંધાઈ નથી. આ વીડિયો મામલે જિજ્ઞેશ મેવાણીએ મહિસાગર જિલ્લા કલેક્ટર સામે આક્ષેપો કર્યા હતાં. મહીસાગર કલેક્ટર નેહા કુમારી દુબે દ્વારા આદિવાસી અને દલિતો ૯૦ ટકા એટ્રોસિટીના કેસ બ્લેકમેઇલિંગ માટે કરે છે. આવું કહીને અન્ય સમાજના લોકોના મનમાં આદિવાસી અને દલિત સમાજના લોકો ખોટા કેસો કરે છે એવો ખોટો ભાવ પેદા કરવાનો પ્રયાસ કર્યો છે, જેથી સરકાર દ્વારા તેમની સામે પગલાં લેવામાં આવે તેવી અમારી માગ છે.

બીજી તરફ મહીસાગર કલેક્ટર નેહા કુમારીએ પત્રકારોને જણાવ્યું હતું કે કૉંગ્રેસના ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલા આક્ષેપો પાયાવિહોણા છે.

તેમણે ખોટા મુદ્દાઓ ઊભા કર્યાં છે. પોલિટીકલ માઈલેજ મેળવવા માટે અધિકારીઓ પર દબાણ લાવવા માટે આધાર વિનાના પ્રશ્નોને રજૂ કરી રહ્યાં છે. ૨૩ ઓક્ટોબરે વિજયભાઈ નામના અરજદાર પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે દબાણ કરતા હતાં. ફરિયાદ દાખલ કરવાની સત્તા અમારી પાસે નથી તે છતાં પણ તેઓ વારંવાર દબાણ કરતા હતા.

# વિશ્વ ધરોહર ધોળાવીરા હવે પીએમઓના સીધા 'વોચ'માંઃ ભુજની કચેરીને ધોળાવીરા ખસેડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવાયેલા ૫ હજાર વર્ષથી જૂના પુરાતન સ્થળ ધોળાવીરાની ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા જરૂરી દરકાર લેવામાં આવતી ન હોવાનું ધ્યાનમાં આવ્યા બાદ દિલ્હી સ્થિત પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા આ ગંભીર મામલાની નોંધ લઇ, પીએમઓએ ગત ૧૦મી ઓક્ટોબરના રોજ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠક બાદ ભુજના છતરડીવાળા તળાવ પાસે લગભગ તાળું લગાવેલી સ્થિતિમાં જોવા મળતી પુરાતત્વ સબ સર્કલ કચેરીને એક અધિકારી સાથે ધોળાવીરા ખસેડવા અને રાજકોટ સ્થિત અધિક્ષક અને પુરાતત્વવિદને વધુ સમય આપવાની સાથે હડ્ડપન નગરીના વધુ વિકાસ માટેનો એક્શન પ્લાન આગામી પખવાડિયામાં રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે.

હાલમાં આ પ્રાચીન શહેરની જાળવણીની નબળી સ્થિતિ અને પ્રવાસી સુવિધાઓના અભાવનો મામલો પીએમઓના ધ્યાનમાં આવ્યા બાદ અહીં સાઇટ પ્રવૃત્તિઓને વેગ આપવા અને સંરક્ષણ માટે વિગતવાર કાર્ય યોજના બનાવવા અને ફરીથી ખોદકામ શરૂ કરવા માટે એએસઆઇના ડીજી સાથે પીએમઓના ડીએસએ બેઠક યોજી હતી. જેમાં હાજર મહાનિર્દેશકને જાણ કરવામાં આવી હતી કે, ધોળાવીરામાં સ્થળ સંરક્ષણની સારી સ્થિતિ નથી તેમ જ યોગ્ય વ્યવસ્થાપન, જાળવણી અને પ્રવાસી સુવિધાઓનો પણ સદંતર અભાવ છે.

અહીં સંશોધનની મોટી સંભાવના હોવા છતાં ધોળાવીરા ખાતે વર્ષોથી ખોદકાર્ય પણ બંધ કરી દેવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જણાવવામાં આવેલા ગંભીર મામલાઓને પગલે એએસઆઇ દ્વારા હવે રહી રહીને પણ મહત્ત્વના પગલા લેવામાં આવ્યા છે.

વધતા જતા પ્રવાસીઓને ધ્યાનમાં રાખીને, સ્થળ પર ખોદકામ અને જાળવણીની ગતિવિધિઓને ઝડપી બનાવવાની જરૂર પડી શકે છે.

ધોળાવીરામાં અત્યાધુનિક મ્યુઝિયમ એટ સાઇટના સંભવિત નિર્માણ કાર્ય માટે એએસઆઇ રાજકોટ સર્કલના અધિક્ષક પુરાતત્ત્વવિદને ભુજ સ્થિત સર્કલ ઑફિસને કન્ઝર્વેશન આર્કિટેક્ટ હેઠળ ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઇટ પરિસરમાં ખસેડવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો અને આ ઉપરાંત રાજકોટ ઑફિસને આ વર્લ્ડ હેરિટેજ સાઈટની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે વધુ સમય ફાળવે તેવી સૂચના આપવામાં આવી હતી.

દરમ્યાન, કચ્છના ધોળાવીરાને વિશ્વ વિરાસત સ્થળ બનવાની સાથે હવે સ્વદેશ દર્શન ૨.૦ યોજનામાં સામેલ કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે અહીં કરોડોના વિકાસ કામો થવા જઇ રહ્યા છે. સ્થળના વિકાસ અને હવે ઉત્ખનન માટે ખુદ પીએમઓએ બેઠક બોલાવી છે. જેના પગલે ધોળાવીરા પર પ્રધાનમંત્રી કાર્યાલય વોચ રાખી રહ્યું હોવાનું બહાર આવ્યું છે, જેના પગલે હવે અહીં આગામી સમયમાં થનાર વિવિધ કામો ઝડપથી અને યોગ્ય થશે તેવી આશા વધુ પ્રબળ બની છે.

# દ્વારકામાં ભક્તોનું ઘોડાપૂરઃ દ્વારકાધીશના દર્શન માટે ભીડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃદ્વારકામાં દીપાવલી અને નવા વર્ષના પ્રારંભે યાત્રિકોનો જમાવડો દ્વારકા આવી પહોંચ્યો છે. ભગવાન દ્વારકાધીશના દર્શન સાથે નવા વર્ષનો પ્રારંભ કરવા યાત્રિકો દ્વારકા પહોંચી રહ્યા છે. ભગવાન દ્વારકાધીશના દર્શન સાથે નવા વર્ષની શરૂઆત કરવા ખાસ ભક્તો ભારત ભરમાંથી અહીં દર્શનાર્થે આવતા હોય છે. અહીં દીપાવલી પર્વ પર ભક્તો મંગલાં આરતી તેમજ ભગવાન ના વિવિધ દર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવતા હોય છે.

આ વર્ષે દ્વારકામાં રોનક જોવા મળી રહી છે. દીપાવલી પર્વ પર યાત્રિકોની અવરજવર વધતા હોટેલ ઉદ્યોગને ખૂબ મોટો ફાયદો થયો છે. હોટેલોમાં અત્યારથી ઓનલાઈન, ટ્રાવેલ એજન્ટ મારફતે તેમજ ફોન દ્વારા અગાઉથી હોટેલોમાં રૂમો બુક કરાવી રહ્યા છે. દીપાવલી પર્વ દ્વારકાના રેસ્ટોરન્ટ, સહિતના નાના મોટા વેપારીઓ તેમજ ટ્રાવેલ્સના ધંધામાં તેજી લાવી છે.

દ્વારકાના સુંદર દરિયા કિનારે ગોમતીઘાટ તેમજ શિવરાજપુરબીચ સહિતના વિસ્તારોમાં માનવ મેદની ઉમટી રહી છે.

ગોમનીઘાટમાં દીપાવલી પર્વ વિશેષ સ્નાન સાથે દર્શનનો અનેરો મહિમા હોઈ નવા વર્ષની શરૂઆત લોકો ખાસ દીપાવલી પર્વ અને નૂતન વર્ષના પ્રારંભે અહીં યાત્રિકો આવી રહ્યા છે.

# હિન્દુ ધર્મ વિશે અભદ્ર ટિપ્પણીના કેસમાં હાઈ કોર્ટે ત્રણ આરોપીના જામીન ફગાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત સપ્ટેમ્બરમાં ખેડા જિલ્લાના કઠલાલમાં એક વ્યક્તિએ સોશિયલ મીડિયા ઉપર હિન્દુ ધર્મની લાગણી દુભાવતી પોસ્ટ મૂકી હતી. જે અંગે ફરિયાદ કરવા જતાં ફરિયાદીને સમાધાન કરી લેવા દબાણ કરવામાં આવ્યું હતું. પરંતુ ફરિયાદ નોંધાવ્યા બાદ ફરિયાદી પર ૧૦૦થી વધુ લોકોના ટોળાએ હૂમલો કર્યો હતો. આ ટોળાં સામે પણ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ કેસની હાઈ કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં કોર્ટે એક વકીલ સહિત મહુધા નગર પાલિકાના બે સભ્યોની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. ખેડા જિલ્લાના મહુધા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવનારા ફરિયાદીએ કહ્યું હતું કે, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કઠલાલના એક વ્યક્તિએ કોમી વૈમનસ્ય ફેલાવવા સોશિયલ મીડિયા ઉપર હિન્દુ ધર્મની લાગણી દુભાવતી પોસ્ટ અપલોડ કરી હતી. આ મુદ્દે તેઓ મહુધા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવા માટે ગયા હતાં અને પરત ફરતી વખતે તેમની પર ૧૦૦ જેટલા લોકોના ટોળાએ રોકીને હુમલો કર્યો હતો. પોલીસે ત્યાં પહોંચીને ફરિયાદીને બચાવી ત્યાંથી સુરક્ષિત રીતે રવાના કર્યા હતાં. હુમલો કરનારા આરોપીઓ પર પણ ફરિયાદીએ પોલીસ ફરિયાદ કરી હતી. હાઈ કોર્ટમાં અરજદાર વકીલે રજૂઆત કરી હતી કે, તેઓ શાંતિ સમિતિના સભ્ય છે. ઊંધેલામાં ઘટેલી કોમી ઘટનામાં તેઓ વકીલ હોવાથી તેમને આ કેસમાં સંડોવી દેવામાં આવ્યા છે. બીજી તરફ સરકારી વકીલે કોર્ટમાં દલીલ કરી હતી કે, અરજદાર વકીલ સામે અગાઉ ચાર ગુના નોંધાયેલા છે. કોર્ટે નોંધ્યું હતું કે, ફરિયાદી પર પોલીસની હાજરીમાં હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાથી આસપાસના ગામોમાં પણ ભય ફેલાયો છે. કઠલાલમાં લઘુમતી અને બહુમતી ટોળાએ ભેગા થઈને જાહેર અને ખાનગી સંપત્તિને નુકસાન કર્યું હતું. સમાજ ઉપર આની નકારાત્મક અસરો પડે છે. જેથી અરજદારને આગોતરા જામીન આપી શકાય નહીં.

# અમદાવાદમાં ૨૦૧૦ બાદ ૨૦૨૪ના ઑક્ટોબર મહિનામાં સૌથી વધુ ગરમી નોંધાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૨૦૨૪ના ઑક્ટોબરમાં ગુજરાતમાં સામાન્ય કરતાં વધુ વરસાદ અને સામાન્ય કરતાં વધુ ગરમી રહેવાની શક્યતાઓ છે એવી ભારતીય હવામાન વિભાગ દ્વારા ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં જ આગાહી કરવામાં આવી હતી. ઑક્ટોબરના પ્રથમ પખવાડિયામાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ થયો હતો. ત્યાર બાદના સમયગાળામાં બફારો અને ગરમીથી લોકો ત્રસ્ત થયાં હતાં. અમદાવાદ શહેરમાં ઑક્ટોબર માસમાં ગરમીએ ૧૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. કારણ કે ૨૦૧૦ બાદ ઓક્ટોબર મહિનાનું લઘુતમ તાપમાન ચાલુ વર્ષે સૌથી વધુ નોંધાયું છે. અમદાવાદ શહેરમાં આ વર્ષે ઑક્ટોબર મહિનામાં પણ ઉનાળા જેવી ગરમીનો અનુભવ થયો હતો. શહેરનું મહત્તમ તાપમાન ૩૬થી ૩૮ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યું હતું. આ મહિનાના પાછલા પખવાડિયામાં અમદાવાદ શહેરનું સામાન્ય લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસની આસપાસ હોય છે, પરંતુ આ વર્ષે લઘુતમ તાપમાન ૨૪ ડિગ્રી પાર કરી ગયું હતું. અમદાવાદમાં ઑક્ટોબર મહિનાથી ઠંડકનો અહેસાસ થતો હોય છે. પરંતુ આ વખતે દિવાળીના દિવસ સુધી વહેલી સવારથી જ ગરમીનો અનુભવ થયો હતો.

# અમદાવાદ શહેરમાં પીરાણામાંથી કચરાના ડુંગર ટૂંક સમયમાં નાબૂદ થઈ જશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ શહેરમાંથી એકત્રિત કરવામાં આવતો લાખો ટન કચરો પીરાણા ખાતે ઠાલવવામાં આવે છે. જેના કારણે પીરાણામાં કચરાના ડુંગર ઉભા થઈ ગયાં હતાં. જેના કારણે વાયુ પ્રદૂષણ સહિતની સમસ્યાઓ વકરી રહી હતી. પીરાણાની આસપાસ રહેતા લોકોને દુર્ગંધનો સામનો કરવો પડતો હતો. પરંતુ હવે ટૂંક સમયમાં જ આ ડુંગરો નાબૂદ થઈ જશે અને લોકોને દુર્ગંધ અને પ્રદૂષણથી મુક્તિ મળશે. અમદાવાદ મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું હતું કે, પીરાણા ખાતેનાં કચરાનાં ડુંગરને નાબૂદ કરવા અને રોજેરોજ આવતાં કચરાને પણ યોગ્ય રીતે નિકાલ કરવાની જુદી જુદી પધ્ધતિ અમલમાં મૂકવામાં આવી છે. ફક્ત કચરાનાં એકત્રીકરણ અને નિકાલ પાછળ કરોડો રૂપિયા ખર્ચવા છતાં પીરાણાની સમસ્યા અંકુશમાં આવતાં લાંબા સમય લાગ્યો છે, પરંતુ હવે પીરાણા ખાતે વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટ કાર્યરત થતાં દરરોજ એક હજાર ટન લેખે કચરાનો નિકાલ થવાનુ શરૂ થશે.

પીરાણાનો કચરાનો ડુંગર નાબૂદ થયાં બાદ જે જગ્યા ખુલ્લી થશે ત્યાં વૃક્ષારોપણ, બગીચો જેવા પર્યાવરણલક્ષી ઉપયોગમાં લેવાશે. તેમણે જણાવ્યું હતું કે, દિલ્હી અને અન્ય મહાનગરોમાં વેસ્ટ ટૂ એનર્જી પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે અને તે સફળતાપૂર્વક ચાલી રહ્યાં છે.

# ધારાસભ્ય હીરા સોલંકીના જમાઈ પર હુમલાના કેસમાં ૧૨ આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલી જિલ્લાના રાજૂલાના ભાજપના ધારાસભ્ય હીરા સોલંકીના જમાઈ પર જાફરાબાદ જેટી પાસે જીવલેણ હુમલા કરનારાં ૧૨ આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર યુવા ભાજપ પ્રમુખ અને સોલંકીના જમાઇ ચેતન શિયાળ પર હુમલો થતા જાફરાબાદ મરીન પોલીસ, એલસીબી, એસઓજીની ટીમો દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. પોલીસની અલગ-અલગ ટીમો દ્વારા ૧૨ આરોપીની ધરપકડ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા જાફરાબાદ જેટી પાસે ચેતન શિયાળ પહોંચ્યા ત્યારે જેટી પાસે ઊભેલા લોકો સાથે ઝઘડો થયો હતો. તેમજ શિયાળે રિવોલ્વર બતાવ્યા બાદ સામે ટોળાએ તેમની પર હૂમલો કર્યો હોવાનો વિડીયો વાયરલ થયો હતો.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ઘાટકોપરમાં હિંગવાલા ઉપાશ્રયે પૂ. સોનલજી મહાસતીજીની રવિવારે ગુણાનુવાદ સભા



શ્રી કામાગલી સંઘમાં ચાતુર્માસ બિરાજીત પૂ. ભારતીબાઈ મ.સ.ના અંતેવાસી ડૉ. પૂ.સોનલજી મ.સ.ની ગુરુવારે બપોરે ૩.૦૦ કલાકે જય જય નંદા, જય જય ભદ્રાના જયનાદે પાલખીયાત્રા નીકળી હતી. સંસારી પક્ષે દોશી પરિવારે અગ્નિદાહ આપેલ.

તા. ૩-૧૧ને રવિવારે સવારે ૯.૩૦થી ૧૧.૦૦ કલાકે હિંગવાલા ઉપાશ્રયના પટાંગણે અને રાજકોટમાં મ. જ્યોતિબાઈ મ.સ.પૂ. સ્મિતાજી મ.સ.ની નિશ્રામાં તથા કલકત્તામાં પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં ગુણાનુવાદ સભા રાખેલ છે.

### હિરેન હત્યા કેસમાં આરોપ - પ્રત્યારોપનો સિલસિલો આગળ ચાલ્યો

# ફડણવીસ પોલીસ કાર્યવાહીથી અજાણ લાગે છેઃ દેશમુખનો દાવો

નાગપુરઃ એન્ટિલિયા બોમ્બ વિસ્ફોટ કેસમાં થાણે સ્થિત ઉદ્યોગપતિ મનસુખ હિરેનની હત્યાના મામલે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કરેલી ટિપ્પણી અંગે એનસીપી (એસપી)ના નેતા અનિલ દેશમુખે ગુરુવારે ફડણવીસ પર આકરા પ્રહારો કર્યા હતા. બુધવારે એક કાર્યક્રમમાં બોલતા ફડણવીસે સવાલ કર્યો હતો કે હિરેનની હત્યા કરવામાં આવશે કે કેમ એની રાજ્યના તત્કાલીન ગૃહ પ્રધાન દેશમુખને જાણ હતી?

એન્ટિલિયા બોમ્બ વિસ્ફોટ કેસ પચીસ ફેબ્રુઆરી, ૨૦૨૧નો છે. ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના દક્ષિણ મુંબઈના નિવાસસ્થાન નજીક વિસ્ફોટકોથી ભરેલું વાહન પાર્ક કરેલું મળી આવ્યું હતું. એ જ વર્ષે પાંચમી માર્ચે આ વાહન પોતાનું હોવાનું અને એ ચોરાઈ ગયું હોવાનો દાવો કરનાર હિરેન થાણાની ખાડીમાંથી મૃત અવસ્થામાં મળી આવ્યો હતો.

રાજ્યના ગૃહ ખાતાની જવાબદારી સંભાળતા હોવા છતાં ફડણવીસ પોલીસ કાર્યવાહીની મૂળભૂત કાર્યવાહી નથી જાણતા એમ કહીને દેશમુખે એવો દાવો પણ કર્યો હતો કે આ કેસમાં પકડાયેલા પોલીસ અધિકારી સચિન વાઝે અને તત્કાલીન મુંબઈ પોલીસ કમિશનર પરમ બીર સિંહ ભાજપના વરિષ્ઠ નેતાની નિકટ હતા.

દેશમુખે વધુમાં જણાવ્યું હતું કે વિસ્ફોટકોથી ભરેલું વાહન કોણે પાર્ક કર્યું હતું તેની તપાસ અંતિમ તબક્કામાં હતી ત્યારે હિરેન મૃત હાલતમાં મળી આવ્યો હતો. મૃતદેહ હિરેનનો હોવાનું પોલીસ જાણતી હતી, પણ મૃતકના પરિવારે તેની ઓળખ ન કરી ત્યાં સુધી તેઓ એ જાહેર ન કરી શક્યા. મૃતદેહની ઓળખ થયા બાદ અને અન્ય પ્રક્રિયા પૂરી થયા પછી પોલીસે જાહેરાત કરી હતી કે એ મૃતદેહ હિરેનનો છે. હું જાણતો હતો કે એ તેનો મૃતદેહ હતો, પરંતુ પોલીસ પ્રક્રિયા પૂર્ણ થયા પછી મેં સત્તાવાર જાહેરાત કરી હતી. મને આશ્ચર્ય થાય છે કે ગૃહ પ્રધાન હોવા છતાં દેવેન્દ્ર ફડણવીસ પોલીસની કાર્યવાહીથી અજાણ છે. (પીટીઆઈ)

# મુંબઈમાં બહુ ઓછા મુસ્લિમ નેતાને ટિકિટ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય જંગ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થશે, જ્યારે ૨૩ નવેમ્બરે પરિણામ જાહેર થશે. આ ચૂંટણીમાં મહાયુતિ અને મહા વિકાસ આઘાડી ગઠબંધન વચ્ચે જોરદાર ટક્કર થશે. જો મુંબઈની બેઠકોની વાત કરીએ તો અહીં મુસ્લિમ મતદારોની સંખ્યા ઠીક-ઠીક હોવા છતાં ઓછા મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે. મુંબઈમાં મુસ્લિમોની વસ્તી લગભગ ૨૦ ટકા છે. શહેરમાં ૧૦ બેઠક એવી છે કે જ્યાં ૨૫ ટકાથી વધુ વસ્તી મુસ્લિમ છે. આમ છતાં મુખ્ય રાજકીય પક્ષો દ્વારા એકથી ચાર મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપવામાં આવી છે. પહેલા નંબર પર કોંગ્રેસ અને પછી અજિત પવારની એનસીપીએ મુસ્લિમ ઉમેદવારોને વધુ સીટો આપી છે, પરંતુ તે પણ અપેક્ષા કરતા ઓછી છે.

કોંગ્રેસે મુંબાદેવી વિધાનસભા બેઠક પરથી અમીન પટેલ, મલાડ પશ્ચિમ બેઠક પરથી અસલમ શેખ, બાંદ્રા પશ્ચિમની બેઠક પરથી આસિફ ઝકરિયા અને નસીમ ખાનને ચાંદિવલીથી ટિકિટ આપી છે. શિવસેના યુબીટીએ એકમાત્ર મુસ્લિમ ઉમેદવાર હારુન ખાનને મેદાનમાં ઉતાર્યા છે. શરદ પવારની પાર્ટી દ્વારા ફહાદ અહેમદને અણુશક્તિ નગરથી ટિકિટ આપવામાં આવી છે. તેમની ટક્કર એનસીપી (અજિત પવાર)ના સના મલિક સાથે થશે. સનાના પિતા નવાબ મલિક અજિત પવારની એનસીપી તરફથી મુંબઈની માનખુર્દ શિવાજી નગર બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેમનો મુકાબલો સમાજવાદી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય અબુ અસીમ આઝમી સામે થશે. આ સિવાય, એનસીપી (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી) અજિત પવાર દ્વારા બાંદ્રા પૂર્વ બેઠક પરથી ઝિશાન સિદ્દીકીને ટિકિટ આપવામાં આવી છે.

પ્રકાશ આંબેડકરની વીબીએ એ ૯ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપી છે, જ્યારે એઆઇએમઆઇએમ એ ચાર ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. હવે મુસ્લિમ ઉમેદવારોને ઓછી ટિકિટ મળવા પર સવાલો ઉભા થયા છે.

લઘુમતી આયોગના ભૂતપૂર્વ અધ્યક્ષ નસીમ સિદ્દીકીનું કહેવું છે કે આના કારણે મુસ્લિમ સમુદાયમાં અસંતોષ છે. એવું લાગે છે કે તેમની સાથે વિશ્વાસઘાત થયો છે, કારણ કે મુસ્લિમ સમુદાયને તેમની સંખ્યાના પ્રમાણમાં ઘણી ઓછી બેઠકો મળી છે.

તેમણે કહ્યું કે આવું એટલા માટે થયું છે કારણ કે લોકસભાની ચૂંટણીમાં રાજ્યભરના વિવિધ વિસ્તારોમાં મોટી સંખ્યામાં લઘુમતી મતો એમવીએની તરફેણમાં પડ્યા હતા. જેને મહાયુતિના નેતાઓએ વોટ જેહાદ નામ આપ્યું હતું. આવી સ્થિતિમાં એઆઇએમઆઇએમ, વીબીએ અને રાષ્ટ્રીય ઉલેમા કાઉન્સિલ જેવી નાની પાર્ટીઓને આનો ફાયદો થઇ શકે છે. જોકે, મુસ્લિમ મતદારોને સૌથી વધુ કઈ પાર્ટી રિઝવી શકશે એ તો પરિણામો પછી ખબર પડશે.

# રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનના કામને ટ્રાફિક પોલીસની એનઓસી મળી ગઈ

### પરંતુ આચારસંહિતા અને કર્મચારીના અભાવે કામ રખડ્યું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આખરે મુંબઈ મહાનગરપાલિકાને શહેરના બીજા તબક્કામાં ૫૦૪ રસ્તાઓના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનનું કામ કરવા માટે મુંબઈ ટ્રાફિક પોલીસ પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મળી ગઈ છે. જોકે આચારસંહિતા અને બીએમસીના અધિકારી-કર્મચારીઓ ચૂંટણીનાં કામમાં અટવાઈ ગયા હોવાથી રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનના કામ રખડી પડ્યા છે.

તાજેતરમાં સુધરાઈના ઉચ્ચ અધિકારીઓની મુંબઈ ટ્રાફિક ડિપાર્ટમેન્ટના જોઈન્ટ કમિશનર સાથે બેઠક થઈ હતી, જેમાં સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન પ્રોજેક્ટ માટે જરૂરી મંજૂરી આપવામાં હતી. કૉંક્રીટાઈઝેશનના કામ માટે શહેરમાં અનેક જગ્યાએ રસ્તાઓના ખોદકામ કરવામાં આવવાના છે, તેને કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય નહીં તે માટે ટ્રાફિક ડિપાર્ટમેન્ટ વાહનવ્યવહાર માટે વૈકલ્પિક રૂટનો અભ્યાસ કરી રહ્યા છે. સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન પ્રોજેક્ટમાં બીજા તબક્કામાં ૩૦૯ કિલોમીટર રસ્તાનાં કામ કરવામાં આવવાના છે. ટ્રાફિક ડિપાર્ટમેન્ટ પાસેથી તબક્કાવાર એનઓસી મળી રહી છે, છતાં હાલ વિધાનસભાની ચૂંટણીની પગલે અમલમાં આવેલી આચારસંહિતાને પગલે કોઈ પણ નવા રસ્તાનું કામ હાથ ધરવામાં આવવાનું નથી. વિધાનસભાની ચૂંટણી બાદ જ રસ્તાના કામ ચાલુ કરવામાં આવવાના છે. ઓછું હોય તેમ સુધરાઈના અનેક અધિકારીઓ-કર્મચારીઓને ચૂંટણીની ફરજ બજાવવા માટે મોકલી દેવામાં આવ્યા છે, જેમાં રોડ ડિપાર્ટમેન્ટના અનેક એન્જિનિયરોનો પણ સમાવેશ થાય છે. તેથી ચૂંટણી પૂરી થયા સિવાય રસ્તાના નવા કોઈ કામ લેવામાં આવવાના ન હોવાનું સુધરાઈના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું.

સામાન્ય રીતે રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન કરવામાં ૩૦થી ૪૫ દિવસનો સમય લાગે છે, જેમાં ખોદકામ કરવાથી લઈને કૉંક્રીટાઈઝેશન અને રસ્તો ટ્રાફિક માટે ખુલ્લો મૂકવાનો સમાવેશ થાય છે. સુધરાઈએ સમગ્ર મુંબઈના રસ્તા સિમેન્ટ-કૉંક્રીટના બનાવવાનો નિર્ણય લીધો છે, જેમાં પહેલા તબક્કામાં ૬,૦૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે. તો બીજા તબક્કામાં ૬,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવવાના છે.

# રાજ ઠાકરે દીકરા ખાતર ભાજપની પ્રશંસા કરી રહ્યા છેઃ સંજય રાઉત

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરેને તેના દીકરા અમિત ઠાકરે માટે ઘણી ચિંતા સતાવી રહી છે, એટલે જે તેઓ સત્તાધારી ભાજપની પ્રશંસા કરી રહ્યા છે, એવું સંજય રાઉતે ગુરુવારે જણાવ્યું હતું. રાજ ઠાકરે માહિમ મતદારસંઘમાંથી ઊભા છે અને તેઓ પ્રથમ વાર ચૂંટણી લડી રહ્યા છે. રાજ ઠાકરેએ બુધવારે એવું જણાવ્યું હતું કે ચૂંટણી બાદ ભાજપ અને મનસે એક થઇ જશે અને આગામી મુખ્ય પ્રધાન ભાજપનો જ હશે. જેનો દીકરો ચૂંટણી લડી રહ્યો છે તે વ્યક્તિની માનસિકતા સમજી શકાય એમ છે. એક સમય એવો હતો જ્યારે તેમણે એવું કહ્યું હતું કે ભાજપને મહારાષ્ટ્રમાંથી હાંકી કાઢવો જોઇએ. એટલું જ નહીં અમિત શાહ અને નરેન્દ્ર મોદીને રાજ્યમાં પ્રવેશ જ ન આપવો જોઇએ અને હવે ભાજપના ગુણગાન ગવાઈ રહ્યા છે, એવું સંજય રાઉતે અહીં પત્રકારોને જણાવ્યું હતું. દરમિયાન રાજ ઠાકરે જાણે છે કે મુખ્ય પ્રધાન તો મહાવિકાસ આઘાડીનો જ હશે, એવું રાઉતે વધુમાં ઉમેર્યું હતું. (એજન્સી)

## હિન્દુ મરણ

**દશા નીમા વૈષ્ણવ વણિક**

ઝાલોદ હાલ વિલેપાર્લે, નવીનચંદ્ર રતનલાલ દેસાઈ (ઉં. વ. ૯૮), સોમવારના તા. ૨૮-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે મુકેશ, હિના, શ્વેતા, લીનાના પિતાશ્રી, પિંકી, જેનીના દાદા. મીના, અંજન, સુનીલ, મયુરના સસરા. ચાર્વીના પરદાદા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

બરવાળા બાવીસીવાળા સ્વ. મંગળાબેન રમણલાલ નાગજીભાઈના પુત્ર જનક, (ઉં. વ. ૬૬) તા. ૨૯-૧૦-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે કલ્પનાબેનના પતિ. મયુર તથા બંસીના પિતા. કૃપા તથા જીતેન પુજારાના સસરા. સ્વ. જગદીશભાઈ, સ્વ. નલિનીબેન મહેન્દ્રભાઈ કાણકિયા તથા ગં.સ્વ. ભારતીબેન મુકેશભાઈ કાણકિયાના નાનાભાઈ. અમરેલીવાળા (દિલ્હી), સ્વ. શાંતાલક્ષ્મી હિમ્મતલાલ કાણકિયાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૪-૧૧-૨૪, સોમવારે એસ.એન.ડી.ટી. હૉલ, રફી એહમદ કિડવાઈ રોડ, માટુંગા-ઈસ્ટ, મુંબઈ.૧૯, સાંજના ૫ થી ૭ રાખેલ છે.

**લુહાર સુથાર**

મૂળ ગામ ગોંડલ હાલ કાંદિવલી સ્વ. લાભુબેન તથા સ્વ. દુર્લભજીભાઈ ટપુભાઈ પરમારના પુત્ર ભુપેન્દ્રભાઈ પરમાર (ઉં. વ. ૭૦) તે ૨૯/૧૦/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. નિલેશ -અ.સૌ માનસી, તેજલ જતીશકુમાર સિધ્ધપુરા, કૈશાબેન ભાવેશકુમાર કેરાલિયા, રાજેશ્રીબેન અંકિતકુમાર ડોડીયાના પિતા. અશોકભાઈ, પદમાબેન હિમ્મતભાઈ ઉમરાણીયા, રંજનબેન વિનોદભાઈ મકવાણાનાભાઈ. જયંતીભાઈ પ્રાગજીભાઈ ચુડાસમાના જમાઈ. આરના ના દાદા, તેમની પ્રાર્થનાસભા ૪/૧૧/૨૪ સોમવારના ૫ થી ૭, ઠે. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

પ્રવીણભાઈ (ઉં. વ. ૭૮) તે સોમનાથ વેરાવળવાળા હાલ પાર્લે સ્વ. ત્રિવેણીબેન તથા સ્વ. ભીમજીભાઈ ઉનડકટના પુત્ર, કુસુમબેનના પતિ. રાજેશ, અમુલ, નેહા દીપેશકુમાર પટેલના પિતા. સ્વ. શાંતુભાઇ, સુરેશભાઈ,સ્વ. મનુભાઈ, દીપકભાઈ, અરૂણભાઈ, સ્વ. જયાબેન પરસોત્તમદાસ, સરલાબેન કાંતિલાલ, સ્વ. કુસુમબેન અનીલકુમાર, સુધાબેન શશીકાંતના મોટાભાઈ. સ્વ. રાધાબેન જમનાદાસ વિઠલાણી બાટવાના જમાઈ તે ૨૮/૧૦/૨૪ ના રોજ વૈકુંઠવાસ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ધારવાડ નિવાસી હાલ ગોરેગાંવ બિપીનભાઈ ભીખાલાલ પંડ્યાના ધર્મપત્ની પારૂલબેન પંડ્યા (ઉં. વ. ૫૮) તે ૨૮/૧૦/૨૪ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે ભૂમિકા, ઉર્વીના માતુશ્રી. જિનેશકુમાર જૈન તથા મંથનકુમાર પટેલના સાસુ. શિવેનના નાની. અતુલ, મનોજ તથા છાયાના બહેન. તેમની પ્રાર્થનાસભા ૪/૧૧/૨૪ ના રોજ ૪ થી ૬ કલાકે રોલેક્સ શોપિંગ સેન્ટર, પહેલે માળે, સ્ટેશન રોડ, ગોરેગાંવ વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ દ્વારકા હાલ કાંદિવલીના ગં.સ્વ. વિજ્યાલક્ષ્મી (ઉં. વ. ૭૯) તે સ્વ. કિશોરચંદ્ર ઓધવજી ઠક્કર ઉનડકટના ધર્મપત્ની. પિયુષ, કલ્પેશ (પિન્ટુ) તથા પાયલના માતુશ્રી. જીજ્ઞા, સ્વાતિ, હિમાંશુ બિપીનચંદ્ર કાપડિયાના સાસુ. રીયા રિશી સેજપાલ તથા વિધિ, મીત મનાલ મોદી, હર્ષિતના બા. સ્વ. ગોદાવરીબેન હરિદાસ સચદેવના દીકરી, ૨૯/૧૦/૨૪ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

એડન નિવાસી હાલ મુંબઈ સ્વ. ફૂલકુંવરબેન હરખચંદ માલવિયાના પુત્ર દિલીપભાઈ માલવિયા (ઉં. વ. ૭૮) તે કીર્તિબેનના પતિ. જીજ્ઞેશ, નિલેશ, સોનલના પિતાશ્રી. વસુબેન, સ્વ. હીરાબેન, લીલમબેન, કિશોરભાઈના ભાઈ. સ્વ. જમનાબેન તથા સ્વ. ગોપાલદાસ વિઠલાણી દ્વારકાના જમાઈ. ૨૭/૧૦/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગામ જોડિયા નિવાસી હાલ સાંતાક્રુઝ (મુંબઇ) અ. સૌ. ભારતીબેન તે પ્રમોદરાય નારણદાસ રાચ્છના ધર્મપત્ની. વિનિતના માતુશ્રી. આનંના સાસુ. નિકોલસના દાદી. રાજકોટ નિવાસી સ્વ. કાંતાબેન હરકિસનદાસ ભગદેવના દીકરી. પ્રફુલ્લાબેન, હંસાબેન, સ્વ.બિપિન, નયનાબેનના ભાભી. તા. ૩૧-૧૦-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**સોની**

કિર્તીકુમાર ભગવાનદાસ જગડા (સોની) રાજુલાવાળા હાલ બોરીવલી (ઉં. વ. ૮૦) તા. ૩૦-૧૦-૨૪ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. ગં. સ્વ. મીનાબેનના પતિ. નંદલાલ આત્મારામ ધકાણ મોઉવાવાળાના જમાઇ. જતીન અને વિશાલ, ગં. સ્વ. સોનલ હેમંતકુમાર સાગર, કુંજન સોનીના પિતાશ્રી. છાયા, ઉન્નતિના સસરા. ગં. સ્વ. રૂપાબેન વિનોદકુમાર શાહના ભાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારશે બ્રાહ્મણ**

મહુવા નિવાસી હાલ મુંબઇ ભાસ્કરભાઇ અમૃતલાલ જોશી (ઉં. વ. ૯૧) તે કુસુમબેનના પતિ. તે જયેશ, હિતેશ, મિનળના પિતા. તે ભાવના, કાનન અને પંકજના સસરા. તે ઉમિયાશંકર વ્યાસના જમાઇ તા. ૩૦-૧૦-૨૪ના બુધવારે કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

સ્વ. સુશીલાબેન મથુરાદાસ જોશી કચ્છ ગામ જડોધર કોટડા હાલ મુલુન્ડના પુત્ર સંજય જોશી (ઉં. વ. ૫૫) તા. ૩૦-૧૦-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. તે રાજુ, તરુણ, માયાબેન ભરતભાઇ હરિયામાણેકના ભાઇ. તે ફોરમ, ગ્રીષ્મા ભાર્ગવ ચંડીચક્ર ઔરંગાબાદવાળાના મામા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**સતવારા**

મુળ ગામ ચુડા (સુરેન્દ્રનગર) હાલ થાણા મુંબઇ સ્વ. અ. સૌ. દિના મહેશ મકવાણા (ઉં. વ.૫૯) તા. ૩૦-૧૦-૨૪ના બુધવારે દેવલોક પામેલ છે. તે મહેશ મણીલાલ મકવાણાના ધર્મપત્ની. તે ચિંતન, શ્રદ્ધાનાં માતુશ્રી. તે સ્વ. કરમશીભાઇ ડાહ્યાભાઇ બુનતારીયા (પટેલ) અને કાંતાબેનની સુપુત્રી. તે માયરાના દાદી. પ્રાર્થનાસભા તા. ૧-૧૧-૨૪ના શુક્રવારે સાંજે ૪થી ૬. ઠે. શ્રી સ્વામીનારાયણ સત્સંગ ભવન, શતરંજ વેફર્સની ઉપર, પાંચ પખાડી, થાણે (વેસ્ટ).

## પારસી મરણ

ખોરશી પરવેઝ મીસ્ત્રી તે દો પરવેઝના ધનિયાની. તે મરહુમો જરબાનુ હોરમઝશા ઇતાલીયાના દીકરી. તે નીલુફર ને ઝીનીયાના માતાજી. તે નવરોઝ વજીફદાર ને અરદેશર મોદીના સાસુ. તે મરહુમો ખોરશેદ પીરોજશા મિસ્ત્રીના વહુ. તે અનાહીતા, જમશીદ, દેલનાઝ ને રુશાદના મમઇજી. (ઉં. વ.૯૨) રે. ઠે. ૧૬, મેહરઆબાદ, ભુલાભાઇ દેસાઇ રોડ, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬.

દોરાબ તહેમતન પાવરી તે બેહરોઝના ધની. તે મરહુમો ગુલબઇ તેહમતન પાવરીના દીકરા. તે તીમી, શેરી તથા મરહુમ એદીના પપા. તે સરોશ બી. દુધમાલના સસરા. તે હોમીના ભાઇ. તે તુશના, વરુહુ, રુશાદના મમાવા. (ઉં. વ. ૯૬) રે. ઠે. રાઘવજી બિલ્ડિંગ, રાઘવજી રોડ, ગોવાલીયા ટેન્ક, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૪૦૦૦૩૬. ઉઠમણાની ક્રિયા : તા.૧-૧૧-૨૪ને દીને બપોરે ૩.૪૦ વાગે બેનેટ નં.૬, ડુંગરવાડી.

એરચ નવરોજી ભાથેના તે મરહુમ રોશનના ધની. તે મરહુમો નાવાજબાઇ નવરોજી ભાથેનાના દીકરા. તે રુકશાના પંથકી, નવલ ને જીમીના પપા. તે બરઝીન પંથકીના સસરા. તે આબાન ને રોશનના ભાઇ. તે અનાહીતાના મામા. (ઉં. વ. ૮૧) રે. ઠે. એ-૩૦૨, અહુના એપાર્ટમેન્ટ, ત્રીજે માળે, દિવેચીયા કોમ્પ્લેકસ, ચરાઇ થાને, મુંબઇ-૪૦૦૬૦૧. ઉઠમણાંની ક્રિયા : તા.૧-૧૧-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે, રૂસ્તમ પટેલ અગિયારી થાણેમાં છેજી.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના ખુશાલ મેઘજી ગાલા (ઉં. વ. ૬૮) તા. ૩૦-૧૦-૨૦૨૪ના અરિહંતશરણ પામ્યા છે. પુરબાઈ મેઘજીના સુપુત્ર. જયશ્રીબેનના પતિ. વિશાલ, વિનીતાના પિતા. કપુરચંદ, હરીશ, મહેશ, જયાબેન, કુસુમબેન, કસ્તુરબેનના ભાઈ. ડુમરાના હેમલતાબેન ખેતશી પુંજાના જમાઈ. પ્રાર્થના : શ્રી વાપી અ. જૈન સંઘ સં. ચંદ્રલીલા હોલ, મહાવીર નગર, વાપી. ટા. ૩ થી ૪.

નાના આસંબિયાના હરખચંદ નાનજી છેડા (ઉં. વ. ૮૦) તા. ૨૯/૧૦/૨૦૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઈ નાનજીના પુત્ર. રેવંતીબેનના પતિ. ભાવના, અર્ચના, સ્વ. જિગ્નેશના પિતા. સ્વ. નેમચંદ, સ્વ. મુલચંદ, તલવાણા રૂક્ષ્મણી રતનશી, રામાણિયા નિર્મળા લાલજીના ભાઈ. બિદડાના માતુશ્રી જવેરબેન જેવત લાલજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ભાવના ગોસર, એ-૬૦૨, વૃંદાવન સોસાયટી, સેકટર ૨૯-સી, ઐરોલી, નવી મુંબઈ-૪૦૦૭૦૮.

રાયણના રતનબેન લાલજી સાવલા (ઉં. વ. ૮૭) ૩૦-૧૦-૨૪ના અવસાન પામેલ છે. સ્વ. લાલજી નરશી સાવલાના પત્ની. હીરબાઇ નરશી તેજપારના પુત્રવધુ. દિનેશ, ભારતી મણીલાલ, દમયંતી જાદવજી, રેખા કિરણ, હર્ષા રાજેશ, ભાવના વિરલના માતુશ્રી. મેરાવા જેતબાઇ મુરજી લાલજીના પુત્રી. આણંદજી, નવિન, હેમચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. એ. દિનેશ સાવલા, સ્વસ્તિક સોસાયટી, ૩૦/૪૦૧, આઝાદનગર (૨), વીરા દેસાઇ રોડ, અંધેરી (વે.).

**રાધનપુર તીર્થ જૈન**

સ્વ. વસંતલાલ લીલાચંદ શાહના ધર્મપત્ની ભારતીબેન (ઉં. વ. ૮૫) તે હેમંતભાઇ અને સંજીવભાઇના માતુશ્રી. મમતાબેન અને બેલાબેનના સાસુ. દેવાંશી, કિંચિત, સિદ્ધિ વિનીતકુમાર, ક્ષિતિજ-માનુષીના દાદી. પિયર પક્ષે સ્વ. રતિલાલ જમનાદાસ મસાલિયાના દીકરી. તા. ૩૦-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૪-૧૧-૨૪ના સોમવારના ૩થી ૫. ઠે. આજીવાસન હોલ, એસએનડીટી કોલેજની બાજુમાં, જુહુ રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ મુંદ્રા હાલ નાસીક નિવાસી ગં. સ્વ. દિવ્યપ્રભાબેન દેવચંદ મહેતા (ઉં. વ. ૮૫) ગુરુવાર તા. ૩૧-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે હરીશ, મનોજ તેમ જ લતા કિરણ મહેતાના માતુશ્રી. દેવાંગ, પરીન, યશ, દેવાંગીના દાદી. નીપા, દીપાના સાસુ. તે ગં. સ્વ. રંજનબેન, ગં. સ્વ.ઉર્મીલાબેનના દેરાણી. તે ચાંદુબેન ધરમશી મહેતાના બેન. ઠે. અંબિકા એન્કલેવ, કર્મ યોગી નગર, મયુર વિહાર કોલોની, નાશિક. લૌકિક વ્યવહાર બંધ છે.

**માંગરોળ દેરાવાસી જૈન**

સમીર દેવેન્દ્રભાઇ શાહ (ઉં. વ. ૫૦) તે મૃદુલાબેનના પુત્ર. કલ્પેશ, વિમેષ, ફેમીનાના ભાઇ. જુલી (ખ્યાતી)ના જેઠ. મોક્ષાના કાકા. અને હિરાલાલ સોમચંદ શાહનો પૌત્ર તા.૩૦-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ ભચાઉના સ્વ. ચંપાબેન વેલજી કરમણ નિસર (ઉં. વ.૬૮) તા. ૨૯-૧૦-૨૪ના મંગળવારના અવસાન પામેલ છે. સ્વ. પાલઇબેન આશા માડણના પૌત્રવધૂ. ગં. સ્વ. મીઠીબેન કરમણના પુત્રવધૂ. વેલજી કરમણના ધર્મપત્ની. સ્વ. સુરેશ, પ્રકાશ, જયોતી, સવિતા, ડિમ્પલ, દક્ષાના માતુશ્રી. પીન્કી, વિનોદ, હિતેન્દ્ર, અશોકના સાસુમા. નવાગામના સંતોકબેન કરશન મુરજી દેઢિયાની પુત્રી. પ્રાર્થના રાખેલ નથી. જય અંબે કોલોની, રૂમ.નં. ૬, નાલાસોપારા (ઇસ્ટ).

## નવમા પાનાનું ચાલુ

### ફડણવીસ

અને હું. તેથી, ફરીથી મુખ્ય પ્રધાન બનવાની ઇચ્છા નથી. જે પણ ભૂમિકા માટે મહાયુતિ પસંદ કરશે તેને હું સમર્થન આપવા તૈયાર છું.'

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ભૂમિકા મેળવી શકે છે, ત્યારે ફડણવીસે કહ્યું હતું કે, 'રાજકીય અટકળો સામાન્ય છે અને હંમેશા જવાબની જરૂર નથી. મારું સાચું સપનું તો વકીલ બનવાનું હતું, પરંતુ હું અહીં છું, લોકોનું પ્રતિનિધિત્વ કરું છું, છેલ્લાં ૨૫ વર્ષથી.'

#### કૉંગ્રેસ-એનસીપીની સરકારમાં સિંચાઈ કૌભાંડની તપાસ શરૂ

વિવાદાસ્પદ સિંચાઈ કૌભાંડ અંગેના પ્રશ્નોના જવાબમાં, ફડણવીસે ઉપસ્થિતોને યાદ અપાવ્યું કે કોંગ્રેસ-એનસીપી સરકાર હતી, જેની આગેવાની સ્વર્ગસ્થ આર.આર. પાટીલે લીધી હતી, જેમણે તપાસ શરૂ કરી હતી. તેમની ટિપ્પણી ડેપ્યુટી સીએમ અજિત પવારના દાવાને અનુલક્ષીને હતી જેમણે કહ્યું હતું કે પાટીલે તેમની સામે ખુલ્લી તપાસના આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. આનાથી રાજકીય આક્ષેપોનો નવો રાઉન્ડ શરૂ થયો છે.

### રવિ રાજા પક્ષપ્રવેશ સાથે જ મુંબઈ ભાજપના વાઈસ પ્રેસિડેન્ટ બન્યા

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ફટકો આપતા, મુંબઈ કોંગ્રેસના નેતા અને લાંબા સમયથી કોર્પોરેટર તેમ જ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (એમસીજીએમ)માં વિરોધ પક્ષના નેતા, રવિ રાજાએ કોંગ્રેસ પાર્ટી છોડી દીધી અને ગુરુવારે ભાજપમાં જોડાયા. વર્ષોથી સખત મહેનત કરવા છતાં સાયન કોલીવાડા મતવિસ્તારમાંથી ટિકિટ નકારવા બદલ પાર્ટી નેતૃત્વથી નારાજ, રાજાએ બુધવારે જાહેરાત કરી હતી કે તેઓ પાર્ટી છોડી રહ્યા છે.

ગુરુવારે તેઓ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મુંબઈ ભાજપના અધ્યક્ષ આશિષ શેલારની હાજરીમાં સત્તાવાર રીતે ભાજપમાં જોડાયા હતા. પાર્ટીમાં જોડાતાની સાથે જ રાજાને મુંબઈ ભાજપના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

#### રાજસ્થાનમાં રાહુલનું 'ગેરંટી કાર્ડ' ફેલ; મહારાષ્ટ્રમાં કામ નહીં કરેઃ ફડણવીસ

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા 'ગેરંટી કાર્ડ' સાથે બહાર આવવાની કોંગ્રેસની યોજનાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે રાજસ્થાન અને છત્તીસગઢમાં આ ષડયંત્ર નિષ્ફળ ગયું છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પાર્ટીના ચૂંટણી વચનો ધરાવતું 'ગેરંટી કાર્ડ' બહાર પાડશે, એમ રાજ્ય કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું છે. ફડણવીસે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે, 'રાહુલ ગાંધીના ગેરંટી કાર્ડથી કોંગ્રેસને રાજસ્થાન અને છત્તીસગઢમાં સત્તા જાળવી રાખવામાં મદદ મળી નહોતી.'

'તેમણે એ સ્પષ્ટ કરવું જોઈએ કે શા માટે તેલંગણા અને હિમાચલ પ્રદેશમાં વચન મુજબ ગેરંટી કાર્ડ લાગુ કરવામાં આવ્યું નથી? આ લાલચ અહીં પણ નિષ્ફળ જશે,' એમ ભાજપના નેતાએ કહ્યું હતું.

#### અમિત ઠાકરેને સમર્થન, મૈત્રીપૂર્ણ લડત

ભાજપના નેતા આશિષ શેલારે અમિત ઠાકરેને સમર્થન આપ્યા પછી, શિવસેનાના સદા સરવણકરે પોતાની ઉમેદવારી દાખલ કરીને બળવો કર્યો હતો. ફડણવીસે એવી સ્પષ્ટતા કરી હતી કે, 'અમે અમિત ઠાકરેને સમર્થન આપીએ છીએ, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની ઈચ્છા અનુસાર. સરવણકરના નોમિનેશનનો હેતુ મતોને ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના જૂથ તરફ આકર્ષિત કરતા અટકાવવાનો છે. આ સમર્થન માહિમમાં મહાયુતિ અને મનસે વચ્ચે 'મૈત્રીપૂર્ણ સ્પર્ધા'નો સંકેત આપે છે, જે અન્ય મુંબઈ મતવિસ્તારોને અસર કરી શકે છે.

### દિવાળીમાં મુંબઈગરો

પ્રદૂષણનું પ્રમાણ વધવાની શક્યતા છે.

મુંબઈગરા ગુરુવારે વહેલી સવારે ઉઠ્યા ત્યારે વાતાવરણ એકદમ ધુમ્મસિયું હતું. હવાની ગુણવત્તા પણ નબળી હતી અને વિઝિબિલીટી પણ નહોતી. નિષ્ણાતોના કહેવા મુજબ દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવાનું પ્રમાણ વધી જતું હોય છે. ફટાકડાના ફોડવાને કારણે વાતાવરણમાં ઝેરી ધુમાડો ફેલાતો હોય છે. તેમાં પાછું હાલ અરબી સમુદ્રમાં હળવા દબાણનો પટ્ટો પણ સર્જાયો છે, તેની અસર હેઠળ વાતાવરણ વાદળિયું હોય છે. વાદળિયા વાતાવરણને કારણે ફટાકડાનો ધુમાડો વાતાવરણમાં ઉપર સુધી જતો નથી અને નીચેને નીચે રહેતો હોય છે, તેથી હવાની ગુણવત્તા કથળી જતી હોય છે.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી)ના આંકડા મુજબ મુંબઈનો સવારના સરેરાશ એક્યુઆઈ ૧૨૨ હતો અને સાંજના સમયમાં તેમાં હજી વધારો થઈને તે ૧૩૯ની ઉપર ગયો હતો.

દિવસ દરમિયાન મલાડમાં ૨૪૨, મઝગાંવમાં ૧૯૨, બાન્દ્રામાં ૧૩૨, બાન્દ્રા (પૂર્વ)માં ૧૧૭, બીકેસીમાં ૧૧૭, બોરીવલી (પૂર્વ)માં ૧૦૭, કોલાબામાં ૧૯૭, દેવનારમાં ૧૧૭, જુહુમાં ૧૧૨, ભાંડુપમાં ૧૧૨, કુર્લામાં ૧૨૪ એક્યુઆઈ નોંધાયો હતો.

નોંધનીય છે કે મુંબઈમાં પ્રદૂષણના સ્તરમાં વધારો થાય નહીં તે માટે મુંબઈ મહાનગરપાલિકાએ મુંબઈગરાને રાતના ૧૦ વાગ્યા પહેલા જ ફટાકડા ફોડી લેવાની અને ઓછું પ્રદૂષણ કરતા ફટાકડા ફોડવાની અપીલ કરી છે.

### મનસેના

કર્યો છે. શિવસેના (યુબીટી)એ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ચોકલિંગમને પત્ર મોકલ્યો છે. મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ની જાહેરાત કરવામાં આવી છે અને તે મુજબ સમગ્ર રાજ્યમાં આચારસંહિતા લાગુ હોવા છતાં, મુંબઈ મહાનગરપાલિકાએ ચૂંટણી આચારસંહિતાના ઉલ્લંઘન કરીને મનસેને શિવાજી પાર્કના અધિકારક્ષેત્ર હેઠળના જાહેર સ્થળે 'દીપોત્સવ' ઉજવવાની પરવાનગી આપી છે. આ ઉપરાંત, આ કાર્યક્રમ માટે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના દ્વારા દરેક જગ્યાએ બેનરો, ગેટ અને કંદીલ લગાવવામાં આવ્યા હતા. તેના પર મનસે પાર્ટીનું ચૂંટણી ચિહ્ન દેખાતું હતું. આને કારણે, આચારસંહિતા દરમિયાન જાહેર સંપત્તિને કુરુપ કરવાની કલમ હેઠળ આ સીધું ઉલ્લંઘન છે,' એમ અનિલ દેસાઈના પત્રમાં જણાવ્યું હતું.

આ કાર્યક્રમના ઉદ્ઘાટનમાં સ્થાનિક માહિમ વિધાનસભાના મનસેના ઉમેદવાર અમિત ઠાકરેની હાજરીને કારણે પણ આચારસંહિતાનું ઉલ્લંઘન થયું છે. ઉપરાંત, પંચના નિયમો મુજબ, શિવાજી પાર્કમાં લાઇટિંગ માટે કરાયેલા ખર્ચનો ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં સમાવેશ થતો હોવાથી, સમગ્ર દીપોત્સવના ખર્ચનો સમાવેશ માહિમ વિધાનસભા મતવિસ્તારના મનસેના ઉમેદવાર અમિત ઠાકરેના ચૂંટણી ખર્ચમાં કરવો જોઈએ, એવી માગણી અનિલ દેસાઈએ કરી છે. સાંસદ અનિલ દેસાઈએ એવી પણ માગણી કરી છે કે આચારસંહિતામાં જાહેર જગ્યાઓ પર પાર્ટીના પ્રચાર માટે ગેરકાયદેસર પરવાનગી આપનારા પાલિકા અધિકારીઓ અને અન્ય સંબંધિત અધિકારીઓ સામે ચૂંટણી પંચે કાર્યવાહી કરવી જોઈએ.

### મુંબઈમાં

ડિગ્રી નોંધાયું હતું. દિવસના નોંધાયેલું તાપમાન સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ રહ્યું હતું. આ મહિનામાં સતત ત્રીજી વખત મુંબઈ રાજ્યનું સૌથી હૉટેસ્ટ શહેર રહ્યું છે. છેલ્લા એક અઠવાડિયામાં સતત બે દિવસ મુંબઈમાં તાપમાનનો પારો ઊંચો નોંધાયો હતો. ગુરુવારે દિવસ દરમિયાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૬ ડિગ્રી નોંધાયું હતું.

આ અગાઉ મુંબઈમાં બુધવાર, ૨૩ ઑક્ટોબરના ૩૫.૮ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું, જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ રહ્યું હતું. જે સામાન્ય કરતા ૧.૬ ડિગ્રી વધુ રહ્યું હતું.

હવામાન વિભાગના અધિકારીના કહેવા મુજબ હાલ મુંબઈ તરફ પૂર્વથી પવનો ફૂંકાઈ રહ્યા છે, જે ભેજવાળા હોય છે, તેને કારણે વાતાવરણમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધુ હોય છે.

મુંબઈમાં આકરી ગરમી વચ્ચે જોકે રાજ્યના અમુક વિસ્તારમાં તાપમાનનો પારો નીચે ઉતરી રહ્યો છે. હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં ઠંડીનું આગમન થઈ ગયું છે. દિવસ દરમિયાન અહીં લઘુતમ તાપમાનનો પારો ૧૭.૬ ડિગ્રી જેટલો નીચો નોંધાયો હતો.

### દશેરા-દિવાળીમાં

છે. મુંબઈમાં ઘરનું વેચાણ ઓક્ટોબરમાં વધ્યું હતું. ઓક્ટોબરમાં ૧૨,૮૩૨ ઘરનું વેચાણ થયું હતું અને ૧,૧૯૪ કરોડ રૂપિયાની મહેસૂલ ઊભી થઇ હતી જે ૨૦૨૪ની અત્યાર સુધીને સૌથી વધુ મહેસૂલ છે.

### દાઉદ કનેકશનનો

હોય, હું કાયદાકીય કાર્યવાહી કરીશ. મારા પ્રચાર માટે આવો એવો મેં તેઓને આગ્રહ પણ નથી કર્યો. જનતાનું પીઠબળ મારી પાસે છે અને એ જ આધારે હું ચૂંટણી લડી રહ્યો છું. હું મારી વિચારધારાને ક્યારે પણ છોડીશ નહીં, એવું મલિકે જણાવ્યું હતું.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક


# મેટિની

# સૈયાં જૂઠોં કા બડા સરતાજ નિકલા...!

**ચેટ શોમાં દંભી - બંડલ સવાલ - જવાબનો મારો ચલાવનારા કરણ જોહરે 'અમે બધા જુઠ્ઠાડા છીએ' એવો પ્રામાણિક ખુલાસો કર્યો છે, બોલો!**


આલિયા


દિવ્યા


કરણ

**કવર સ્ટોરી**
**હેમા શાસ્ત્રી**

શમ્મી કપૂરે ૧૯૭૬માં 'બંડલબાજ' નામની ફિલ્મ બનાવી હતી. એ વાત બંડલ (ગપગોળો) નથી, હકીકત છે. ફિલ્મમાં રાજેશ ખન્નાનું પાત્ર પોતાના પિતા શ્રીમંત છે એવી બંડલ મારે છે એ વાત પણ સાચી છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણી બંડલબાજી વર્ષોથી ચાલતી આવી છે.

જોકે, પોતાના ચેટ શોમાં દંભી - બંડલ સવાલ - જવાબનો મારો ચલાવનારા નિર્માતા - દિગ્દર્શક કરણ જોહરે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં બોક્સ-ઓફિસ કલેક્શન મુદ્દે, કલાકારની વરણીમાં પ્રામાણિકતાની બાબતે તેમ જ ફિલ્મ વિશે સેલિબ્રિટીઓના અભિપ્રાયની સચ્ચાઈ - પ્રામાણિકતા અંગે ખુલાસો કરી બોલિવૂડની પોલ ખોલવાની કોશિશ કરી છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બોક્સ-ઓફિસ કલેક્શન (ટિકિટ વેચાણનો વકરો) વિશે એકાદ વર્ષથી બહુ ઉહાપોહ થઈ રહ્યો છે. કલેક્શનની સચ્ચાઈ અંગે આડકતરા ઈશારાઓ અનેક થતા હતા, પણ વેબ સિરીઝના પ્રમોશન વખતે 'એસઆરકે (શાહરુખને) એક સવાલ કરવાનો હોય તો તું શું પૂછે?' એવા સવાલના જવાબમાં કાજોલે કહ્યું હતું કે 'શાહરુખને કયો સવાલ કરું?' એટલું બોલી વિચારવા લાગી અને થોડીક્ષણ પછી કહ્યું કે 'ફિલ્મ 'પઠાન'એ ખરેખર કેટલી કમાણી કરી? એવો સવાલ કરું' અને પછી ખડખડાટ હસી પડી. શાહરુખ - કાજોલ માત્ર કો-સ્ટાર નથી, પણ દિલોજાન મિત્રો છે (આ બંડલ નથી) એ વાત જગજાહેર છે. એટલે કાજોલના જવાબને સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ શાહરુખ સાથેની મનોરંજક નોકજોકમાં ખપાવી દીધો તો કેટલાક એવા પણ હતા, જેમણે બોક્સ-ઓફિસ કલેક્શન પર શંકા ઉઠાવી. કાજોલે તો કિંગ ખાનનું અપમાન કર્યું એવી પ્રતિક્રિયા પણ આપી. પ્રભાસની 'સલાર' અને 'ડંકી' એક જ સમયે રિલીઝ થઈ હતી. પ્રભાસની ફિલ્મ ૩૦૦ કરોડ વટાવી ગઈ હતી જ્યારે શાહરુખની ૧૬૦ કરોડ પર હાંફી ગઈ છે એવા અહેવાલ પ્રગટ થયા ત્યારે સોશિયલ મીડિયા પર 'સલાર' પર માછલાં ધોવામાં આવ્યા હતા. બંધ પડી ગયેલા થિયેટરોના હાઉસફુલ શો દેખાડી કમાણી ઉપજાવી કાઢવામાં આવી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા.

આ મુદ્દો હમણાં ફરી ચગ્યો એનું કારણ છે આલિયા ભટ્ટની 'જિગરા'ના કલેક્શન અંગે દિવ્યા ખોસલાએ કરેલા આક્ષેપ. દિવ્યા અભિનેત્રી છે, નાના પાયે ફિલ્મોનું નિર્માણ અને દિગ્દર્શન કરે છે અને મહત્ત્વની વાત એ છે કે સુપર કેસેટ્સ (ટી સિરીઝ)ના સ્થાપક સ્વર્ગીય ગુલશન કુમારના પુત્ર ભૂષણ કુમારની પત્ની છે.

'જિગરા'ના બોક્સ-ઓફિસ કલેક્શનના આંકડા બઢાવી-ચડાવી રજૂ કર્યા હોવાનો આક્ષેપ આલિયા ભટ્ટ અને સાથે કરણ જોહર પર કરવામાં આવ્યો છે. 'જિગરા' રિલીઝ થઈ એ થિયેટરોમાં તો કાગડા ઉડતા હતા અને આલિયાએ પોતે ટિકિટ ખરીદી હતી. વાત અહીં પૂરી નથી થતી. 'જિગરા'ની ફિલ્મની કથા દિવ્યા ખોસલા કુમારની 'સાવી' ફિલ્મ જેવી હોવાનું જણાવી ઉઠાંતરીનો આક્ષેપ પણ કર્યો છે. સોશિયલ મીડિયા પર દિવ્યાએ આ મુદ્દે વપરાશકારોના અભિપ્રાય માગ્યા છે. 'સ્ત્રી ૨'ના આંકડા સામે પણ શંકાની નજરે જોવામાં આવ્યું છે. આ વાતાવરણમાં એક આયોજિત કાર્યક્રમમાં કરણ જોહરે સીધી બાત નો બકવાસ શૈલીમાં કહ્યું કે 'Yes, the numbers are fudged.' મતલબ કે પોતાની અનુકૂળતા અનુસાર બદલવામાં આવ્યા છે - ઉપજાવી કાઢવામાં આવ્યા છે. કરણ જોહર 'જિગરા'નો સહ નિર્માતા પણ છે એ વાત ધ્યાનમાં લેવી જોઈએ.

કરણ એક ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક ઉપરાંત એક ચેટશોના સંચાલક તરીકે પણ ખ્યાતિ ધરાવે છે. શ્યુગર કોટેડ-ગળચટ્ટા સવાલ જવાબ અને વાતચીતના આ કાર્યક્રમમાં દંભ છલકાતો હોય છે. ૨૦ વર્ષ પહેલા ચેટ શો શરૂ કરનારા કરણને અચાનક બ્રહ્મજ્ઞાન થયું હોય એમ લાગે છે. સોશિયલ મીડિયા પર ફિલ્મ સેલિબ્રિટી એક્ટર્સના પરફોર્મન્સ, જોયેલી ફિલ્મ કેવી છે વગેરે બાબત પર અભિપ્રાય વ્યક્ત કરતા હોય છે. દિવંગત રિશી કપૂર, નસીરુદ્દીન શાહ, નાના પાટેકર, કંગના રનૌટ, જાવેદ અખ્તર જેવા બે-ચાર અપવાદ બાદ કરતા મોટાભાગના સેલિબ્રિટીની કોમેન્ટ 'હૈયે છે, પણ એ હોઠે નથી હોતું' જેવી હોય છે. વાહિયાત ફિલ્મ કે પર્ફોર્મન્સને હારતોરા પહેરાવવામાં આવતા હોવાના અનેક ઉદાહરણ છે. આ રિવ્યુમાં કેટલી સચ્ચાઈ, કેટલી ઈમાનદારી હોય છે એ સંદર્ભે ભાઈ કરણનું કહેવું છે કે 'No, we are all liars. We are all big, fat liars'

અર્થાત (સોશિયલ મીડિયાના રિવ્યુમાં સચ્ચાઈ નથી હોતી..) 'ના, અમે બધા ખોટારડા છીએ. અમે હળહળતું જુઠ્ઠાણું ચલાવીએ છીએ.'


ખાસ નોંધવાની વાત એ છે કે આ નિવેદન કરણ જોહરનું અંગત છે એવો ખુલાસો હજી સુધી નથી કરવામાં આવ્યો. વી. શાંતારામની ફિલ્મ 'દો આંખે બારહ હાથ' માટે ગીતકાર ભરત વ્યાસે લખેલા ગીતની પંક્તિ 'સૈયાં જૂઠોં કા બડા સરતાજ નિકલા' યાદ આવી જાય એવી આ વાત છે.

બોધિવૃક્ષ નીચે ગૌતમ બુદ્ધને જ્ઞાન પ્રાપ્તિ થઈ હતી એમ કરણ જોહરને આ જ્ઞાન અચાનક કેમ લાધ્યું? ૨૧ ઓક્ટોબરે પુણેના બિઝનેસમેન આદર પુનાવાલાએ કરણની કંપનીમાં ૧૦૦૦ કરોડનું તોતિંગ રોકાણ કર્યું એના બે-ત્રણ દિવસ પછી કરણના આ નિવેદન બહાર પડ્યા એ કેવળ જોગાનુજોગ છે કે બીજું કંઈ એવો સવાલ મનમાં સળવળ્યા વિના નથી રહેતો.

ફિલ્મમાં એક્ટરની પસંદગી ફક્ત લાયકાતને આધારે થાય છે એવા સવાલના જવાબમાં ચોખ્ખી ના પાડી મિસ્ટર જોહરે કહ્યું છે કે 'કલાકારની પ્રતિભાને બોક્સ-ઓફિસ કલેક્શન અને લોકપ્રિયતા સાથે જોડવામાં આવે છે, સરખાવવામાં આવે છે.' એટલે જ આજની તારીખમાં કલાકારો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખાસ્સા બીઝી રહે છે.

અલબત્ત આ દંભ, આ ગળચટ્ટા અભિપ્રાય વર્ષોથી ચાલતા આવ્યા છે. પ્રમાણ અને પ્રકાશનમાં વધારો થયો છે. જોકે, કરણ જોહરે કરેલા ખુલાસા (પ્રેરિત હોય તો પણ) આવકાર્ય છે. ■

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**



## એનર્જીનો ધોધ અસ્ખલિત ભાષાપ્રવાહ એટલે

# કિંગ શાહરૂખ ખાન

**શાહરૂખ** ખાનની જ્યારે હું વાત કરું છું ત્યારે મને એક જ શબ્દ સૂઝે છે : પોઝિટિવિટી અને ઊર્જાનો ધોધ. શાહરૂખ ખાનને મળો ત્યારે તમે પણ બીજા છ મહિના માટે રિ-ચાર્જ થઈ જાવ. શાહરૂખ સાથે કામ કરતા હો ત્યારે તમે એમ જ ફીલ કરો કે તમે જગતના બેસ્ટ કલાકાર છો. બેસ્ટ માણસ છો...

શાહરૂખ પાસે જે ભાષાનું પ્રભુત્વ છે એવું ઓછા પાસે છે. હિન્દી, ઉર્દુ, ઇંગ્લિશ અને થોડું સંસ્કૃત સુધ્ધાં. હિંદુસ્તાનના સ્ટાર્સમાં આજે જો સૌથી વધારે કોઇએ વાચ્યું હોય તો આજે એ શાહરૂખ ખાન છે. તમે વિશ્વનું કોઇ પણ જાણીતું નાટક કે નવલકથા કહો, સાહિત્યની વાત કરો, એને ખબર હોય છે. મોટાભાગના સ્ટાર હિંદી લિપી વાંચી શકતા નથી કે વાંચતા જ નથી, પરંતુ શાહરૂખ સંવાદો માટે હિંદીમાં લખવાનો જ હઠાગ્રહી છે.

એકવાર મેં એને કહ્યું કે 'મેં તારા પર આર્ટિકલ લખ્યો છે.' તો તરત જ એણે મને કહયું : 'તુને તો ગુજરાતી મેં લીખા હોગા ના? ઉસકા રૂપાંતર કર કે ભેજના.' જુઓ, એણે ટ્રાન્સલેટ કે ભાષાંતર ના કહ્યું પણ રૂપાંતર કહ્યું, કારણ કે એ મૂળભૂત નાટકનો માણસ છે. એને ખબર છે કે ભાષાતંર અને રૂપાંતર અલગ છે...

'સર્કસ' સિરિયલ દરમિયાન અમે ક્રિકેટ રમતા ત્યારે એ પૂછતોઃ 'યાર, આમિર ખાન, મોટા એક્ટર છે થિયેટરના ?'

મેં કહ્યું : ના.

શાહરૂખે કહ્યું: રૂજોજે, એક દિવસ છે ને હું આમિરની છુટ્ટી કરી નાખીશ !' ત્યારે અમને હસવું આવતું કે આમિર તો ત્યારે ઓલરેડી સ્ટાર હતો, પણ શાહરૂખમાં કમાલનો કોન્ફિડન્સ જુઓ, મુંબઇ આવીને છ જ મહિનામાં કરીને દેખાડ્યું.

મેં શાહરૂખની સાથે લેખક તરીકે 'યસ બોસ', 'ફિર ભી દિલ હૈ હિંદુસ્તાની', 'ચલતે ચલતે' ...એમ ત્રણ-ચાર ફિલ્મ કરી, ઘણાં સ્ટેજ-શો, એડ-ફિલ્મ્સ, કેબીસી જેવા ટી.વી.શો પણ કર્યા. 'રાજુ બન ગયા...' અને 'કભી હાં કભી ના' માં હું લેખન-સહાયક હતો.

એણે મને હંમેશાં હતાશામાં-ગર્દિશનાં દિવસોમાં ખૂબ કોન્ફિડન્સ આપ્યો છે. જોકે એના અભિનયની સ્ટાઇલ વિશે હું ઘણીવાર મજાક કરતો કે તું બહુ ઓવર એક્ટિંગ કરે છે. તું બહું હેમ છે.. '

ઈંગ્લિશમાં ઓવર એક્ટિંગને 'હેમિંગ' કહેવાય છે, જેને માટે શબ્દ છેઃ હેમ એક્ટર. એક વાર મેં કહેલું : 'તું એટલો બધો હેમ છે કે તને રાઈટર તરીકે હેમિંગવે ખૂબ ગમતા હશે!' જોકે, એનામાં એટલી સ્પોર્ટસમેન સ્પિરીટ છે કે, એણે મારા નામ સાથે 'ફિલ્મફેર'ના એક ઇંટરવ્યૂમાં કહ્યું કે 'જુઓ, મારો આ મિત્ર... હું હેમિંગવેને ખૂબ વાંચતો હોઈશ એટલે મને હેમ કહે છે...!'

ભલે બધાને લાગે કે શાહરૂખને ઈઝીલી સ્ટારડમ મળી ગઈ, પણ એણે સ્ટ્રગલ જોઈ છે. એણે ફિલ્મ લાઈનમાં ઘણાં અપમાન પણ સહન કર્યા છે અને અપમાનો થતા જોયા છે. જ્યારે 'ડર' ફિલ્મ વખતે સની દેઓલ કે એક્શન ડિરેક્ટર એને હ્યુમિલેટ કરતા-અપમાન કરતા હતા ત્યારે એની આંખમાં આંસુ પણ આવી ગયા હતા. મન-સ્વમાન ઘવાતું, પણ એ હારતો નહોતો.

એક વાર, અમારી એક ફિલ્મ બોક્સ-ઓફિસ પર બરાબર ચાલી નહીં ને હું ઉદાસ હતો ત્યારે શાહરૂખે કહ્યું કે- 'ચાલ, આપણે ઓફિસ સાફ કરીએ. નાનાં કામથી શરૂઆત કરીએ, જેથી આપણો મૂડ ચેન્જ થઈ જાય. કાગળના ટુકડા આપણે ફાડી નાખીએ કે ટાંચણી ઉંચકી લઈએ!' શાહરૂખ પાસે આવી ઝીણી ઝીણી સાઈકોલોજીની ગજબની સમજ છે.

જ્યારે શાહરૂખ-જૂહીએ પ્રોડક્શન કંપની શરૂ કરી ત્યારે શાહરૂખે પિતાતુલ્ય અઝિઝ મિર્ઝાને નિર્દેશન સોંપ્યુ. ત્યારે અમે એક રોમેન્ટિક કોમેડી બનાવવાના હતા, પણ મેં શાહરૂખને કહ્યું કે 'આપણે આટલા વખતથી સક્સેસ જોઈ છે, શાહરૂખ યુ આર સુપરસ્ટાર, નાઉ યુ શુડ ડૂ સમથિંગ ડિફરન્ટ...' અને પછી મેં ફિલ્મ : 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' નો પોલિટિકલ સેટાયરવાળો વિષય સંભળાવ્યો, જેમાં રાજકારણ અને પહેલીવાર ટી.વી.ન્યૂઝ-મીડિયાની હુંસાતુંસી વિશે વ્યંગવાળી વાતો હતી.. એ ફિલ્મથી મીડિયાવાળા ભડકી ગયા હતા . લોકો પણ શાહરૂખ પાસે રોમેન્ટિક ફિલ્મની અપેક્ષા રાખતા હતા, પણ મારા કહેવા પર એ રિસ્ક લેવા તૈયાર થઈ ગયો. એટલું જ નહીં, એણે ખૂબ મોટા બજેટ સાથે ફિલ્મ બનાવી. ફિલ્મ બનાવવા માટે કેમેરા ખરીદ્યો. 'જીમી-જીબ' નામની એ સમયે જે નવી મોંઘી સ્પેશિયલ ક્રેન આવી હતી, તે એણે ખરીદી લીધી પછી ફિલ્મની રફ કટ- કોપી જ્યારે જોઇ ત્યારે મેં કહ્યું કે, 'આપણે થોડું રિ-શૂટ કરીએ, ફેરફાર કરીએ જેથી વધુ જામે- ચાલે..' ત્યારે શાહરૂખે કહ્યું: 'ના! આપણાં દિલમાંથી જે નીકળ્યુ છે તે આપણે બનાવ્યું છે. ઈન્ડસ્ટ્રીમાં મારી નિર્માતા તરીકે આ પહેલી ફિલ્મ છે - રિલીઝની તારીખ નક્કી થઈ ગઈ છે. હવે હું પાછળ નહીં જ હટું..' ત્યારે એણે બહુ સરસ વાત કરી : 'સાંભળ યાર, હવે ઘરમાં પાર્ટી શરૂ થઈ ગઈ છે. 'છાસ હોય તો છાસ પીઓ, વ્હિસ્કી હોય તો વ્હિસ્કી પીઓ! '

એ ફિલ્મ ઠીકઠીક ચાલી, પણ સુપરહિટ ના થઇ ત્યારે મારી બાકી રહી ગયેલી ફી-મહેનતાણાનાં પૈસા લેવાની ના કહી, કારણકે મારામાં અપરાધભાવ હતો કે મારા આગ્રહને લીધે આ ફિલ્મ બની અને સુપરહિટ ના ગઇ.. આમ છતાં, શાહરૂખે પરાણે મારા ઘરે બાકી રકમનો ચેક સામેથી મોકલ્યો..ફિલ્મ લાઇનમાં આવું કોણ કરે?

એક વખત મારા કોઈક સગાંને પીઠની બીમારી થઈ ગઈ હતી. ગંભીર સર્જરી કરાવવી પડે એમ હતી. મેં તરત શાહરૂખને એ સર્જરી વિશે પૂછવા માટે SMS કર્યો, કારણ કે એણે પણ કરોડરજ્જુની આવી સર્જરી કરાવેલી. નોર્મલી ૪ કલાકે કે બીજે દિવસે જવાબ આપનાર શાહરૂખે ત્યારે તરત જ ફોન કરીને સમજાવ્યું : 'બોમ્બે હૉસ્પિટલમાં ફલાણા ડોક્ટર છે એમને મળવું અને બની શકે તો ઓપરેશન નહીં કરાવવાનું.. વગેરે' વાતો દસ મિનિટ સુધી એણે પેશન્ટને સમજાવીને કરી.

એ જ રીતે, આપણા જાણીતા ગુજરાતી એક્ટર અમૃત પટેલ, જ્યારે કિડનીની બીમારીથી પિડાતાં હતા ત્યારે ડાયાલિસીસનો ખર્ચ શાહરૂખ આપતો હતો. 'નાણાંવટી હોસ્પિટલ'માં ગરીબો -જરૂરિયાતમંદો માટે શાહરૂખનું મેડિકલ ટ્રસ્ટ ચાલે છે, એના માતાને નામે વોર્ડ પણ છે, પણ કોઇ જાહેરાત કે પબ્લિસિટીનાં ઢંઢેરા પીટયા વિના.

શાહરૂખ પર હું પાનાં ભરીને લખી શકું... પણ ખેર, અનેક મર્યાદાઓ સાથે શાહરૂખ ખાન આજે બોલિવૂડનો સૌથી સજ્જન, પોઝિટિવિટીવાળો પારદર્શક કલાકાર છે એટલે જ ૩૧ વરસથી એ નંબર- ૧ છે...

બાય ધ વે, આવતી કાલે ૨જી નવેમ્બરે શાહરૂખનો જન્મદિવસ છે... હેપ્પીવાલા બર્થ-ડે બાદશાહ ખાન! ■



**સાત્વિકમ્ શિવમ્**

**અરવિંદ વેકરિયા**

# પુણ્ય છપ્પર ફાડીને આપે છે ને પાપ થપ્પડ મારીને પાછું ખૂંચવી લે છે !

મહુવાથી સૌથી મોટી 'ધારિયા ઘાત' ટળી જેની ધારણા ક્યારેય રાખી નહોતી. દરબારને ઘમંડ હતો કે બાપુને કોઈ કહી શેનો જાય?'.

ઘમંડ હોય છે જ શરાબ જેવો, પોતાના સિવાય બધાને ખબર હોય છે કે આને ચઢી ગયો છે'. અમને તો ખબર પડી,પણ બધા દરબારોને પણ ખબર પડી ગઈ અને ઘમંડનો નશો સાવ ઉતરી ગયો. એટલું જ નહિ, પોતાની કાર તલગાજરડા લઈ જવા આપવા તૈયાર થઈ ગયા. આ આખો પ્રસંગ મને અને ધનવંત શાહને યાદ રહી ગયો. ત્યારથી ગાંઠ વાળી લીધી કે નીતિ-સ્થિતિ-પરિસ્થિતિ અને આપવીતી કદી ભૂલવી નહિ. મુંબઈમાં આ અનુભવ સાથે પધરામણી તો થઈ ગઈ, પણ પછી ભટ્ટસાહેબને લીધે ગભરામણ વધી ગઈ.

'વાત મધરાત..' હવે ઢીલું પડતું હતું. હવે જો બે-ચાર શોમાં 'લોસ' આવ્યો તો સ્વભાવ મુજબ ભટ્ટસાહેબ 'નાટ્ય-વિરામ' જાહેર કરી મનોરંજનનું 'યુદ્ધ' અટકાવી દેશે. આજનું નહિ, એમનું આ વર્ષોથી ચાલતું રહ્યું છે. કયાં ચલાવી લેવું અને ક્યાંથી ચાલ્યા જવું એ વાત એમણે પોતાની સાથે વણી લીધી હતી. એમની વાત સાચી હતી કે દરેકની ઉંમર થાય પછી એ માણસ હોય કે નાટક! કમાયેલામાંથી ઓછા કરવા કરતાં, જે ઓછા કરીએ એ નવા નાટકમાં રોકવા જોઈએ.

બસ, કામ સારું કરતા રહેવાનું. પુણ્ય છપ્પર ફાડીને આપે છે અને પાપ થપ્પડ મારીને પાછું પણ લઇ લે છે. એ કહેતા, 'આ જે લોસ છે એ ન દેખાતી થપ્પડ છે, સાચવી લો.'

હું અને રાજેન્દ્ર શુકલ આ વિશે વિચાર કરવા લાગ્યાં. રિસ્ક-ફેક્ટર સાથે ભટ્ટસાહેબ સાથે આ પ્રોજેક્ટમાં આગળ નહિ વધાય એ લગભગ નક્કી હતું. હવે આ નાટક ભટ્ટસાહેબ સાથે નહિ થાય એની એંધાણી મળી ગઈ હતી. (જો કે આ નાટક આગળ કેવું કામ લાગ્યું એની વાતો આગળ લખીશ.)

રાજેન્દ્ર તો નવા વિષયો લઈને ફરતો જ હતો. મેં એને કહ્યું, 'નવા નાટકમાં મારો રોલ ન રાખતો. મારે દિગ્દર્શનમાં વધુ ધ્યાન આપવું છે.' નિર્માતા તુષાર શાહને અમે ભટ્ટસાહેબની વાત કરી. જો કે આડકતરી રીતે એ જાણતા હતા. એ કહેતા ભટ્ટસાહેબની વાત સાચી છે. ભટ્ટસાહેબ હમેશાં સત્ય અને હકીકતની અગમચેતી જોઈને વર્તતા. એ કહેતા : 'સત્યની સાથે રહેશો તો જાગરણ થશે,પણ ઉજાગરા નહિ થાય...'

હવે 'રંગફોરમ' બેનરમાં ભટ્ટસાહેબ કોઈ બીજા નિર્માતા સાથે નવો પ્રોજેક્ટ શરું કરી રહ્યાં હતા. સ્વાભાવિક, તુષારભાઈએ નવા બેનર હેઠળ નાટક તૈયાર કરવું પડે. રાજેન્દ્ર એ વાર્તા લઈ આવ્યો. એક ભાભી વિધવા બને છે. શંકા છે કે એના પતિનું ખૂન કરવામાં આવ્યું છે. મૃત ભાઈનો લઘુ બંધુ ઘરે આવે છે. ડાયલેમા એ સમજાય છે કે, નાના ભાઈને શંકા છે કે મારા ભાઈને ભાભીએ 'દૂર' કરી નાંખ્યા છે જયારે લઘુબંધુની અમુક વાતો પરથી ભાભીને શંકા પડે છે કે નક્કી મિલકત માટે મારા પતિને આ દિયરે પતાવી નાંખ્યા છે. ....જે પ્રેમ અને શ્રદ્ધા ભાભીને દિયરમાં હતા એ શંકાએ દુર કરી નાંખ્યા. એમના પ્રત્યેનો વિશ્વાસ મરી પરવાર્યો. કહે છે ને કે શ્રદ્ધા એક્ષ્પાયર થાય તો અંધશ્રદ્ધા બને અને વિશ્વાસ અપગ્રેડ થાય ત્યારે આત્મવિશ્વાસ... અહીં તો સાવ ઉલટું બને છે. વાર્તા રસપ્રદ્ હતી. તુષારભાઈ કહે, 'દાદુ તો નથી કરવાના. ભાભીના રોલમાં ભૈરવીબહેન અને દિયરના પાત્રમાં સોહિલ વિરાણી.'

સનત વ્યાસે શક્ય એટલા અમારા શો સાચવી લીધા હતા. હવે એનું નવું નાટક ફલોર પર હતું. શોધ મોટાભાઈની કરવાની હતી. લિસ્ટ બનાવતા હતા, પણ મેળ નહોતો પડતો. હું અપસેટ થતો હતો. રાજેન્દ્રએ લેખકની ભાષામાં કહ્યું : 'પોતાના પર વિશ્વાસ રાખો, એક દિવસ એવો પણ આવે કે ઘડિયાળ બીજાની હોય અને સમય આપણો હોય.' મેં કહ્યું : 'આ સંવાદ નાટકમાં ક્યાંક વાપરજે, અત્યારે પાત્રનું નક્કી કર.'

ત્યાં ખબર પડી કે સનત વ્યાસ ભલે પોતાના કમીટમેન્ટને લઈ બીઝી થયા, પણ મારો બીજો મિત્ર પ્રતાપ સચદેવ એ જ અરસામાં એના ચાલતા નાટકમાંથી 'ફ્રી' થવાનો છે. આ બધી વાતો કરતા રાત પડેલી એટલે રાજેન્દ્ર મને કહે : 'કાલે સવારે ભટ્ટ સાહેબને આપણા નિર્ણય બાબત અને એમની અવેબિલીટી બાબત ફોન કરી દેજે.' ■

***********

*સંભાળીને ચાલજે, અહીં સમજદારોની વસતી છે, અહીં ઈશ્વરને પણ અજમાવે છે, તો આપણી શું હસ્તી છે.*

************

### કિરણ સંપટને આદરાંજલિ...



*બારે મહિના બોલકી મારી વેદના મૂંગી-મંતર,*
*ઝીણું ઝીણું સરવા સૂરે વાગતું ક્યાંથી જંતર.*
*----મેહુલ'*

*ભડ નિર્માતા, જેમણે સંસ્થા 'ખેલૈયા'નાં બેનર હેઠળ અઢળક નવા-નવા વિષયોને આવરી લેતાં નાટકો પ્રેક્ષકોને આપ્યા. શૈલેશ દવે અને સિદ્ધાર્થ રાંદેરિયા સાથે પણ અનેક વિવિધ નાટકો કર્યા. એમની એક આગવી સ્ટાઈલ હતી. કંઈ પણ પૂછો તો કહે : 'કાલે કહું?'.*

**શત-શત નમન**



**ડબ્બલ રિચાર્જ**

*બિલ્ડરો પણ હવે પતિઓની ભાવના સમજી ગયા છે. નવા પ્લોટનાં બાંધકામ થાય છે તેમાં માળિયા બનાવતા જ નથી...'*
*રહેગા બાંસ, ન બજેગી બાંસુરી.*

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# કભી તન્હાઈયોં મેં યૂં હમારી યાદ આયેગી...

### ૭૫ વર્ષ પહેલાં ગાયન સાથે અભિનયથી શરૂઆત કરનારાં મુબારક બેગમની કારકિર્દી ઊંચે આકાશમાં લહેરાવાની શરૂઆત થતા જ જમીનદોસ્ત થઈ ગઈ



મુબારક બેગમ



તનુજા

હિન્દી ફિલ્મ સંગીતમાં લતા મંગેશકરના ડંકા વાગવાની શરૂઆત થઈ એ દોરની વાત છે. ‘નીલ કમલ’, ‘બાવરે નૈન’, ‘જોગન’ વગેરે એ સમયની લોકપ્રિય ફિલ્મ બનાવનારા કેદાર શર્માએ નવોદિતો સાથે એક રોમેન્ટિક ડ્રામા બનાવવાનું આયોજન કર્યું હતું. મરાઠી ફિલ્મ સંગીતમાં આગવી છાપ પાડનાર મ્યુઝિક ડિરેક્ટર સ્નેહલ ભાટકરને ગીતો સ્વરબદ્ધ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. સ્નેહલ ભાટકરને લતા દીદી સાથે અંગત પરિચય હતો અને દીદીની વધી રહેલી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખી શર્મા સાહેબ પણ એમના અવાજમાં ગીત રેકોર્ડ કરવા ઉત્સુક હતા. એમને ભાટકરની ધૂન બેહદ પસંદ પડી હતી. રેકોર્ડિંગની સર્વ તૈયારી થઈ ગઈ અને દીદી આવે એટલે ગીત સ્વરબદ્ધ કરવાનું હતું.

જોકે, લતા મંગેશકર રેકોર્ડિંગ માટે આવ્યાં જ નહીં. એમનો સંપર્ક કરવામાં આવતાં એ કોઈ અન્ય ફિલ્મના ગીતોના રેકોર્ડિંગમાં વ્યસ્ત હતાં.

પત્યું. કેદાર શર્મા છંછેડાઈ ગયા અને એ જ ઘડીએ હવે આ ગીત લતા નહીં ગાય એવો નિર્ણય લઈ ગીત મુબારક બેગમના અવાજમાં રેકોર્ડ કરવામાં આવ્યું. એ ફિલ્મ હતી ‘હમારી યાદ આયેગી’ અને એ ગીત હતું તનુજાને કેન્દ્રમાં રાખી તૈયાર થયેલું ‘કભી તન્હાઈયો મેં યૂં હમારી યાદ આયેગી’.

ફિલ્મ રિલીઝ થતાની સાથે અનેક હોઠ ગીત ગણગણવા લાગ્યા, અનેક કાન આ ગીત સાંભળવા સરવા થવા લાગ્યા.

હિન્દી ફિલ્મ સંગીતમાં એવાં અનેક ઉદાહરણ છે, જે પ્રતિભાને જોરે સડસડાટ સીડી ચડી ઊંચા શિખરે પહોંચી ગયા હોય, પણ દ્વેષ, કમનસીબ જેવા કોઈ કારણસર તળેટી તરફ ધકેલાઈ ગયા હોય.

રાજસ્થાનના રૂઢિચુસ્ત મુસ્લિમ પરિવારમાં જન્મેલાં મુબારક બેગમ આ પંક્તિમાં બિરાજે છે. ૭૫ વર્ષ પહેલાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એમનું આગમન થયું ત્યારે શમશાદ બેગમ (સૈયાં દિલ મેં આના રે, કજરા મુહબ્બતવાલા વગેરે), ઝોહરાબાઈ અંબાલેવાલી (સાવન કે બાદલો, અખિયાં મિલા કે જીયા ભરમા કે), ગીતા દત્ત (મેરા સુંદર સપના બીત ગયા, હો ગોરી તેરા બાંકા છૈલા) અને લતા મંગેશકર (આયેગા આનેવાલા, એક દિલ કા લગાના બાકી થા)ના સૂર બરાબર સેટ થઈ રહ્યા હતા અને સરગમ એમની આસપાસ જ ફરતી હતી.

સદ્‌નસીબે સંગીત રસિક પિતાશ્રીને પુત્રીમાં પ્રતિભાના દર્શન થયા અને એ જમાનામાં જેમ અનેક લોકો નસીબ અજમાવવા મુંબઈ આવતા હતા એમ મુબારક બેગમના પરિવારે પણ પચરંગી શહેરમાં સ્થળાંતર કર્યું. પુત્રીને સંગીત તાલીમ મળે એની તજવીજ કરી અને ‘ઓલ ઈન્ડિયા રેડિયો’ પર ગાવાની તક મળી. એક તક બીજી તક ખેંચી લાવે એમ કોમિક અને વિલન રોલમાં પ્રભાવ પાડનારા યાકૂબે ‘આયી’ (૧૯૪૯) નામની ફિલ્મનું નિર્માણ કર્યું જેમાં મુબારક બેગમને ગીત ગાવા ઉપરાંત પડદા પર ચમકવાની તક સુધ્ધાં મળી. એ દોર સિંગર - એક્ટરનો હતો. બંને આવડત ધરાવતા કલાકાર (સુરૈયા, નૂરજહાં ઈત્યાદિ)ને પ્રાધાન્ય આપવામાં આવતું હતું. ફિલ્મ ફ્લોપ થઈ, પણ મુબારક બેગમે ગાયેલાં બે ગીત ‘મોહે આને લગી અંગડાઈ’ અને લતા મંગેશકર સાથેનું યુગલ ગીત ‘આઓ ચલે વહાં’ નજરે ચડ્યું અને ૧૯૫૦ના દાયકામાં એમની કારકિર્દી પાટે ચડી ગઈ.

અગ્રણી સંગીતકારો ગુલામ મોહમ્મદ, સરદાર મલિક, એસ. ડી. બર્મન, સલિલ ચૌધરી એમના સ્વરને સૂર આપતા થઈ ગયા. આ દાયકામાં એમણે ગાયેલાં યાદગાર ગીત હતા ‘દેવતા તુમ હો મેરા સહારા’ (દાયરા), ‘હમ હાલ - એ - દિલ સુનાએંગે’ (મધુમતી), ‘વો ના આયેંગે પલટકર’ (દેવદાસ), ‘ક્યા ખબર થી યૂં તમન્ના’ (રિશ્તા) વગેરે. જોકે, આ બધાં ગીત એ સમયે લોકોને ગમતાં પણ બહુ જલદી વિસરાઈ પણ જતાં. મુબારક બેગમના નામ સાથે એક પણ અવિસ્મરણીય ગીત નહોતું બોલતું. આખરે એ સમય આવ્યો ખરો. આપણે શરૂઆતમાં કેદાર શર્માની ફિલ્મના જે ગીતની વાત કરી એ ‘કભી તન્હાઈયોં મેં યૂં હમારી યાદ આયેગી, અંધેરે છા રહે હોંગે, કે બીજલી કૌંધ જાયેગી’થી બદલાવ આવ્યો. ખુદ કેદાર શર્માએ લખેલા આ ગીતમાં એક જ કડી હોવા છતાં એને અફાટ લોકપ્રિયતા સાંપડી હતી. મુખડામાં એક શબ્દ છે કૌંધ.... ‘બીજલી કૌંધ જાયેગી’ મતલબ વીજળીનો ચમકારો. આ ગીત મુબારક બેગમની કરિયરમાં વીજળીનો ચમકારો સાબિત થઈ.

આ ગીત સાથે સંકળાયેલો એક મજેદાર કિસ્સો મુબારક બેગમએ ખુદ એક ઈન્ટરવ્યૂમાં બયાન કર્યો હતો. ‘ગીતનું રેકોર્ડિંગ પૂરું થયા પછી કેદાર શર્માએ મારા હાથમાં ૨૫ પૈસાનો એક સિક્કો મૂક્યો (પાવલી પકડાવી). મને સમજાયું નહીં કે શર્મા સાહેબ શું કામ આવું કરી રહ્યા છે. હું અવઢવમાં હતી કે શું કરવું? સંગીતકાર સ્નેહલ ભાટકર એ સમયે ત્યાં હાજર હતા. તરત મને કહેવા લાગ્યા કે સિક્કો લેવાની ના નહીં પાડતી. એ ૨૫ પૈસા નથી, શર્માજીના આશીર્વાદ છે. કોઈના કામથી બહુ રાજી થાય ત્યારે એ પાવલી આપતા હોય છે. એમની વાત સોળ આના સાચી સાબિત થઈ. ગીતને કારણે એવી લોકપ્રિયતા મળી કે સફળતા મારા આંગણે ફેર ફુદરડી ફરવા લાગી.’

દોડવા માટે ઢાળ મળ્યો અને ૧૯૬૦ના દાયકામાં અનેક યાદગાર ગીત એમના નામ સાથે જોડાયા. ફિલ્મ ‘સુશીલા’માં તેમનું સોલો સોંગ ‘બે - મુરવત બેવફા બેગાના અય દિલ આપ હૈ’, ‘હમરાહી’નું યુગલ ટાઈટલ સોંગ ‘મુજકો અપને ગલે લગા લો અય મેરે હમરાહી’, ‘શગુન’નું તલત મેહમૂદ સાથેનું યુગલ ગીત ‘ઈતને કરીબ આ કે ભી ક્યા જાને કિસ લિએ’, ‘મોરે મન મિતવા’નું ’, ‘મેરે આંસુઓ પે ના મુસ્કુરા’ .... લોકપ્રિયતાનો ગુણાકાર થવા લાગ્યો. જોકે, એ સાથે કલ્પનામાં પણ નહોતા એવા બનાવ બનવા લાગ્યા.

મુબારક બેગમે કરેલા ખુલાસા અનુસાર ‘જબ જબ ફૂલ ખિલે’નું ‘પરદેસિયોં સે ના અખિયાં મિલાના’ અને ‘કાજલ’નું ‘અગર મિલે ના મુજે તુમ’ તેમના અવાજમાં રેકોર્ડ થયું હતું, પણ રેકોર્ડ બહાર પડી ત્યારે બીજા કોઈનો અવાજ હતો. કોઈ કાવતરું રચાયું અને ફિલ્મોમાં ગાવાની તક મળતી લગભગ બંધ થયું એવું મુબારક બેગમનું પોતાનું માનવું હતું. ૧૯૭૦ના દાયકામાં તો અલવિદા જેવી હાલત થઈ ગઈ હતી.

ફિલ્મની ગ્લેમરસ દુનિયાની બહાર મુબારક બેગમ આદરણીય ગઝલ ગાયિકા તરીકે પણ ખ્યાતિ ધરાવતા હતાં. વારે -તહેવારે ગઝલ કાર્યક્રમોમાં એમને આમંત્રણ મળતું અને ફિલ્મ કારકિર્દીનો વીંટો વળી ગયા પછી અનેક વર્ષો સુધી પરફોર્મન્સ આપી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતાં રહ્યાં.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એમને મળવી જોઈએ એટલી તક મળી નહીં એ હકીકત છે. ૨૦૦૭માં ગોવામાં આયોજિત ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ્સ ડિવિઝને તૈયાર કરેલી મુબારક બેગમની ડોક્યુમેન્ટરી દર્શાવવામાં આવી. કમનસીબે એ રજૂઆત એમની સંગીત સફર કરતાં એમની સાથે થયેલા અન્યાય માટે વધુ સ્મરણમાં રહી છે. ૧૯૫૦ના દાયકામાં ધુરંધર સંગીતકારો માટે સૂર રેલાવનારાં મુબારક બેગમના જીવનના સૂર ૨૦૧૬માં દારુણ અવસ્થામાં બંધ પડી ગયાં. ■




# જ્યારે ગાયનમાં પણ ‘ભૂલ’ રહી જાય!

મહેશ નાણાવટી



આશા ભોંસલે અને કિશોર કુમાર સાથે રેકોર્ડિંગ કરતાં

ભલે તમે જૂનાં ફિલ્મી ગાયનોના શોખીન હો, ભલે તમે આ એક ગાયન સેંકડો નહીં - હજારેક વાર સાંભળ્યું હોય, અને ભલે તમને એમાં એક ટાંકણી જેટલી પણ ભૂલ ન જણાઈ હોય છતાં એના શબ્દો ધ્યાનથી સાંભળો તો ખ્યાલ આવશે કે એમાં બહુ જ મોટી ભૂલ રહી ગઈ છે!

ગાયન છે ફિલ્મ ‘એક મુસાફિર એક હસીના’નું ગાયકો આશા ભોંસલે અને મહંમદ રફી સાહેબ અને સંગીતકાર ઓ પી નૈયર ...આમાં ગીતકાર રાજા મહેંદી અલી ખાન સાહેબ કદાચ ગીતના રેકોર્ડિંગ વખતે કાં તો હાજર નહીં હોય અથવા તો પાન-બાન ખાવા માટે સ્ટુડિયોની બહાર ગયા હશે એમાં જ આવડો મોટો લોચો વાગી ગયો છે....

તમે હજી વિચાર કરતા હશો કે એ વળી કયું ગાયન? તો એ હતું ‘મૈં પ્યાર કા રાહી હું તેરી જુલ્ફ કે સાયે મેં...’ યાદ આવ્યું? હવે પૂછો, કે એમાં લોચો ક્યાં છે ભૈસાબ?

-તો લોચો એ ગીતના બંને અંતરામાં છે...

બન્યું છે એવું કે બંને અંતરામાં રફી સાહેબની લાઈનો પછી આશાજીને જે લાઈનો ગાવાની આવે છે એમાં અદલાબદલી થઈ ગઈ છે! જુઓ, પહેલા અંતરામાં રફી સાહેબ કહે છે: ‘તેરે બિન જી લગે ના અકેલે’ જવાબમાં આશાજી કહે છે: ‘હો સકે તો મુઝે સાથ લેલે’ તો રફી સાહેબ ના પાડતાં કહે છે: ‘નાઝની તૂ નહીં જા સકેગી, છોડકર જિંદગી કે ઝમેલે...’

હવે એના જવાબમાં ખરેખર તો એમ આવવું જોઈએ કે: ‘ના મૈં હું નાઝની, ના મૈં હું માહઝબીં, આપ કી હી નજર હૈ દિવાની...’એના બદલે આશાજીએ ગાયું છે:

‘જબ ભી છાયે ઘટા, યાદ કરના જરા, સાત રંગો કી હું મૈં કહાની...’

હકીકતમાં આશાજીનો આ જવાબ બીજા અંતરાના શબ્દો પછી આવવો જોઈએ જેમાં ‘ઘટા’ સાથે વીજળીનો રેફરન્સ છે. અહીં શબ્દો આ મુજબ છે: ‘પ્યાર કી બિજલિયાં મુસ્કુરાયે...’ આશાજી કહે છે: ‘દેખિયે આપ પર ગિર ના જાયેં...’ રફી સાહેબ ગાય છે: ‘દિલ કહે દેખતા હી રહું મૈં, સામને બૈઠકર યે અદાયેં...’ તો એ વખતે આશાજીનો જવાબ ફીટ બેસે છે કે જ બ ભી છાયે ઘટા યાદ કરના ઝરા, સાત રંગો કી હું મૈં કહાની...’ પણ એ તો પહેલા અંતરામાં ગવાઈ ગયું!

જોવાની વાત એ છે કે ગીત રેકોર્ડ પણ થઈ ગયું અને એ જ રીતે ફિલ્માઈ પણ ગયું! આપણને થાય કે યાર, આ તો આખેઆખું કોળું શાકમાં? ચાલો, રેકોર્ડિંગ વખતે કોઈનું ધ્યાન ન પડ્યું, પણ શૂટિંગ વખતે તો એક એક લાઈનના છ-છ સાત-સાત રિ-ટેક થતાં હોય, ત્યાં પણ કોઈને ખ્યાલ ના આવ્યો? કદાચ ગીતકાર રાજા મહેંદી અલી ખાંને ખ્યાલ આવ્યો હશે, પણ એ પછી નવેસરથી રેકોર્ડિંગ અને શૂટિંગ કરવાનું મોંઘું પડે તેવું હશે! અને કાતર-ગુંદર-કામ કરવા ગયા હોત તો ગીતની મઝા જ મરી જાત!

આ જ રીતે, બીજા એક જૂના અને યાદગાર ગીતમાં જે મીઠડી - ‘મિસ્ટેક’ થઈ છે એમાં પણ મીઠડી ભૂલ આશાજીથી જ થઈ છે!

એ ગાયન છે ‘પિયા પિયા પિયા મોરા જીયા પુકારે’ (ફિલ્મ: ‘બાપ રે બાપ’) મસ્ત ઘોડાગાડીની રિધમવાળું ગાયન છે, જેમાં ગીતના અંતરાઓની લાઈનો બંને ગાયકોએ બબ્બે વાર ગાવાની છે. ત્યાર બાદ આશાજી ‘હાંઆ...’ કરીને અંતરો અને મુખડાને જોડતી ક્રોસ લાઈન ગાય છે. આમાં રેકોર્ડિંગ વખતે એવું થયું કે બીજા અંતરામાં કિશોરદા એમની લાઈન હજી એકવાર ગાય છે ત્યાં તો આશાજી ભૂલથી ‘હાંઆ...’ કરતાં ક્રોસ લાઈન ગાવા ગયા! તરત જ ભૂલ સમજાઈ એટલે અટકી ગયાં!

બીજી તરફ, કિશોરદાએ અટક્યા વિના એમની લાઈન રિપીટ કરી જ લીધી. ગાયનનો આ ટેક ‘ઓકે’ થતાંની સાથે જ આશાજીએ કહ્યું ‘ફિર સે કરના પડેગા. મુજસે ગલતી હો ગઈ...’ તો કિશોરકુમાર કહે છે ‘ચિંતા ના કરો, ફિલ્મનો હીરો હું પોતે છું ને!’

શૂટિંગ વખતે કિશોરકુમારે શું કર્યું?

જેવી હીરોઈન (ચાંદ ઉસ્માની) ‘હાંઆ...’ કરીને ગાવા જાય છે ત્યાં કિશોરકુમાર એના મોં પર હાથ મુકીને મસ્તીથી પોતાની લાઈન રિપીટ કરે છે.... પ્રોબ્લેમ સોલ્વ! (જોઈ લેજો યુ-ટયૂબમાં)આ બંને તો ગાયકોની ભૂલો છે, પરંતુ જે સંગીત રસિયાઓ બહુ ધ્યાનથી વિવિધ વાજિંત્રોની બારીકાઈ પણ સાંભળે છે એમના ધ્યાનમાં ફિલ્મ ‘ગાઈડ’ની એક ભૂલ પણ પકડાઈ શકે છે.

એ ભૂલ ખૂબ જ જાણીતા સેક્સોફોન વાદક બાસુ મનોહારીથી થઈ છે. કયું છે એ ગીત?

‘તેરે મેરે સપને અબ એક રંગ હૈ...’ આનાં બે વર્ઝન છે, પરંતુ જે વર્ઝનમાં રફીસાહેબે અંતરાની પહેલી પંક્તિઓ બે વાર ગાઈ છે. એમાં આ ઝીણી મિસ્ટેક રહી ગઈ છે.

મિસ્ટેક શું છે? તો તમે એ ગીત ધ્યાનથી સાંભળો. એમાં ત્રીજા અંતરા પહેલાંના ઈન્ટરલ્યુડ મ્યુઝિકમાં બાસુ મનોહારીનો એક ખૂબ જ સુંદર સેકસોફોનનો પિસ વાગે છે...બસ, એ પિસ પછી રફીસાહેબની લાઈન આવે છે ત્યારે પાછળ જે સેકસોફોનનો નાનકડો પિસ વાગવો જોઈએ તે વગાડવાનું મનોહારી ભૂલી ગયા છે!

(અહીં ગીતના શબ્દો છે: ‘લાખ મનાલે દુનિયા, સાથ ના યે છૂટેગા...’)

ખેર, આવી સુંદર ભૂલો એ વખતે એટલે માટે થતી હતી કેમ કે એ જમાનામાં તમામ ગીતો ફૂલ ઓરકેસ્ટ્રા સાથે ‘લાઈવ’ રેકોર્ડ થતાં હતા, જ્યાં અનેક રિહર્સલો પછી રેકોર્ડિંગ વખતે સાવ મામૂલી ભૂલોને કારણે આખેઆખા ગાયનો ‘રિ-ટેક’ લેવા પડતા હતા. આજે તો ડિજિટલ ટેક્નોલૉજીને લીધે ગાયકો અલગ અને દરેકે દરેક વાજિંત્રો પણ અલગ! એટલું જ નહીં, ક્યારેક તો એક એક શબ્દનું ‘કટિંગ-પેસ્ટિંગ’ થાય છે!

બસ, ‘ભૂલ’ આજ કાલ એટલી જ થાય છે કે સેંકડો ગીતો બને છે જ એવાં કે સાંભળ્યાની ત્રીસમી સેંકન્ડે ‘ભુલાઈ’ જાય છે! ■

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

# બોક્સ ઑફિસની હરીફાઈમાં આટલી બધી કડવાશ?

આજે બોલિવૂડ માટે બહુ મોટો દિવસ છે. આજે જ ‘સિંઘમ રિટર્ન્સ’ અને ‘ભૂલ ભુલૈયા ૩’ રિલીઝ થઇ રહી છે. ભૂતકાળમાં પણ આ રીતે એક સાથે ઘણી બધી ફિલ્મો રિલીઝ થઇ છે, પરંતુ આ વખતે જેટલું પ્રેશર એકિઝબીટર્સ પર મૂકવામાં આવી રહ્યું છે એટલું દબાણ પહેલા કદાચ ભાગ્યે જ જોવા મળ્યું હતું, એમ આ ઉદ્યોગના જાણકારો કહે છે.

જ્યારે બે મોટી ફિલ્મ રિલીઝ થતી હોય ત્યારે સહુથી પહેલાં સહુથી વધુ સ્કિન કોણ લઇ જાય એની સ્પર્ધા શરૂ થાય. આ બંને ફિલ્મ વચ્ચેની આ હરીફાઈ હજી બે દિવસ પહેલાં બુધવાર રાત્રે જ પૂરી થઇ, જેમાં ‘સિંઘમ...’ના પક્ષમાં ૬૦% સ્ક્રિન્સ આવશે એવો નિર્ણય લેવામાં આવ્યો, પરંતુ આ નિર્ણય આવે તે અગાઉ ‘ભૂલ ભુલૈયા ૩’ના નિર્માતાઓ દ્વારા બે બીજી રમત રમાઈ ગઈ.

‘સિંઘમ રિટર્ન્સ’ને મળેલા વધારે સ્ક્રિન્સ વિરુદ્ધ ‘ટી-સિરીઝ’ કોમ્પિટિશન કમિશન ઑફ ઇન્ડિયામાં ગયું હતું. આટલું ઓછું હોય તેમ યુટ્યૂબ પરના ‘સિંઘમ’ના એક જૂના ગીત જેને સિંઘમ રિટર્ન્સમાં રિપીટ કરવામાં આવ્યું હતું તેના પર ‘ટી-સિરીઝે’ વાંધો લઈને પ્રતિબંધ મુકાવી દીધો, કારણ કે એના મ્યુઝિક રાઈટસ એની પાસે છે ! પરિણામે એ ગીત આ પ્લેટફોર્મ પર દેખાતું બંધ થઇ ગયું. એવું નથી કે ‘સિંઘમ રિટર્ન્સ’ના મેકર્સે કોઈ રમત નહીં રમી હોય, પણ જો આ જ બધું કરવાનું હતું તો એક સાથે બન્ને ફિલ્મ રિલીઝ કરવાની જીદ બન્ને નિર્માતાએ પકડીને બેસવાની શી જરૂર હતી?

------------------

# અજય દેવગણ વળી બીજી ગેમ રમી ગયો?



‘સિંઘમ રિટર્ન્સ’નો બધો મદાર અજય દેવગણ પર છે, જ્યારે ‘ભૂલ ભુલૈયા૩’ ના ડિરેક્ટર અનીસ બઝમી છે. દિવાળી પર આ બંને ફિલ્મની ટક્કર થવાનું નક્કી થયું ત્યારે અનીસ બઝમીએ તો અજયને મળવાની પણ ચોખ્ખી ના પાડી દીધી હતી કે એ મારું કામ નહીં, પણ નિર્માતાઓનું કામ છે... પત્રકારોએ અનીસને આ પ્રશ્ન કેમ પૂછ્યો એનો તાળો હવે છેક મળ્યો છે.

વાત એમ છે કે, હજી અજય દેવગણ અને અનીસ બઝમીની ફિલ્મો થિયેટર્સમાં ચાલતી હશે ત્યારે જ એ બંનેની એકસાથે કરેલી એક ફિલ્મ ૨૨ નવેમ્બરે ગુપચુપ રિલીઝ થઇ જવાની છે. અનીલ રૂંગટા નિર્મિત ફિલ્મ ‘નામ’ જેનું નિર્દેશન અનીસ બઝમીએ કર્યું છે અને અજય દેવગણ મુખ્ય ભૂમિકામાં છે એ પણ હવે થિયેટર્સમાં આવવાની છે એ કેવું વિચિત્ર લાગે નહીં?

આના પરથી ફેનભાઈ લોગોએ એટલું જ સમજવાનું છે કે ‘ધ હોલ થિંગ ઈઝ ધેટ કે ભૈયા સબસે બડા રૂપૈયા!’ ... બોલિવૂડના બે દિગ્ગજ ઝઘડે ત્યારે પણ રૂપિયો મહત્ત્વનો હોય છે અને જ્યારે સાથે મળીને કોઈ ફિલ્મ રિલીઝ કરે અથવા કરાવે ત્યારે પણ તેની પાછળ તો પેલો તગડો રૂપિયો જ હોય છે!

--------------

# અભિષેક ને નિમ્રત... ખરેખર?



અભિષેક બચ્ચન – નિમ્રત કૌર

છેલ્લા દસ-પંદર દિવસથી અભિષેક બચ્ચન અને નિમ્રત કૌર ચર્ચામાં છે. ચર્ચા છે કે એ બંને વચ્ચે કશુંક ‘હોટ..હોટ’ રંધાઈ રહ્યું છે. બીજી તરફ, ઘણા મહિનાથી ઐશ્વર્યા રાય બચ્ચન પરિવારથી અલગ રહે છે એવા સમાચાર પણ છે એવામાં અભિષેક- નિમ્રતની નિકટતા બીજા કેટલાક પ્રશ્ન ઊભા કરી રહી છે. આ અફવામાં જરાક જેટલો પણ દમ હોય તો તેનો અર્થ એ થઇ શકે છે કે બચ્ચન પરિવારમાં બધું સરખું નથી ચાલી રહ્યું.

એક સમયે જ્યારે એશ-અભિષેકના ફેરીટેલ ‘લગ્ન ટોક ઓફ ધ નેશન’ હતા, પણ એ જ જોડી વિખૂટી પડવા જઈ રહી છે તે વાત કોઈને પણ હચમચાવી મૂકે તેવી છે. આ વિખૂટા પડવાનો નિર્ણય અભિષેક-નિમ્રતની વધતી જતી નિકટતાને લીધે લેવાયો હતો કે વિખૂટા પડવાનો નિર્ણય લેવાઈ ગયા પછી અભિષેક અને નિમ્રત એકમેકની વધુ નિકટ આવ્યા ?!

આ બધા વચ્ચે નિમ્રત કૌરે પોતે ‘પ્રાઈવસીનું સન્માન કરે છે ’એવી ગોળગોળ વાતો સોશિયલ મીડિયા પર કરી છે તો અભિષેક જાહેરમાં ચૂપ છે અને સુજીત સરકારના નિર્દેશનમાં પોતાની આગામી ફિલ્મના પ્રમોશનમાં બીઝી છે.

બાય ધ વે, અભિષેકની એ ફિલ્મનું નામ છે :

‘આઈ વોન્ટ ટુ ટોક’! ■

**કટ એન્ડ ઓકે..**

*‘અમારી ફિલ્મમાં તો બધાના મોટા રોલ છે.’ .... - ‘ભૂલ ભુલૈયા ૩’નો હીરો કાર્તિક આર્યન ‘સિંઘમ રિટર્ન્સ’માં રજૂ થનારા અઢળક કેમિયો પર ટોન્ટ મારી રહ્યો છે...!*

પ્રકરણ ૧૦૨



# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

પૂજાની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં:

‘હા, મારી ઊંઘમાં ચાલવાની આદતને કારણે લોકોને મારા પર શંકા જાય એ સ્વાભાવિક છે...’

‘બાપ રે... ગાયત્રી, રહેવા દે... રહેવા દે... કબીર લાલ બનાવાનું કામ આપણું નહીં, મને અહીં બધા સાધુ મહાત્મા જ લાગે છે. કોઈ માણસનું શું, મચ્છરનું ખૂન કરે એવા લાગતા નથી. હું નથી માનતો કે આપણામાંથી કોઈએ ખૂન કર્યું હોય... સિવાય કે...’

જતીનકુમાર અટક્યા અને પછી ઉમેર્યું:

‘સિવાય કે આપણામાંથી કોઈ બહુ જ સારો અભિનેતા હોય.’

‘અંકલ, મને નહીં પૂછો...’ હમણાં સુધી ચૂપ બેસેલો જય બોલી ઊઠ્યો: આફટર ઓલ, કોઈએ મારું નામ પણ કાપલીમાં લખ્યું હતું.’

‘તું રહેવા દે’ જતીનકુમાર ઉતાવળે બોલ્યા:

‘એ તો મેં ગુસ્સામાં તારું નામ લખ્યું હતું.’

‘જીજાજી, તમને મારા પર શા માટે ગુસ્સો હતો?’ જયે નિર્દોષભાવે પૂછ્યું.

‘એ તો નથી ખબર, હું તો જ્યારે નામ લખવા બેઠો ત્યારે કોઈ નામ જ ન સૂઝ્યું. છેવટે મને થયું મારું જ નામ લખી નાખું. મને તો ખાતરી હતી કે બધાં જ મારું નામ લખશે. પછી કંઈ ન સૂઝતાં તારું લખી માર્યું. મને વિશ્વાસ હતો કે તારા પર કોઈ શક ન કરે. એની વે, સોરી...’ જતીનકુમારે ખુલાસો કર્યો.

જીજાજી, જાસૂસી નવલકથામાં જેના પર બિલકુલ શક ન આવે એવી જ વ્યક્તિ ખૂની નીકળે...’ જય હસ્યો.

‘અરે, નવલકથામાં તો જેનું નામ વસિયતનામામાં ન હોય એ જ ખૂની નીકળે. તો શું હું ખૂની છું?’ જતીનકુમારે કહ્યું. પછી થોડી વાર રહીને ઉમેર્યું:

‘આજે પહેલી વાર મને લાગે છે કે આપણામાંથી કોઈએ આવું હિચકારું કૃત્ય કર્યું ન હોઈ શકે.’

‘મને પણ એવું જ લાગે છે.’ ગાયત્રીએ સંમતિ દર્શાવી.

એ જ સમયે કરણનો મોબાઇલ રણક્યો. કરણે જોયું કે રુપાનો ફોન હતો. બધાની સામે વાત કરવી કે નહીં, કરણ એ અવઢવમાં હતો ત્યાં જ ગાયત્રીએ કહ્યું: કરણભાઈ, વાંધો નહીં, ફોન લ્યો, રુપાનો છે એ બધા જાણે છે.’

‘હા, સાળાબાબુ, અમારી સામે તો સિંહની ગર્જના કરો છો, જોઈએ સિંહણ સામે સિંહ જ બની રહો છો કે પછી ઉંદર...’

જતીનકુમારે પાનો ચડાવ્યો.

‘હલ્લો રુપા’ કરણે ફોન કાન પર ધર્યો.

‘કરણ, તેં શું વિચાર્યું? હવે મારી પાસે સમય નથી...’ રુપાના અવાજમાં ગુમાન હતું. તુચ્છકાર પણ હતો.

‘રુપા...’ કરણ અચકાઈ ગયો. રુપાને છોડતાં એનો જીવ નહોતો ચાલતો.

‘એમ રુપા... રુપા... કરવાથી કંઈ ન વળે... જો સાંભળ, તારી પાસેથી રુપિયા મળશે એ આશામાં મેં કૈલાશ પાસેથી સારી એવી રકમ ઉધાર લઈ લીધી છે. હવે તું મોડું કરીશ તો...’

રુપાના સ્વરમાં ચીમકી હતી.કરણ ચૂપ રહ્યો. એણે બોલવાની કોશિશ કરી પણ મોઢામાંથી એક શબ્દ નીકળતો નહોતો. કપાળ પર પરસેવાનાં બિંદુ ફૂટી નીકળ્યાં હતાં. આજ પછી જો આ છોકરીનો અવાજ કોઈ દિવસ સાંભળવા નહીં મળે તો... કરણ ધ્રૂજી ગયો.

‘શું વિચારે છે કરણ... તું હા પાડે છે કે પછી હું કૈલાશને હા ભણી દઉં... એ તો બે વરસથી મારી પાછળ પડ્યો છે. મારી હા સાંભળીને તો એ ઘેલો ઘેલો થઈ જશે.’ રુપાએ હવે રીતસરની ધમકી આપી.

કરણ અચાનક ઊભો થયો. લાંબા ડગલાં ભરતો એ ગાયત્રી પાસે ગયો અને જમણો હાથ ફેલાવતાં બોલ્યો:

‘ગાયત્રી, જિંદગીમાં હું ક્યારેય ભૂલ કરું તો તું મને રોકીશ?’

‘કરણ, ડોન્ટ વરી, જિંદગીમાં હું તને ભટકવા નહીં દઉં એની ખાતરી આપું છું.’ ગાયત્રીના શબ્દો સરી પડ્યા. એણે કરણનો હાથ પકડી લીધો.

‘ઓ.કે., થેન્ક યુ, ગાયત્રી, હવે તું મારી હિંમત જો...’ કહીને એ ફરી પોતાની જગ્યા પર આવ્યો ને ખુરશી પર બેસી ગયો.

‘હાં તો રુપા, તું શું કહેતી હતી? કોણ તારી રાહ જુએ છે?’ એણે ખૂબ સ્વાભાવિકતાથી પૂછ્યું.

‘કૈલાશ... કૈલાશ... કેમ કરણ ભૂલી ગયો...? પેલો સ્માર્ટ, હેન્ડસમ યંગ... એ મારી પાછળ બધું છોડવા તૈયાર છે.’ રુપાએ જવાબ આપ્યો.

‘ધેન યુ ગો... ટુ... હેલ...! ’

કરણની ચીસથી બધાં ચોંકી ઊઠ્યાં. કરણનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો. એનું શરીર ધ્રૂજતું હતું.

ગાયત્રીના હોઠના ખૂણા પર સ્મિત ઊભરતું હતું.

‘સાંભળ્યું તેં રુપા ? ગો... ટુ... હેલ...વીથે નો રિટર્ન ટિકિટ ! તું કૈલાશ પાસે જા કે કાળા ચોર...હું કેર્સ !’

‘કરણ, તું મારું ઇન્સલ્ટ કરી રહ્યો છે...’ રુપાએ પણ સામે છેડેથી ચીસ પાડી.

‘મેં તને ખરા હૃદયથી ચાહી છે એટલે તારા વિશે જેમ તેમ બોલીને આપણા રિલેશનનું અપમાન નહીં કરું. જો તું ગઈકાલે મારા માટે સર્વસ્વ બની શકે એટલી સારી હતી તો આજે તું અચાનક ખરાબ કેવી રીતે બની ગઈ? પણ રુપા, તું ભટકી ગઈ છો, તું ખોટા માર્ગે છો...’ સહેજ અટકીને કરણે વાત આગળ વધારી :ન

‘લિસન, લગ્ન એ કોઈ બે પાર્ટનર વચ્ચે શરુ થતો બિઝનેસ નથી કે જેમાં નાણાંનું રોકાણ કરવું પડે. અરે, પાર્ટનરશીપ ડીડ પણ એટ વીલ’ – સ્વેચ્છાએ હોય એટલે આજે હું તને સ્વેચ્છાએ મુક્ત કરું છું. આઈ એમ સોરી, રુપા, તારી સાથે મેં જીવનની શ્રેષ્ઠ મોમેન્ટ્સ વીતાવી છે એ મને હંમેશાં યાદ રહેશે. હું તને ભૂલી નહીં શકું, પણ, હવે હું તારી સાથે પણ નહીં રહી શકું... બાય રુપા...’

‘કરણ, સાંભળ... પ્લીઝ, લાઇન કટ ન કરતો. તારાથી હમણાં રુપિયાની વ્યવસ્થા ન થતી હોય તો કંઈ નહીં. હું થોડા દિવસ રાહ જોઈ શકીશ. આમેય પપ્પા હોસ્પિટલમાં હોય એટલે હું સમજી શકું છું... બાય ધ વે તારા પપ્પાને કેમ છે હવે?’ રુપાના સ્વરમાં કુમાશ ભળી.

‘સોરી, રુપા, હવે બહુ મોડું થઈ ગયું છે. મને તારી સામે ફરિયાદ નથી પણ હવે મારી આંખ ઊઘડી ગઈ છે એટલે મને મારી ભૂલો સ્પષ્ટ દેખાય છે... ઓલ ધ બેસ્ટ... બી હેપી ઓલવેઝ...’ કહીને કરણે લાઇન કાપી નાખી.

કમરામાં હાજર રહેલાં સર્વેએ તાળીઓ પાડી.

‘વાહ, સાળાબાબુ, આજે તો તમે સેન્ચ્યુરી મારી...’ જતીનકુમાર બોલ્યા.

‘સાચે જ દીકરા, આજે મને ખુશી થઈ...’ પ્રભા ગળગળી થઈ ગઈ.

‘ગ્રેટ કરણ’, ગાયત્રીએ સેલ્યુટ કરતાં કહ્યું: ઓનેસ્ટલી, તું રુપાને જાકારો આપી શકીશ એવું મેં નહોતું ધાર્યું. વેલ ડન, કરણ.’

‘ગાયત્રી, એમાં શ્રેય તને જાય છે. મેં તો તારા ખભ્ભા પર બંદૂક રાખીને ગોળી છોડી હતી.’

ત્યાં જ લખુકાકા આવ્યા.

‘કાં કાકા, પોલીસ આવી કે શું?’ જતીનકુમાર બોલ્યા.

‘ના, છાપાંવાળા અને ટી.વી.વાળા ભેગા થઈ ગયા છે. કહે છે કે ઘરના વડા સાથે વાત કરીશું...’

‘કાકા, એમને કહી દો કે અમારા ફેમિલી ફ્રેન્ડ મિસ્ટર કબીર લાલ થોડી વાર બાદ તમારી સાથે વાત કરશે,’ વિક્રમે જવાબ આપી દીધો.

‘આ છાપાંવાળા કાગનો વાઘ કરશે...’ કરણ બોલ્યો.

‘એની ચિંતા નહીં કર... એ લોકો વાઘનો કાગ કરવા માટે પણ એટલા જ બદનામ છે...’ જતીનકુમારે જવાબ આપ્યો અને પછી ચિંતિત સ્વરે પૂછ્યું: આ કબીરભાઈ ક્યાં અટકી ગયા?’

એ જ પળે કબીરે કમરામાં પ્રવેશ કર્યો.

‘વાહ ભગવાનનું નામ લ્યો અને ભગવાન હાજર...’ જતીનકુમાર બોલ્યા.

‘જમાઈબાબુ, કહેવત કંઈક જુદી છે...’ કબીર હસ્યો.

‘હા, પણ તમારા માટે એ બંધબેસતી નથી અને કરવાનો પ્રયાસ કરું તો મારા માટે જોખમી નીવડે...’ જતીનકુમારે જવાબ આપ્યો.

‘એની વે,’ કબીર ગંભીર થઈને બોલ્યો:

‘હું કમિશનર રવિ શ્રીવાસ્તવને મળી આવ્યો છું. અમે ઘરના તમામ સભ્યોના મોબાઈલ રેકોર્ડ્સ તપાસ્યા છે, પણ મહત્ત્વની કડી મને જગ્ગેની ડાયરીમાંથી મળી છે...’

‘એ ડાયરી તો મારી પાસે હતી...’ કરણ આશ્ચર્ય પામ્યો.

‘હા, મેં ગાયત્રીને કહ્યું હતું તારા ડ્રોઅરમાંથી જગમોહનની ડાયરી લેવા માટે. એ ડાયરી મેં ગઈકાલે જ ગાયત્રી પાસેથી વાંચવા લીધી. મને હતું કે એ ડાયરીમાં જગ્ગેએ આત્મહત્યા કરવા જતા પહેલાંની નોટ લખી છે, પણ મને એ ઉપરાંત બીજી એન્ટ્રીઝ પણ વાંચવા મળી જેના કારણે મને કેસ સોલ્વ કરવામાં મદદ મળી...’


‘ઓહ, તો કેસ સોલ્વ થઈ ચૂક્યો છે?’ જતીનકુમારે પૂછ્યું.

‘લગભગ, સિવાય કે એક કડી ખૂટે છે...’ કબીર બોલ્યો. પછી એણે પૂજા તરફ ફરીને પૂછ્યું.

‘પૂજા, મેં સાંભળ્યું છે કે તારામાં એકસ્ટ્રા સેન્સરી પર્સેપ્શન–એટલે કે ઈ.એસ.પી.ની કુદરતી બક્ષિસ છે?’

પૂજા મૌન રહી.

‘હા, અંકલ’, વિક્રમે જવાબ આપ્યો: ઘણી




વાર પૂજાને કુદરતી રીતે સ્ફુરણા થઈ આવે છે. મને પણ એનું લોજિક નથી સમજાતું. એક વાર તો અમારા ડોક્ટરને જ હાર્ટઍટેક આવશે એવી ભવિષ્યવાણી ભાખી ને....’

‘...ને ડોક્ટરને સાચે જ ઍટેક આવ્યો?’ કબીરને આશ્ચર્ય થયું.

‘હા, પૂજાની ભવિષ્યવાણી પછી દસ મિનિટની અંદર ડોક્ટર આચાર્યને હાર્ટઍટેક આવ્યો હતો. એ તો એટલા ગભરાઈ ગયા હતા કે હોસ્પિટલ જતાં પહેલાં મને ખાસ તાકીદ કરતા ગયા હતા કે તારી પત્નીની છઠ્ઠી ઇન્દ્રિય ખૂબ સતેજ છે...’ વિક્રમે વિસ્તૃત માહિતી આપી.

‘તો પછી વિક્રમ, તારાં પરાક્રમોની તારી પત્નીને ખબર ન પડી?’ કબીરે પૂછ્યું.

‘અંકલ,’ વિક્રમે નીચું જોઈને કહ્યું: એક વાર તો પૂજાને શ્યામલી ચક્રવર્તીનો ચહેરો દેખાયો હતો. એણે જ્યારે ચહેરાનું આબેહૂબ વર્ણન કર્યું ત્યારે તો હું પણ ડરી ગયો હતો...’

‘બાપ રે, આવી પત્ની હોવા છતાં તું લફરાં કરી શક્યો... ગજબનો બહાદુર કહેવાય... રેવતી, તને તો કોઈ ચહેરો નથી દેખાતો ને?’ જતીનકુમાર બોલ્યા.

‘મને તમારા સિવાય કોઈનો ચહેરો નથી દેખાતો...’ રેવતી બોલી, કબીરે તરત જ વાતનું અનુસંધાન મેળવતાં કહ્યું:

‘હવે પ્રશ્ન એ છે કે પૂજાને આ વખતે કેમ કોઈ સ્ફુરણા ન થઈ? પૂજા, તને આ વખતે કોઈ ચહેરો ન દેખાયો?’

‘ના અંકલ, છેલ્લા કેટલાક દિવસથી મને કંઈ દેખાતું નથી. એના કારણે હું તો ખૂબ હળવાશ અનુભવું છું.’ પૂજાએ સ્પષ્ટતા કરી.

‘સાચી વાત છે, ભવિષ્યની આગોતરી જાણકારી શ્રાપરુપ બની શકે.’ કબીરે કહ્યું.

‘હવે તમે કેસની વાત કરશો કે પછી આ અગમનિગમની જ ચર્ચા કરશો?’ જતીનકુમારના સ્વરમાં આતુરતા હતી.

‘યસ, જમાઈબાબુ, આપણે પહેલાં એક પછી એક નામ બાદ કરતાં જઈએ.’

પોલીસવાળો દસ નામ બાદ કરીને અગિયારમું નામ લેશે, જતીનકુમાર વિચારતા હતા.

‘પ્રભાએ ખૂનનો પ્રયાસ નથી કર્યો.’ કબીરની ક્લિન ચીટ મળતાં પ્રભાએ રાહતનો શ્વાસ ખેંચ્યો.

‘આ એવી ટીમની પસંદગી છે જેમાં રિજેક્ટ થવાથી માણસ ખુશ થાય...’ જમાઈબાબુ બોલ્યા.

‘સાચી વાત છે...’ કબીરે કહ્યું: કરણ બેવકૂફ હોઈ શકે પણ ખૂની નથી.’ કરણે બંને હાથની મુઠ્ઠી વાળીને હાથ એક આંચકા સાથે પાછળ ખેંચીને ખુશી જાહેર કરી.

‘વિક્રમે મૂર્ખાઈ કરી છે, પરસ્ત્રી સાથે સંબંધ રાખીને ભૂલ પણ કરી છે, પણ પપ્પા પર હુમલો કરે એટલો બિનજવાબદાર નથી.’

વિક્રમના ચહેરા પર પહોળું હાસ્ય ફેલાવા લાગ્યું.

‘ભાઈસાબ, તમારી આ ટીમમાં મને સિલેક્ટ નહીં કરતા હોં, હું ખૂબ જ ખરાબ ખેલાડી છું...’ જતીનકુમારે હાથ જોડ્યા.

‘હા, જમાઈબાબુ ખરાબ ખેલાડી હોઈ શકે, જીભ ચલાવી જાણે, પર રિવોલ્વર નહીં... હા, રિવોલ્વર વેચવાનો વિચાર એમને આવે ખરો...’ કબીરે હસતાં હસતાં કહ્યું.

‘જય હો... જય હો કબીરબાપુ, ભગવાન તમને હંમેશા આ રીતે સદ્‌બુદ્ધિ આપતા રહે.’ જતીનકુમાર ઊછળી પડ્યા.

‘પૂજા, તારે કંઈ કહેવું નથી?’ પૂજા તરફ કબીરે જોયું.

‘કેમ, ગાયત્રી કે રેવતીબહેન માટે કંઈ નહીં કહો?’ પૂજાએ નારાજ થઈને પૂછ્યું.

‘એ બંને નિર્દોષ છે... પૂજા, અને તું પણ એ સારી રીતે જાણે છે...’

‘તો શું પૂજા તેં...?’ વિક્રમ ઊભો થઈ ગયો.

‘વેઈટ...’ કબીરે એને અટકાવીને પછી પૂજા તરફ ફરતાં પૂછ્યું:

‘પૂજા, તને ખૂનીનો ચહેરો દેખાયો હતો...?’

પૂજા મૌન રહી.

‘તને ચહેરો દેખાયો એટલે તું જગ્ગેના રુમમાં પુરાવાનો નાશ કરવા આવી? રાઈટ?’

પૂજાની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

‘બહેન, કબીર અંકલ શું કહે છે?’ જય અકળાઈ ગયો.

‘પૂજા, આઈ એમ સોરી, મને નામ જાહેર કરવું ગમતું નથી, પણ જગમોહન અને એના પરિવાર તરફ મારી જવાબદારી છે...’

બધાં શ્વાસ રોકીને કબીરની વાત સાંભળી રહ્યાં.

અચાનક પૂજા ઊભી થઈ.

‘પ્લીઝ અંકલ, પ્લીઝ ડોન્ટ...’ (ક્રમશઃ)■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# જેનો આ તહેવાર તે સૌની તૈયારી, સિનેમા કહે ભાઈ સૌની હો વારી!

લિવિંગ રૂમમાં ઓફિસના મિત્રોની મહેફિલ જામી છે. દારૂ પીવાઈ રહ્યો છે. સ્ટાર્ટર પીરસાઈ રહ્યું છે. ઘરનો પુરુષ બ્રિજેશ જોરજોરથી મિત્રો સાથે હસી રહ્યો છે. અંદર રસોડામાં બહાર મિજબાની માણી રહેલા પુરુષોની પત્નીઓ રસોડાની અસહ્ય ગરમીમાં પણ બહાર થતી મોજમાં વધારો કરવા માટે જમવાનું બનાવી રહી છે. ઘરની સ્ત્રી મંજુને રસોઈ કરતાં- કરતાં અંદરની સ્ત્રીઓની સરભરા પણ કરવાની છે, બીજા રુમમાં રમી રહેલા બાળકો લિવિંગ રૂમમાં જઈને ખલેલ ન પહોંચાડે એનું ધ્યાન પણ રાખવાનું છે, બહાર કુલરમાં પાણી નાખીને ત્યાંની ઠંડક જળવાઈ રહે એ પછી રસોડા માટે માળિયામાંથી જૂનો ટેબલ ફેન બ્રિજેશની મદદ માંગ્યા પછી પણ જાતે ઉતારવાનો છે અને રાંધતા રાંધતા દાઝી જવાય તો ફૂંક પણ જાતે જ મારવાની છે!

આ દૃશ્ય છે ૨૦૧૭માં આવેલી નીરજ ઘેવાન દિગ્દર્શિત શોર્ટ ફિલ્મ ‘જ્યુસ’નું. ફિલ્મનો અંત અકલ્પનિય પણ સંતોષકારક છે. જોકે, ભયંકર અસંતોષજનક સ્થિતિ તો છે આ દૃશ્ય. દિવાળી જેવા તહેવારોમાં આપણા ઘરોમાં આવું જ કંઈક ઉપરોક્ત દૃશ્ય વર્ષોથી જોવા મળે છે. પરિવારના જ સભ્યો હોઈને કદાચ એ તરફ આપણું ધ્યાન ન જાય કે પછી ધ્યાન જાય તો પણ તેને અવગણીએ, પણ મોટાભાગના ઘરોમાં હજુ એવી સ્થિતિ છે કે તહેવાર એટલે તો માત્ર સ્ત્રીની જ જવાબદારી. મિત્રોની સાંજની સામાન્ય બેઠકમાં પણ ઘરની સ્ત્રી રાત થાય ત્યાં સુધીમાં અતિશય થાકી જતી હોય છે તો તહેવારમાં તો તે જાણે અશ્રુ-સ્વેદ-રક્ત સે લથપથ જ જોવા મળે. સ્ત્રીની આ હાલત પાછળ જવાબદાર હોય છે એ દરેક બેઠક અને તહેવાર પાછળ થતી બધી જ તૈયારીમાં તેની એકલીની શારીરિક - માનસિક મહેનત.

દિવાળીમાં ઘરની સાફસફાઈ, વસ્તુઓની ગોઠવણ, નવી ચીજોની ખરીદી, નાસ્તા અને મીઠાઈની રસોઈ, બાળકોને તૈયાર કરવાની અને દરેક ટાણે નવીન









રાંધવાની જવાબદારીમાંથી કેટલું કામ સ્ત્રી કરે છે ને કેટલું પુરુષ એ પ્રશ્ન ઘર અને સમાજની સ્થિતિ જોઈને ખુદને પૂછશો તો પુરુષ હશો તો શરમ આવશે ને સ્ત્રી હશો તોતો કદાચ આ વાંચી રહેલા પુરુષને રસોડામાંથી પાણીનો ગ્લાસ આપતા હો એવું પણ બની શકે.

દરેક ભારતીય તહેવાર સંયુક્તપણે ઊજવવાની જ પ્રથાનો હિસ્સો છે તો પછી કેમ ઘરની સ્ત્રીને ઉજવણીના બદલે ફક્ત એની તૈયારી કરવામાં જ લાગ્યા રહેવાનું? અને તહેવારમાં જ એવી હાલત હોય છે તો બાકીની ઉજવણીમાં તો તેનાથી પણ વધુ ચિંતાજનક દૃશ્ય હોવાનું ને?

અનુભવ સિંહા દિગ્દર્શિત ફિલ્મ ‘થપ્પડ’ (૨૦૨૦)માં અમૃતા એના પતિના કામ અને સફળતા માટે ઘરનું બધું જ કામ સંભાળે છે અને પતિ માટે જ રાખેલી એક પાર્ટીમાં ઘરે કેટલાય મહેમાનો વચ્ચે પતિ પોતાના કામના ગુસ્સામાં અમૃતાને થપ્પડ મારી દે છે. પતિ માફી માંગે છે, પણ અત્યંત આઘાતમાં અમૃતા એક ગહન સવાલ પૂછે છે : આ એક થપ્પડ પણ તેં મારી જ કેમ શકે? વાત ઘર અને પરિવાર માટે દરેક પ્રસંગ અને તહેવારે થાકતી-ભાગતી સ્ત્રીના માન અને અપમાનની છે.

હમણાં જ રિ-રિલીઝ થયેલી રાહી અનિલ બર્વે દિગ્દર્શિત ફિલ્મ ‘તુમ્બાડ’માં પતિ વિનાયક સોનાની લાલચમાં ગામ જાય છે અને કેટલાય દિવસ સુધી ઘરે પાછો આવતો નથી. ઘરમાં ખાવાનું નથી એટલે જીવનનિર્વાહ માટે પત્ની વૈદેહી બ્રાહ્મણીના હાથે પીસેલા લોટની જાહેરાત સાથે ઘંટી ચલાવે છે. પતિ આવીને પત્નીને ઘર ચલાવતા અને કમાતા જોઈને એના પર હાથ ઉપાડે છે. એ જોઈને સહેજે સવાલ થાય કે બંને રીતે ઘર ચલાવી જાણતી ભારતીય સ્ત્રી પર હાથ ઊઠાવવાની પરવાનગી પુરુષને આપે છે કોણ? પણ આ સમાજે પુરુષને સમજણ આપ્યા અને આવ્યા પછી પણ જવાબદારી અવગણવાનો એક વિચિત્ર હક આપ્યો છે.

રાહુલ રીજી નાયર દિગ્દર્શિત મલયાલમ ફિલ્મ ‘ઓત્તામુરી વેલીચમ’ (૨૦૧૭) કે જે ‘લાઈટ ઈન ધ રૂમ’ના નામે પણ રિલીઝ થઈ છે એ પણ કંઈક આવી જ વાત કરે છે. ઇલેક્ટ્રિશ્યન પતિને રૂમમાં અવનવી ડિઝાઈનવાળી રંગબેરંગી લાઈટ લગાવવાનો શોખ છે. રાતે એ લાઇટમાં ઊંઘી ન શકતી પત્ની વિરોધ કરે તો એના શરીર પર ઈજાના નિશાન પડે છે. તેજ અને પ્રકાશના આ દિવાળીના તહેવારમાં ઘરની દીવાલો પર તો ઝગમગતા દીવા હોય, પણ ઘરની અંદર અંધારું હોય તો શું કામનું?

સિનેમા સમાજનો ધારદાર અરીસો છે. આવા તો અનેક દૃશ્યો છે આપણી ફિલ્મ્સમાં કે જેમાં સ્ત્રીના હિસ્સામાં સહયોગ નહીં, ફક્ત ઉપયોગ લખાયો છે એટલે જ દિવાળી જેવા તહેવારો એ યાદ કરાવવા આવે છે કે ઘર સૌનું, તહેવાર સૌનો તો તેની ઉજવણીની તૈયારીમાં મદદ પણ સૌની જ એકસરખી જ હોવી જોઈએ! ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

નામ અને અટકના પ્રથમ શબ્દો પરથી નામ જાણો છો

૧) એક વિલન -- GG

૨) એક હીરો -- NN

૩) એક દિગદર્શક -- DD

૪) એક હીરોઇન -- BB

૫) એક હાસ્ય કલાકાર - SS

૬) એક પાર્શ્વ ગાયક -- KK

૭) એક સંગીતકાર -- RR

## ક્વિઝ (બ)

આ કલાકારની એક એવી ફિલ્મ જે મિસ કે મિસ્ટર શબ્દથી શરૂ થાય



૧) કિશોર કુમાર

૨) અનિલ કપૂર

૩) મીના કુમારી

૪) શિબા

૫) અમિતાભ બચ્ચન

૬) વૈજયંતિ માલા

૭) અક્ષય કુમાર

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# હેન્રિક કલાસેન ૨૦૨૫ની આઈપીએલનો સૌથી મોંઘો ખેલાડી બન્યો


હેન્રિક કલાસેન – ૨૩ કરોડ


વિરાટ કોહલી – ૨૧ કરોડ


નિકોલસ પૂરન – ૨૧ કરોડ


જસપ્રીત બૂમરાહ – ૧૮ કરોડ


યશસ્વી જયસ્વાલ – ૧૮ કરોડ


રવિન્દ્ર જાડેજા – ૧૮ કરોડ

નવી દિલ્હી: આઈપીએલ ૨૦૨૫ને લઈ ગુરુવારે ફ્રેન્ચાઇઝી રિટેન અને રિલીઝ કરનારા ખેલાડીઓની જાહેરાત કરી હતી. આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલે ૨૦૨૫-૨૭ સીઝન માટે ખેલાડીઓને રિટેન કરવા માટે નિયમોમાં બદલાવ બાદ દરેક ટીમ રાઈટ ટૂ મેચ કાર્ડ સહિત મહત્તમ છ ખેલાડીઓ જાળવી રાખવાની છૂટ આપી હતી. વિદેશી ખેલાડીઓમાં સનરાઈઝર્સ હૈદરાબાદે હેનરિચ ક્લાસેનને ૨૩ કરોડમાં રિટેન કર્યો હતો, ત્યાર બાદ પેટ કમિન્સ (૧૮ કરોડ)ને સ્થાન મળ્યું હતું.

ટીમમાં ભારતીય અને વિદેશી ખેલાડીઓ મળીને પાંચ કેપ્ડ ખેલાડીને અથવા તો ચાર કેપ્ડ ખેલાડીની સાથે મહત્તમ બે અનકેપ્ડ ખેલાડીને રિટેન કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

કઈ ટીમે કયા ખેલાડીને કેટલા કરોડમાં રિટેન કર્યા?

મુંબઈ ઈન્ડિયન્સ: આઈપીએલની સૌથી સફળ ફ્રેન્ચાઇઝી મુંબઈ ઈન્ડિયન્સે પાંચ ખેલાડી રિટેન કર્યા છે. જસપ્રીત બુમરાહ (રૂ. ૧૮ કરોડ), સૂર્યકુમાર યાદવ (રૂ. ૧૬.૩૫ કરોડ) હાર્દિક પંડ્યા (રૂ. ૧૬.૩૬ કરોડ), રોહિત શર્મા (રૂ. ૧૬.૩ કરોડ) અને તિલક વર્મા (રૂ. ૮ કરોડ)ને રિટેન કર્યા છે.

ચેન્નઈ સુપરકિંગ્સ: પાંચ વખતની આઈપીએલ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સે કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ (રૂ. ૧૮ કરોડ), પથિરાના (રૂ. ૧૩ કરોડ), શિવમ દુબે (રૂ. ૧૨ કરોડ) રવિન્દ્ર જાડેજા (રૂ.૧૮ કરોડ) અને એમએસ ધોનીને (રૂ.૪ કરોડ) રિટેન કર્યા છે.

કેકેઆર: કોલકાતા નાઈટ રાઈડર્સને ૨૦૨૪માં વિજેતા બનાવનાર શ્રેયસ અય્યરને રિલીઝ કર્યો છે. જ્યારે આંદ્રે રસેલ (રૂ. ૧૨ કરોડ), સુનીલ નરેન (રૂ.૧૨ કરોડ), રિંકુ સિંહ (રૂ.૧૩ કરોડ), વરુણ ચક્રવર્તી (રૂ.૧૨ કરોડ), હર્ષિત રાણા (અનકેપ્ડ-રૂ.૪ કરોડ) તથા રમણદિપ સિંહ (અનકેપ્ડ-રૂ.૪ કરોડ)ને રિટેન કર્યા છે.

આરસીબી: રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ત્રણ ખેલાડી રિટેન કર્યા છે. વિરાટ કોહલી (રૂ. ૨૧ કરોડ), રજત પાટીદાર (રૂ.૧૧ કરોડ) અને યશ દયાલ (રૂ.૫ કરોડ)ને રિટેન કર્યા છે.

એસઆરએચ: સનરાઈઝર્સ હૈદરાબાદે કેપ્ટન પેટ કમિન્સ (રૂ. ૧૮ કરોડ), અભિષેક શર્મા (રૂ. ૧૪ કરોડ) હેનરિચ ક્લાસેન (રૂ. ૨૩ કરોડ), ટ્રેવિસ હેડ (રૂ. ૧૪ કરોડ) અને નીતિશ કુમાર રેડ્ડી (રૂ.૬ કરોડ)ને રિટેન કર્યા છે. એલએસજી: લખનઊ સુપર જાયન્ટસે નિકોલસ પૂરન (રૂ. ૨૧ કરોડ), રવિ બિશ્નોઈ (રૂ. ૧૧ કરોડ), મયંક યાદવ (રૂ. ૧૧ કરોડ), મોહસિન ખાન (રૂ. ૪ કરોડ) અને આયુષ બદોની (રૂ. ૪ કરોડ)ને રિટેન કર્યા છે.

જીટી: ગુજરાત ટાઈટન્સ (જીટી)એ આઈપીએલ ૨૦૨૨ની વિજેતા ગુજરાત ટાઈટન્સે રાશિદ ખાન (રૂ. ૧૮ કરોડ), ગિલ (રૂ. ૧૬.૫ કરોડ), સાંઈ સુદર્શન (રૂ. ૮.૫ કરોડ), રાહુલ તેવટીયા (રૂ. ૪ કરોડ) અને શાહરૂખ ખાન (રૂ. ૪ કરોડ)ને રિટેન કર્યા છે.

આરઆર: રાજસ્થાન રોયલ્સે સંજુ સેમસન (રૂ. ૧૮ કરોડ), યશસ્વી જયસ્વાલ (રૂ. ૧૮ કરોડ), રિયાન પરાગ (રૂ. ૧૪ કરોડ), ધ્રુવ જુરેલ (રૂ. ૧૪ કરોડ), શિમરોન હેટમાયર (રૂ. ૧૧ કરોડ) અને સંદીપ શર્મા (રૂ. ૪ કરોડ) રિટેન કર્યા છે.

ડીસી: દિલ્હી કેપિટલ્સે અક્ષર પટેલ (રૂ. ૧૬.૫૦ કરોડ), કુલદીપ યાદવ (રૂ. ૧૩.૨૫ કરોડ), સ્ટબ્સ (રૂ. ૧૦ કરોડ), અભિષેક પોરલ (રૂ. ૪ કરોડ)ને રિટેન કર્યા છે.

પીબીએસકે: પંજાબ કિંગ્સે માત્ર ૨ ખેલાડી શશાંક સિંહ (રૂ. ૫.૫ કરોડ અને પ્રભસિમરન સિંહ (રૂ. ૪ કરોડ)ને રિટેન કર્યા છે.

કયા દિગ્ગજ ખેલાડીઓને ફ્રેન્ચાઈઝીએ નથી કર્યા રિટેન

ઋષભ પંત, શ્રેયસ અય્યર, ફાફ ડુ પ્લેસિસ, ગ્લેન મેક્સવેલ, મોહમ્મદ શમી જેવા ખેલાડીઓને રિટેન કરવામાં આવ્યા નથી. એમએસ ધોની આગામી સિઝનમાં રમતો નજરે પડશે. ધોની અનકેપ્ડ પ્લેયર તરીકે રિટેન થયો છે.

રોહિત શર્માએ મુંબઈ ઈન્ડિયન્સમાં રિટેન થવા પર શું કહ્યું

મુંબઈ ઈન્ડિયન્સ દ્વારા રિટેન થવા અંગે રોહિત શર્માએ કહ્યું, હું ફરીથી મુંબઈ ઈન્ડિયન્સનો ભાગ બનવા માટે રોમાંચિત છું. હું અહીં ખૂબ ક્રિકેટ રમ્યો. આ તે જગ્યા છે જ્યાંથી મેં મારી ક્રિકેટ કારકિર્દીની શરૂઆત કરી છે. તેથી, આ શહેર ખૂબ જ ખાસ છે અને હું અહીં આવીને ખુશ છું. રોહિતે એમઆઈના તેમના મુખ્ય પાંચ કેપ્ડ ભારતીય ખેલાડીઓને જાળવી રાખવાના નિર્ણય પર કહ્યું, તમે જાણો છો કે જે ખેલાડીઓ રાષ્ટ્રીય ટીમનું પ્રતિનિધિત્વ કરે છે તેમને પ્રાધાન્ય મળવું જોઈએ. રિટેન થવાથી હું ખૂબ ખુશ છું. ■

## ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે ત્રીજી ટૅસ્ટ

# આજે વાનખેડેમાં ભારત માટે ‘કરો યા મરો’

મુંબઈ: બાર વર્ષ બાદ ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ વિરુદ્ધની ટૅસ્ટ શ્રેણીમાં ૨-૦થી પાછળ રહી ગયેલા ભારત માટે આજથી મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે શરૂ થતી ત્રીજી અને અંતિમ ટૅસ્ટ જીતી થોડું ઘણું ગૌરવ બચાવી લેવાની તેમ જ જૂનમાં લૉર્ડ્સ ખાતે રમાનારી વર્લ્ડ ટૅસ્ટ ચૅમ્પિયનશિપની ફાઈનલ સુધી પહોંચવાની આશા જીવંત રાખવાની તક છે.

ન્યૂ ઝીલૅન્ડ વિરુદ્ધની ટૅસ્ટ શ્રેણી ગુમાવનાર ભારત માટે ત્રીજી ટૅસ્ટ જીતવાનો સૌથી મોટો પડકાર હશે.

વર્ષ ૨૦૨૩-૨૦૨૫ વર્લ્ડ ટૅસ્ટ ચૅમ્પિયનશિપની હજુ છ ટૅસ્ટ રમાવાની બાકી છે. બે વખત રનર અપ રહેલી ભારતીય ટીમ માટે ફાઈનલ સુધી પહોંચવા હજુ ઓછામાં ઓછી ચાર ટૅસ્ટ જીતવી અનિવાર્ય છે.

પુણેમાં રમાયેલી ટૅસ્ટ મૅચમાં ભારતીય બૅટ્સમેનોની નબળાઈ છતી થઈ ગઈ હતી.

વાનખેડેમાં રમાનારી ટૅસ્ટમાં પ્રથમ દિવસના આરંભથી જ પીચ સ્પિન લેશે એવી ધારણા હોવાથી ત્રણ દિવસમાં જ મૅચ પૂરી થઈ જાય તેવું અનુમાન છે.

પીચ કઈ રીતે વર્તશે તેની ચકાસણી કરવા નૅટ પ્રેક્ટિસ સેશન માટે ૨૦ સ્પિનરોને બોલાવી તેમની અજમાયશ કરી એ બાબત જ ભારતીય ટીમમાં ગભરાટ ફેલાઈ ગયો હોવાનાં સંકેત આપે છે.

ન્યૂ ઝીલૅન્ડના ફાસ્ટ બૉલરો સામે બેંગલુરુમાં ભારતીય ટીમના ખ્યાતનામ બૅટ્સમેનોનું અતિ ખરાબ પ્રદર્શન રહ્યું હતું જે બાબત ભારતીય ટીમના અમુક નામાંકિત બૅટ્સમેનોના અંતના આરંભનાં સંકેત આપે છે.

ત્રીજી ટૅસ્ટ મૅચની પૂર્વસંધ્યાએ ભારતીય ટીમના હૅડ કોચ ગૌતમ ગંભીરે કહ્યું હતું કે ઑસ્ટ્રેલિયાની વધુ પડકારજનક સ્થિતિમાં રમવા જનારી ભારતીય ટીમે ત્રણ ઈનિંગમાં નોંધાવેલા કુલ ૪૬, ૧૫૬ અને ૨૪૫ રન બૅટ્સમેનોનું કથળી રહેલું પ્રદર્શન દર્શાવે છે અને આ બાબત મનને ખૂંચે છે અને ખૂંચવી પણ જોઈએ કેમ કે એ બાબત જ અમને વધુ સારું પ્રદર્શન કરવાની પ્રેરણા આપશે.

મને ખાતરી છે કે આ બાબત ટીમના યુવા ખેલાડીઓને વધુ સારું પ્રદર્શન કરવા તેમનાં પર દબાણ આણશે.

કટોકટીના આ સમયમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, રવીચંદ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજા જેવા ટીમના વરિષ્ઠ ખેલાડીઓ કેવું ખેલ પ્રદર્શન કરશે તે જોવાનું રહેશે એમ જણાવતાં ગંભીરે કહ્યું હતું કે ટીમના યુવા ખેલાડીઓ સારું પ્રદર્શન કરશે તો આ ચાર વરિષ્ઠ ખેલાડીઓ પરનો બોજો હળવો થશે.

ન્યૂ ઝીલૅન્ડની ટીમની જબરજસ્ત તૈયારી અને યોજનાનો ચોકસાઈપૂર્વકનો અમલ ભારતીય ટીમના બૅટ્સમેનો અને બૉલરો માટે મુશ્કેલ અને પડકારજનક પ્રશ્ન બની ગયા છે.

પુણે અને બેંગલૂરુ એમ બંને ટૅસ્ટમાં પ્રવાસી ન્યૂ ઝિલૅન્ડની ટીમે ભારતીય ટીમના બૅટ્સમેનો અને બૉલરોની નબળાઈ છતી કરી દીધી હતી.

છેલ્લી બે ટૅસ્ટમાં રોહિત શર્મા ત્રણ વાર ક્લિન બૉલ્ડ થયો હતો. વિરાટ કોહલી પર પણ જવાબદારીનું દબાણ વધી રહ્યું હોવાનું દેખાઈ રહ્યું છે.

વરસો બાદ પહેલી જ વાર અશ્વિન અને જાડેજા ઘરઆંગણે અસરકારક નથી જણાઈ રહ્યાં. આ પરિસ્થિતિમાં અક્ષર પટેલનો ટીમમાં સમાવેશ કરવામાં આવે તો નવાઈ પામવા જેવું નહીં હોય.

વાનખેડે સ્ટેડિયમ સમુદ્રની નજીક હોવાને કારણે સવારે પવનનો લાભ ફાસ્ટ બૉલરોને મળશે અને બાદમાં પીચ સ્પિનરોને સહાયરૂપ થશે.

**ભારતીય ટીમ:** રોહિત શર્મા (કેપ્ટન), જસપ્રીત બુમરાહ (વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, શુભમન ગીલ, વિરાટ કોહલી, કે. એલ. રાહુલ, સરફરાઝ ખાન, રિષભ પંત (વિકેટકીપર), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવીચંદ્રન અશ્વિન, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, આકાશદીપ, વૉશિંગ્ટન સુંદર.

**ન્યૂ ઝીલૅન્ડ ટીમ:** ટૉમ લાથૅમ (કેપ્ટન), ડૅવૉન કૉન્વે, કેન વિલિયમ્સન, માર્ક ચૅપમૅન, વીલ યન્ગ, ડૅરિલ મિશૅલ, ગ્લૅન ફિલિપ્સ, માઈકલ બ્રૅસવેલ, રાચિન રવીન્દ્ર, ટૉમ બ્લન્ડૅલ (વિકેટકીપર), એઝાઝ પટેલ, મૅટ હૅન્રી, ટીમ સાઉધી, વિલિયમ ઑ’રુરકે, જૅકબ ડફી.

**મૅચ શરૂ થવાનો સમય:** સવારે ૯:૩૦ વાગે. (એજન્સી) ■


## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**વેડિંગ સેલ**

સ્પેશિયલ ઓફર અપટુ 50% ડિસ્કાઉન્ટ વુમન્સ કાર્નિવલ સેલ ડિઝાઈનર સાડી, પૈઠણી, બનારસી, કાંજીવરમ, ચણિયાચોળી, સલવાર સૂટ-કુર્તિ, ગાઉન, 6 અને 9 વારી સાડી. સંપર્ક- ‘‘પલ્લરી’’- દાદરકર બિલ્ડિંગ, ઈન્ડિયન બેન્કની સામે, એન.સી. કેલકર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ. જીપે-પેટીએમ દરેક કાર્ડ સ્વીકાર્ય. (૧૫૧૪૬-સી)

### ૧૭. જગ્યા આપવી છે

**વિલેપારલા ઈસ્ટ સ્ટેશન અને માર્કેટથી**

નજીક પ્રીમિયમ એમીનીટીવાળો ફુલીફરનીસ્ટ ૩ બેડરૂમ, હોલ, કિચન (૧૨૬૦ કારપેટ) (૧૪૯૦ બીલ્ટઅપ) પાર્કિંગ સાથે તુરત વેચવાનો છે. ઓનર - 9820550033, 9819201737. (૧૫૧૨૬-એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ-બાપાને-સસુનવઘર-ઇન્ડસ્ટ્રીયલ-ગાળા-શેડ-યુનિટ-પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)

### ૩૩. ધંધાદારી

**‘‘પ્રતાપ પેકર્સ-મુવર્સ’’**

50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

■ ઘરે ડ્રોન પેપરડીશ બનાવો. દર મહિને 30-35 હજાર કમાઓ બે વર્ષનો કરાર - 9028160157. (બી-૧૫૦૭૪)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૫૦૭૩)

### ૧૨. યાત્રા સહેલગાહ




(બી-૧૫૦૭૫)





‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.


**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| आँच | માલિક |
| आगाज | દુનિયા |
| आलम | શરૂઆત |
| आका | પ્રતિષ્ઠા |
| आन | સંકટ |

## ઓળખાણ પડી?



ક્રિકેટને કેન્દ્રમાં રાખી બનેલી રાજકુમાર રાવ અને જહાન્વી કપૂરની ફિલ્મની ઓળખાણ પડી? સહ નિર્માતા કરણ જોહર પણ હતો.

અ) ભેડિયા બ) શ્રીકાંત ક) મિસ્ટર એન્ડ મિસિસ માહી ડ) બવાલ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ કા | ળી | ૨ ચૌ | ૩ દ | ૪ સ | | ૫ મ | હા | ૬ કા | ળી |
| ળ | | ૭ પા | ર | ખી | | હા | | જ | |
| ૮ ચો | પ | ટ | | ૯ વૃં | ૧૦ દા | વ | ન | | ૧૧ ભી |
| ઘ | | | ૧૨ કુ | દ | ર | ત | | ૧૩ પ | ત |
| ૧૪ ડિ | મ | ૧૫ ડિ | મ | | ક | | ૧૬ ચા | ક | રી |
| યું | | ૧૭ ન | કુ | ૧૮ લ | | | ૧૯ ખ | ડ | |
| | ૨૦ ક્ષ | | ૨૧ મ | ખ | ૨૨ મ | ૨૩ લ | | ૨૪ દા | ૨૫ દ |
| ૨૬ ડિ | મા | ૨૭ ક | | | ૨૮ સ | ખા | | ૨૯ વ | હી |
| બે | | ૩૦ પ | ૩૧ ખા | લી | | ૩૨ વ | ૩૩ શ | | થ |
| ૩૪ ટ | ક | ટ | ક | | ૩૫ છ | ટ | ક | બા | રુ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | | | ૫ |
| | | | | ૬ | | | | ૭ | |
| ૮ | | | | | | | ૯ | | |
| | | | ૧૦ | | | | | | |
| ૧૧ | | ૧૨ | | | | | ૧૩ | | ૧૪ |
| | | ૧૫ | | | | ૧૬ | | | |
| ૧૭ | ૧૮ | | | | | ૧૯ | ૨૦ | | |
| ૨૧ | | | ૨૨ | | ૨૩ | | | ૨૪ | |
| | | ૨૫ | | ૨૬ | | | | ૨૬-અ | |
| ૨૭ | | | | | ૨૮ | | | | |

**આડી ચાવી**

૧. દીવડાઓની હારમાળા, એક તહેવાર (૪)
૩. તહેવારમાં બારસાખે બાંધો (૩)
૬. ભણવાનું પુસ્તક (૩)
૭. નદીના ---માં તરબૂચ થાય (૨)
૮. દમવું તે, પીડવું તે (૩)
૯. ગુજરાતનું લોક નાટય (૩)
૧૦. મુંબઇમાં રસ્તા પર --- હોય (૪)
૧૧. સરોવરમાંથી ખેતરો સુધી પાણી પહોંચાડે (૩)
૧૩. આરતી લેવી તે (૩)
૧૫. પ્રયત્ન, મથામણ, સંઘર્ષ (૫)
૧૭. ઝાળ, અગ્નિનો ભભૂકો (૩)
૧૯. ઘા (૨)
૨૧. દોસ્તો (૨)
૨૩. રાતોરાત (૫)
૨૫. પાંડવો હોય કે રામ, કરવા જવું પડયું (૪)
૨૬-અ. રેલો, નાનું ઝરણું (૨)
૨૭. લાવો તમારો હાથ, મેળવીએ (૫)
૨૮. રંગોની ડિઝાઇન (૩)

**ઊભી ચાવી**

૧. દીવાને પગે લાગો (૫)
૨. ભાર, બોજ (૩)
૩. દારૂગોળો ફેંકવાનું સાધન (૨)
૪. --- પડવાથી દિલનો બોજ હળવો થાય (૨)
૫. તહેવારોમાં --- તો ખાવી જ પડે (૩)
૬. દિવાળીના દિવસે વેપારીઓ કરે (૬)
૭. લાગણીનો ઊમળકો (૪)
૧૨. ઢોરનો ચારો (૩)
૧૪. દિવાળીમાં બનતી મીઠાઇ (૨,૩)
૧૬. શાહીનો ખડિયો (૩)
૧૭. બીક લાગે એવું (૪)
૧૮. ‘ડરવું’નું આજ્ઞાર્થ (૨)
૨૦. અવાજ (૨)
૨૨. મનથી વિચારવું તે (૩)
૨૩. કૃષ્ણે વૃંદાવનમાં --- રચાયો (૨)
૨૪. ---પડવું એટલે રખડી પડવું,રહી જવું (૩)
૨૫. દીકરાની સહધર્મચારિણી (૨)
૨૬. શરીર, વર્ણ (૨)

## ગુજરાત મોરી મોરી રે

‘કચ્છ એક્સપ્રેસ’ ફિલ્મ માટે નેશનલ એવોર્ડ મેળવનારી માનસી પારેખે આ વર્ષે રિલીઝ થયેલી કઈ ગુજરાતી ફિલ્મમાં કામ કર્યું હતું એ જણાવો.

અ) ઝમકુડી બ) મારા પપ્પા સુપરહીરો
ક) કસુંબો ડ) વાર તહેવાર

## જાણવા જેવું

‘સાત હિન્દુસ્તાની’માં બંગાળીનો રોલ મલયાલમ અભિનેતા માધવન નાયર ઉર્ફે મધુએ કર્યો હતો. મલયાલી હોવા છતાં મધુજીએ હિન્દીમાં એમ.એ.ની ડિગ્રી મેળવી હતી. હરિવંશરાય બચ્ચનની ઘણી કવિતા વાંચી હોવાનું મી. મધુએ જણાવતા બચ્ચને કહ્યું હતું કે તેમની મલયાલમ ફિલ્મ ‘ચેમ્મીન’ને નેશનલ અવૉર્ડ આપનારી જ્યુરીમાં તેમના માતુશ્રી તેજી બચ્ચન હતાં.

## સુડોકુ-૭૦૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | ૯ | | ૧ | | | |
| ૩ | | | | | | ૫ | | ૨ |
| | | | | ૪ | ૨ | | | |
| ૯ | | | | | | | ૧ | |
| | | ૩ | ૨ | | ૮ | ૭ | | |
| | ૭ | | | | | | | ૪ |
| | | | ૬ | ૭ | | | | |
| ૬ | | ૪ | | | | | | ૧ |
| | | | ૫ | | ૯ | | ૬ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૨૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૬ | ૩ | ૫ | ૭ | ૮ | ૪ | ૯ |
| ૩ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ | ૭ | ૨ | ૫ |
| ૯ | ૫ | ૭ | ૪ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૧ | ૭ | ૯ | ૨ | ૩ | ૬ | ૫ | ૮ | ૪ |
| ૫ | ૨ | ૩ | ૮ | ૯ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૪ | ૬ | ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૯ | ૨ |
| ૬ | ૪ | ૧ | ૫ | ૮ | ૯ | ૨ | ૭ | ૩ |
| ૮ | ૩ | ૫ | ૭ | ૪ | ૨ | ૯ | ૬ | ૧ |
| ૭ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૮ |

## ચતુર આપો જવાબ / માથું ખંજવાળો

૧૯૮૦ના દાયકામાં મનમોહન દેસાઈની કઈ ફિલ્મમાં શોમેન રાજ કપૂર મહેમાન કલાકારની ભૂમિકામાં જોવા મળ્યા હતા એ કહી શકશો?

અ) દેશપ્રેમી બ) નસીબ ક) કુલી ડ) છલિયા

## નોંધી રાખો

સત્ય સૂરજ જેવું તેજસ્વી હોય છે. અસત્યનાં વાદળો થોડીક વાર માટે એને ઢાંકી શકે છે, પણ વાદળો દૂર થતાં દૂધનું દૂધ ને પાણીનું પાણી થઈ જાય છે.

## માઈન્ડ ગેમ

ગાયક મુકેશ વોઇસ ઓફ રાજ કપૂર કહેવાતા. જોકે, રાજ કપૂરના કેટલાક ગીત મન્ના ડેએ પણ ગાયા છે. વિકલ્પમાંથી મન્ના ડેએ ગાયેલું ગીત ઓળખી કાઢો.

અ) મેરા નામ રાજુ બ) દિલ કા હાલ સુને દિલવાલા
ક) સબ કુછ સીખા હમને ડ) ખયાલો મેં ઇસ તરહ

## ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| बंदा | દાસ |
| बटेर | પક્ષી |
| बखिया | સિલાઇનો ટાંકો |
| बतियार | વાતચીત |
| बसेरा | માળો |

ગુજરાત મોરી મોરી રે
કરસન સાગઠિયા

ઓળખાણ પડી?
અનિતા રાજ

માઈન્ડ ગેમ
પ્રદીપ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
દેવદાસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી. સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) મનીષા શેઠ (૪૦) ફાલ્ગુની શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) જગદીશ ઠક્કર

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

**ક્વિઝ (અ)** ૧) ગુલશન ગ્રોવર ૨) નવીન નિશ્ચલ ૩) ડેવિડ ધવન ૪) બિપાશા બસુ ૫) સતીશ શાહ ૬) કિશોર કુમાર ૭) રાજેશ રોશન

**ક્વિઝ (બ)** ૧) મિસ્ટર એક્સ ઈન બોમ્બે ૨) મિસ્ટર ઇન્ડિયા /મિસ્ટર બેચારા ૩) મિસ મેરી ૪) મિસ ૪૨૦ ૫) મિસ્ટર નટવરલાલ ૬) મિસ માલા ૭) મિસ્ટર બોન્ડ

# મુંબઈમાં ફીલિંગ હૉટ, હૉટ, હૉટ...

## ઑક્ટોબર હીટે છેલ્લા દિવસે બરાબરના પરસેવે રેબઝેબ કર્યાઃ ૩૬.૭ ડિગ્રી સાથે રાજ્યમાં સૌથી ઊંચું તાપમાન



**આતશબાજીઃ** દિવાળીનો તહેવાર રોશનીના ઝગમગાટ અને વિવિધ પ્રકારના ફટાકડા ફોડીને ઊજવવામાં આવતો હોય છે. શિવાજી પાર્કમાં ગગનચુંબી ફટાકડાઓ ફોડવામાં આવ્યા હતા જેનું દૃશ્ય ફોટોગ્રાફરે તેના કેમેરામાં કચકડે કંડાર્યું હતું. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં એક તરફ હવામાન વિભાગે બરોબર દિવાળીના સમયમાં હળવો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી હતી. વરસાદ તો ના પડ્યો પણ મુંબઈના તાપમાનનો પારો સતત ઊંચો નોંધાઈ રહ્યો છે. ગુરુવારે દિવસ દરમિયાન ગરમી અને બફારા વચ્ચે મુંબઈમાં મહત્તમ તાપમાન ૩૬.૭ ડિગ્રી રહ્યું હતું જે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન રહ્યું હતું. ઓક્ટોબર મહિનાના છેલ્લા દિવસે મુંબઈગરાએ આકરી ઓક્ટોબર હીટનો અનુભવ કર્યો હતો.

મુંબઈમાં ૨૯થી ૩૧ ઓક્ટોબર સુધી હળવો વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી હતી. આ ત્રણ દિવસ વરસાદના છાંટા પડ્યા નહોતા. પરંતુ તાપમાનમાં સતત વધારો જણાયો હતો. ગુરુવારે દિવસ દરમિયાન સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૬.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૩

(જુઓ પાનું ૪) ▸▸

## દિવાળીમાં મુંબઈગરો ઝેરી હવા શ્વસી રહ્યો છે

### કારણો છે ફટાકડા અને વાદળિયું વાતાવરણઃ મલાડમાં સૌથી વધુ પ્રદૂષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનમાં વધઘટ થવાની સાથે જ વાતાવરણમાં પ્રદૂષણના પ્રમાણમાં પણ વધારો-ઘટાડો જોવા મળી રહ્યો હતો. જોકે દિવાળીના તહેવારમાં ફટાકડા ફોડવાનું પ્રમાણ વધી રહ્યું છે, તેથી મુંબઈમાં ફરી એક વખત હવાની ગુણવત્તા કથળી છે. ગુરુવારે મુંબઈનો સાંજે સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૩૯ નોંધાયો હતો. નિષ્ણાતોના કહેવા મુજબ આગામી દિવસમાં

(જુઓ પાનું ૪) ▸▸

# હું નથી સીએમ બનવાની રેસમાંઃ દેવેન્દ્ર ફડણવીસ

## મેં પહેલેથી જ પાંચ વર્ષ મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી છે. હવે જે પણ ભૂમિકા માટે મહાયુતિ પસંદ કરશે તેને હું સમર્થન આપવા તૈયાર છું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ભાજપના ટોચના નેતા દેવેન્દ્ર ફડણવીસનું બુધવારનું નિવેદન અત્યંત રસપ્રદ હતું, ઓછામાં ઓછું કહેવા પૂરતું, 'હું મુખ્ય પ્રધાનપદ માટે આતુર નથી' એમ તેમણે જાહેર કર્યું હતું. જોકે બીજી તરફ આના અત્યંત વિરોધાભાસમાં ભાજપના રાજ્ય કાર્યાલયની બહાર એક મોટા બેનર પર લખવામાં આવ્યું હતું કે, પ્રતીક્ષા પૂરી થઈ ગઈ છે... ૨૩ નવેમ્બરના રોજ, તે પાછા આવી રહ્યા છે. મહારાષ્ટ્ર માટે એક નવો અધ્યાય લખવા, આ બેનરને કારણે ફડણવીસના ઈરાદાઓ અંગે શંકા જાગે છે અને તેથી જ એકના એક પ્રશ્ન ફરી ફરી કરવામાં આવી રહ્યા છે.

એક પ્રાદેશિક મીડિયા ઇવેન્ટમાં બોલતાં, ફડણવીસે જણાવ્યું હતું કે, 'મેં પહેલાં જ પાંચ વર્ષ મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી છે. મહારાષ્ટ્રના ઇતિહાસમાં ફક્ત બે જ વ્યક્તિએ પૂર્ણ કાર્યકાળ ભોગવ્યો છે - વસંતરાવ નાઈક

(જુઓ પાનું ૪) ▸▸

**વેલકમઃ** મુંબઈ કૉંગ્રેસના નેતા રવિ રાજા ગુરુવારે ભાજપમાં જોડાયા હતા. (જયપ્રકાશ કેળકર)



## મનસેના દીપોત્સવનો ખર્ચ અમિત ઠાકરેના ચૂંટણી ખર્ચમાં સમાવવો જોઈએ

### આવી ફરિયાદ ચૂંટણી પંચને ઉદ્ધવ-સેનાએ કરી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના દર વર્ષે શિવાજી પાર્કમાં દિવાળીની ઉજવણી કરે છે. આ દીપોત્સવમાં મોટી અને આકર્ષક લાઈટિંગ અને ઝાકઝમાળ વગેરે જોવા મળે છે. આ વર્ષે દીપોત્સવમાં સિંઘમ અગેઈન ફિલ્મની ટીમે તેના સ્ટાર્સ સાથે હાજરી આપી હતી. આ પ્રસંગે રાજ ઠાકરેએ નાનકડું ભાષણ પણ કર્યું હતું. જો કે આ દીપોત્સવના કારણે મનસેની મુશ્કેલીમાં વધારો થવાની શક્યતા જોવાઈ રહી છે, કારણ કે સાંસદ અનિલ દેસાઈએ રાજ્ય ચૂંટણી પંચને ફરિયાદ પત્ર લખીને જણાવ્યું છે કે આ તહેવારની ઉજવણી દરમિયાન મનસેએ આચારસંહિતાનો ભંગ

(જુઓ પાનું ૪) ▸▸

## દાઉદ કનેક્શનનો આક્ષેપ કરનાર ભાજપી નેતાઓ સામે કાનૂની પગલાંઃ નવાબ મલિક

મુંબઈઃ એનસીપી (અજિત પવાર) પક્ષના નવાબ મલિકને માનખુર્દ શિવાજી નગર ખાતેથી ઉમેદવારી આપવામાં આવી છે. તેમની ઉમેદવારીનો ભાજપે ભારે વિરોધ નોંધાવ્યો છે. આ જ કારણથી મહાયુતિમાં વિવાદ ખડો થયો છે. નવાબ મલિકના પ્રચાર માટે અમે નહીં જઇએ, એવું ભાજપે સ્પષ્ટ કર્યું છે.

દરમિયાન નવાબ મલિકના દાઉદ ઈબ્રાહિમ સાથે સંબંધ છે એવું કહેનારા ભાજપના નેતાઓને નવાબ મલિક વીફર્યા હતા અને કહ્યું હતું કે શું મારી સામે કોઇ ક્રિમિનલ કેસ છે કે મારી સામે કોઇ આતંકવાદી ખટલો ચાલી રહ્યો છે. મારી સામે આવો પ્રચાર કરનારા ભાજપના નેતાઓને હું છોડીશ નહીં, તેઓ સામે કાર્યવાહી કરીશ, એવો સંકેત નવાબ મલિકે આપ્યો હતો

બીજી બાજુ દેવેન્દ્ર ફડણવીસે પણ નવાબ મલિક વિરુદ્ધ ભૂમિકા હાથ ધરી છે, જ્યારે દાઉદ સાથે સંબંધ ધરાવનારી વ્યક્તિના પ્રચારમાં અમે સહભાગી નહીં થઇએ, એવું ભાજપના નેતા આશિષ શેલારે કહ્યું હતું. ભાજપના આ નેતાઓની નવાબ મલિકે ભારે ટીકા કરી હતી. કેટલો પણ મોટો નેતા કેમ ન

(જુઓ પાનું ૪) ▸▸

## દશેરા-દિવાળીમાં પ્રોપર્ટી માર્કેટમાં તેજીનો તડાકો

### ઓક્ટોબરમાં મુંબઈમાં ૧૨,૮૩૨ ઘરનું વેચાણ થયુંઃ ૧,૧૯૪ કરોડ રૂપિયાની આવકથી સરકારી તિજોરી છલકાઇ

મુંબઈઃ તહેવારોમાં, ખાસ કરીને દશેરા અને દિવાળીના શુભ મુહૂર્તોમાં મિલકતોના વેચાણમાં ઘણો વધારો થતો હોય છે. આ વર્ષે પણ દશેરા-દિવાળીમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું. સપ્ટેમ્બરમાં ફક્ત ૯,૧૧૧ ઘરનું વેચાણ થયું હતું અને તેના દ્વારા રાજ્ય સરકારની તિજોરીમાં ૮૭૬ કરોડ રૂપિયાની મહેસૂલ જમા થઇ હતી. ઓક્ટોબરમાં ઘરનાં વેચાણમાં વધારો થયો હતો અને એક મહિનામાં ૧૨,૮૩૨ ઘરોનું વેચાણ થયું હતું. આ ઘર વેચાણને કારણે સરકારને ૧,૧૯૪ કરોડ રૂપિયાની મહેસૂલ મળી હતી.

આ વર્ષે રિયલ એસ્ટેટમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. ફક્ત સપ્ટેમ્બર સિવાય જાન્યુઆરીથી ઓક્ટોબર દરમિયાન ઘરનું ધૂમ વેચાણ થયું હતું. માર્ચ મહિનામાં સૌથી વધુ ૧૪,૦૦૦ ઘર વેચાયાં હતાં. સપ્ટેમ્બરમાં સૌથી ઓછા ૯,૧૧૧ ઘર વેચાયાં હતાં.

દશેરા-દિવાળીમાં ઘર ખરીદી, ઘર રજિસ્ટર્ડ કરાવવાના વ્યવહાર મોટા પ્રમાણમાં કરાતા હોય છે. આ તહેવારો દરમિયાન ગ્રાહકોને આકર્ષવા માટે વિવિધ ઑફર્સ પણ બિલ્ડરો દ્વારા બહાર પાડવામાં આવતી હોય

(જુઓ પાનું ૪) ▸▸

## સરકારી યોજનાનો લાભ લેવા મામલે ભાઈએ કરી નાના ભાઈની હત્યા

પાલઘરઃ સરકારી યોજનાનો લાભ લેવા અને લાઈટ બિલને મામલે બે ભાઈઓ વચ્ચે ચાલતો વિવાદ લોહિયાળ બન્યો હોવાની ઘટના વસઈ તાલુકામાં બની હતી. દાતરડાથી હુમલો કરી નાના ભાઈની હત્યા કરવાના આરોપસર પોલીસે મોટા ભાઈની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ઘટના સકલે પાડા પરિસરમાં બની હતી. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ સતિશ જિતુ પાટીલ (૪૫) તરીકે થઈ હતી.■



**દિવાળીની ઉજવણીઃ** થાણેમાં ગુરુવારે સવારે મોટી સંખ્યામાં લોકોએ ભેગા થઈને દિવાળીની ઉજવણી કરી હતી. (જયપ્રકાશ કેળકર)

## સત્તા માટે પક્ષ તોડવો યોગ્ય નહીંઃ શરદ પવારના દિલીપ વળસે પાટીલ પર

પુણેઃ એનસીપી (એસપી)ના વડા શરદ પવારે ગુરુવારે પ્રધાન દિલીપ વળસે પાટીલ સહિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતાઓ પર સત્તાની લાલસામાં એનસીપીને તોડવાનો આરોપ મૂક્યો હતો અને આ પગલાને અયોગ્ય ગણાવ્યું હતું.

પવાર પાર્ટીના કાર્યકરો અને દેવદત્ત નિકમના સમર્થકોને સંબોધિત કરી રહ્યા હતા, જેને એનસીપી (એસપી) દ્વારા આંબેગાંવમાં વર્તમાન વિધાનસભ્ય વળસે-પાટીલ સામે મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા, જેમણે પુણે જિલ્લામાં અનેક વખત મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું છે. નિકમે ગુરુવારે બારામતીમાં પવારની મુલાકાત લીધી હતી.

પવારે કહ્યું કે એનસીપીએ ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં એકજૂટ થઈને લડી હતી અને ૫૪ (ચોપન) બેઠકો જીતી હતી. અમે (એમવીએ) સરકારની રચના કરી અને તે સરકારમાં, જિલ્લાના અમારા બે સાથીદારોને પ્રતિનિધિત્વ આપ્યું. એક આંબેગાંવનો હતો અને બીજો બારામતીનો હતો (વળસે-પાટીલ અને અજિત પવારનો ઉલ્લેખ કરીને), એમ તેમણે કહ્યું હતું.

એનસીપીના સ્થાપકે એમ પણ જણાવ્યું હતું કે તેઓએ પુણે જિલ્લાના ઈન્દાપુર તાલુકાને વધુ પ્રતિનિધિત્વ આપ્યું છે કારણ કે તેમના પ્રતિનિધિ (દત્તાત્રય ભારણે)ને પ્રધાનપદ આપવામાં આવ્યું હતું.

આ નેતાઓને સત્તા આપનાર પક્ષ હતો અને એનસીપી કાર્યકરોની મહેનતને કારણે પાર્ટીને સફળતા મળી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

તે સફળતાને કારણે પાર્ટી સત્તામાં આવી જેના કારણે તેઓ પ્રધાન બન્યા. પરંતુ અમારા કેટલાક સાથીદારોને આ યાદ ન હતું. અમારા કેટલાક સાથીદારોએ ૫૪માંથી ૪૪ વિધાનસભ્યોને છીનવી લીધા અને બીજી બાજુ જોડાઇ ગયા અને રાજ્યમાં ખોટું ચિત્ર ઊભું કર્યું, એમ પવારે કહ્યું હતું.

તેમને જોઈતી શક્તિ મળી. એવું નથી કે તેમને અગાઉ સત્તા મળી ન હતી પરંતુ સત્તા મેળવવા માટે પક્ષને તોડવાનું પગલું યોગ્ય નહોતું, એમ તેમણે કહ્યું હતું.

વિધાનસભ્ય વળસે-પાટીલની નિંદા કરતા તેમણે કહ્યું હતું કે આંબેગાંવ તહસીલનો પ્રતિનિધિ પણ પાર્ટીને તોડીને સત્તા પાછળ જવાના નિર્ણયનો એક ભાગ હતો. આંબેગાંવ તહસીલ અને આંબેગાંવના લોકો તે નિર્ણયનો ભાગ ન હતા. પરંતુ કમનસીબે, આંબેગાંવનો પ્રતિનિધિ તેનો એક ભાગ બન્યો. લોકો ચોંકી ગયા હતા કારણ કે તેઓએ આવું ક્યારેય વિચાર્યું ન હતું, એવો દાવો પવારે કર્યો હતો. ■

## બેઠક એક, રોહિત પાટીલ નામવાળા ઉમેદવાર ચાર

### સાંગલીમાં નામની બાબતમાં બહુ બધી ગડબડ છેઃ મતદારો મૂંઝાવાના છે

પુણેઃ ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પૂર્વે મુખ્ય રાજકીય પક્ષો આંતરિક રીતે અને સાથી પક્ષો વચ્ચેના મતભેદો ઉકેલવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે ત્યારે કેટલાક મતવિસ્તારોમાં ઉમેદવારોએ એક સરખા નામ ધરાવતા અપક્ષ ઉમેદવારોના અલગ જ પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. સાંગલી જિલ્લાના તાસગાંવ-કવઠે મહાંકાળ મતવિસ્તારમાં એનસીપીના દિવંગત નેતા અને ભૂતપૂર્વ ગૃહ પ્રધાન આર.આર. પાટીલના પુત્ર રોહિત રાવસાહેબ પાટીલ અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીના સંજય કાકા પાટીલ સામે ચૂંટણી લડી રહ્યા છે. આ મતવિસ્તારમાં તેમના જેવા જ નામ ધરાવતા વધુ ત્રણ ઉમેદવારો પણ મેદાનમાં છે.

રોહિત રાવસાહેબ પાટીલ, રોહિત રાજગોંડા પાટીલ અને અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા રોહિત રાજેન્દ્ર પાટીલની હાજરી એનસીપી (એસપી) માટે મૂંઝવણ ઊભી કરી રહી છે. વિવિધ પક્ષનું કહેવું છે કે એકસરખા નામ મતદારોને મૂંઝવણમાં મૂકી શકે છે અને જો હાર - જીતનો તફાવત મામૂલી હોય તો ખર્ચ માથે પડી શકે છે. પિતાનું નામ રાવસાહેબ ધરાવતા એનસીપીના રોહિતના પિતાના રાવસાહેબ નામના અંગ્રેજી સ્પેલિંગમાં અંગ્રેજી અક્ષર 'ઓ' છે જ્યારે અપક્ષ ઉમેદવારના પિતાના રાવસાહેબ નામના અંગ્રેજી સ્પેલિંગમાં 'વી' છે. પુણેમાં વડગાંવ શેરી વિધાનસભા બેઠક પરથી એનસીપી (એસપી)ના ઉમેદવાર બાપુસાહેબ તુકારામ પાઠારેએ અદલોઅદલ તેમના જેવું જ નામ ધરાવતા અપક્ષ ઉમેદવારએ પૂરતી માહિતી જાહેર ન કરી હોવાનો આક્ષેપ કરી તેમને ગેરલાયક ઠેરવવાની માગણી કરી છે.

પાઠારે અજિત પવારના નેતૃત્વવાળી એનસીપીના વિધાનસભ્ય સુનિલ તિંગરે સામે મેદાનમાં છે. અહિલ્યાનગરી જિલ્લાના રહેવાસી બાપુ બબન પાઠારેએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.

પુણેના પાર્વતી મતવિસ્તારમાં એનસીપી (એસપી) નેતા અશ્વિની નીતિન કદમ ભાજપનાં વિધાનસભ્ય માધુરી મિસળ સામે ચૂંટણી લડી રહ્યા છે. આ મતવિસ્તારમાં એક સરખા નામ ધરાવતા વધુ બે અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. એકનું નામ છે અશ્વિની નીતિન કદમ અને બીજી છે અશ્વિની વિજય કદમ. (પીટીઆઈ)■

## નવાં સમીકરણોઃ દલિત, મુસ્લિમ નેતાઓ મનોજ જરાંગેને મળ્યા

જાલનાઃ આગામી વિધાનસભા ચૂંટણી માટે 'લઘુતમ સામાન્ય કાર્યક્રમ' ઘડવાની પ્રતિબદ્ધતા જાહેર કરવા દલિત અને મુસ્લિમ નેતાઓ ગઈ કાલે જાલનામાં આંતરવાલી સરાટીમાં મરાઠા ક્વોટા કાર્યકર્તા મનોજ જરાંગેને મળ્યા હતા.

આ પ્રસંગે જરાંગેએ દલિતો અને મુસ્લિમોને તેમના દ્વારા સમર્થિત ઉમેદવારોને ટેકો આપવા જણાવ્યું હતું અને મરાઠાઓને પણ દલિત અને મુસ્લિમ ઉમેદવારો માટે એવું જ કરવાનું કહ્યું હતું. 'સ્થાપિત સત્તાને પડકારવા અને આપણા સમુદાયો વિરુદ્ધ કામ કરનારાઓને હરાવવા માટે આપણા સૌની એકતાની જરૂર છે.'

ઇસ્લામિક વિદ્વાન સજ્જાદ નોમાનીએ 'રાષ્ટ્રને ધાર્મિક ધોરણે વિભાજિત કરવા' માટે ભાજપની ટિકા કરી અને કહ્યું કે મતોના વિભાજનને ટાળવા માટે એકીકૃત મોરચો મહત્ત્વપૂર્ણ છે. ■

## એફડીને બદલે લિક્વિડ ફંડ્સમાં રોકાણને બહાને કરી ત્રણ કરોડની ઉચાપત

### ખાનગી બૅન્કની રિલેશનશિપ મૅનેજર સામે ગુનો

મુંબઈઃ સારા વળતરની લાલચ બતાવી એફડીને બદલે મ્યુઅલ ફંડ સાથે જોડાયેલાં લિક્વિડ ફંડ્સમાં રોકાણ કરવાને બહાને ફરિયાદીના બૅન્ક ખાતામાંથી ત્રણ કરોડ રૂપિયાની કથિત ઉચાપત કરવા પ્રકરણે પોલીસે ખાનગી બૅન્કની રિલેશનશિપ મૅનેજર વિરુદ્ધ બુધવારે ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર પાયલ કોઠારીએ ચાલુ વર્ષના જુલાઈમાં અંધેરીના ઓશિવરા પરિસરમાં રહેતી મહિલાનો સંપર્ક સાધ્યો હતો. કોઠારી અગ્રણી ખાનગી બૅન્કની રિલેશનશિપ મૅનેજર છે, જેની શાખા લોખંડવાલા સર્કલ ખાતે આવેલી છે.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે ફિક્સ્ડ ડિપોઝિટ્સમાં ઓછું વ્યાજ મળતું હોવાનું જણાવીને કોઠારીએ સારું વળતર મેળવવા માટે મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જોડાયેલાં લિક્વિડ ફંડ્સમાં મૂડીનું રોકાણ કરવાનું સૂચવ્યું હતું. ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યા બાદ કોઠારીએ ૧૨ જુલાઈથી ૨૧ ઑક્ટોબર દરમિયાન લિક્વિડ ફંડ્સમાં નાણાં ટ્રાન્સફર કરવાને બહાને ફરિયાદીની એફડી કથિત રીતે તોડાવી હતી અને ૨.૯૬ કરોડ રૂપિયા બે કંપનીનાં બૅન્ક ખાતાંમાં વળતા કર્યા હતા.ફરિયાદીને કોઈ શંકા ગઈ ન હોવાની ખાતરી થતાં કોઠારીએ અમુક નાણાં પોતાનાં બૅન્ક ખાતાંમાં ટ્રાન્સફર કર્યાં હતાં. વળી, આ ટ્રાન્ઝેક્શન સંબંધે ફરિયાદીના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર કોઈ એસએમએસ અથવા ઈ-મેઈલ પર મેસેજ ન જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

બાદમાં મહિલાને તેની સાથે છેતરપિંડી કરાઈ હોવાની જાણ થતાં વર્સોવા પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બૅન્કના અન્ય કોઈ ખાતાધારક સાથે આ રીતે છેતરપિંડી થઈ છે કે કેમ તેની પણ તપાસ પોલીસ કરી રહી છે. ■

અજબની અજાયબી

## ધનંજય મુંડેને ૨૦૧૯માં ત્રણ સંતાન હતા, પણ ૨૦૨૪માં પાંચ સંતાન...

### આ વખતના સોગંદનામામાં મુંડેનાં સંતાનોમાં બે વધી ગયાં છે

મુંબઈઃ પ્રધાન ધનંજય મુંડેને અજિત પવારની એનસીપીએ ફરી એક વાર પરલી વિધાનસભા મતદારસંઘમાંથી મેદાનમાં ઉતાર્યા છે.

એનસીપી (શરદ પવાર જૂથ)ના ઉમેદવાર રાજેસાહેબ દેશમુખ વિરુદ્ધ ધનંજય મુંડેનો સામનો થવાનો છે. દરમિયાન ધનંજય મુંડેએ ઉમેદવારીપત્ર ભરતા સમયે મહત્ત્વની માહિતી બહાર આવી છે. ૨૦૧૯માં ત્રણ સંતાનો હોવાનું સોગંદનામું કરનારા મુંડેએ ૨૦૨૪માં ઉમેદવારીપત્રમાં પાંચ સંતાનો હોવાનું સોગંદનામું જાહેર કર્યું છે.

ધનંજય મુંડેએ ઉમેદવારી ભરતાં સમયે સોગંદનામામાં શિવાની મુંડે અને સિશિવ મુંડે પણ તેમનાં જ સંતાનો હોવાનો ઉલ્લેખ કર્યો છે. ૨૦૧૯માં તેમણે જે સોગંદનામું આપ્યું હતું એમાં તેમણે ત્રણ સંતાનો હોવાનો ઉલ્લેખ કર્યો હતો, એ સમયે ઉક્ત બે સંતાનોનો ઉલ્લેખ નહોતો કરવામાં આવ્યો.

કારણ કે તેઓ તેમના પર અવલંબતાં નહોતાં એવું સોગંદનામામાં ધ્યાનમાં આવ્યું છે. સોગંદનામું આપતી વ્યક્તિ પર જે અવલંબતું હોય એ જ વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. એટલે જ શિવાની અને સિશિવનો આ વખતે જાહેર કરવામાં આવેલા સોગંદનામામાં ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું મુંડેએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ધનંજય મુંડેએ ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીમાં આપેલા સોગંદનામાં વૈષ્ણવી મુંડે તેમ જ જાનવી મુંડે અને આદિશ્રી મુંડેનાં નામનો ઉલ્લેખ કર્યો હતો. ૨૦૨૪માં તેમણે આ ત્રણ સંતાનો ઉપરાંત શિવાની અને સિશિવ મુંડેનાં નામનો પણ ઉલ્લેખ કર્યો છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દિવાળીના દિવસે હેવીવેઈટ શૅર સૂરસુરિયા થઈ જતાં સેન્સેક્સમાં ૫૫૩ પોઈન્ટનો ભડાકો, નિફ્ટી ૨૪,૨૦૦ની આસપાસ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ : વિદેશી ફંડોની એકધારી વેચવાલી વચ્ચે શેરબજારમાં સતત બીજા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. સત્રને અંતે, સેન્સેક્સ ૫૫૩.૧૨ પોઈન્ટ અથવા ૦.૬૯ ટકા ઘટીને ૭૯,૩૮૯.૦૬ની સપાટીએ અને નિફ્ટી ૧૩૫.૫૦ પોઈન્ટ્સ અથવા ૦.૫૬ ટકા ઘટીને ૨૪,૨૫૦.૩૫ની સપાટીએ સ્થિર થયો હતો. ઓક્ટોબર મહિનામાં સેન્સેક્સ ૫.૮ ટકા અને નિફ્ટી ઇન્ડેક્સ ૬.૨ ટકા ગબડ્યો છે.

એશિયન બજારો તેમજ વોલ સ્ટ્રીટના શેરબજારને અનુસરતા ગુરુવારે સેન્સેક્સ, નિફ્ટીએ અવગતીની દિશા પકડી હતી. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સહિતના હેવવાઇટ શેરો, તેમજ નાણાકીય અને આઇટી સેક્ટરમાં બ્લુચિપ શેરોમાં જબરી વેચવાલી અને પીછેહઠના કારણે બજારનું માનસ વધુ ખરડાયું હતું અને બેન્ચમાર્ક ઇક્વિટી ઇન્ડેક્સ નીચી સપાટી તરફ ખેંચાયા હતા.

ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનોલોજી, ટીસીએસ, એશિયન પેઇન્ટ્સ, ઇન્ફોસિસ અને મારુતિ સુઝુકી ટોપ લૂઝર બન્યા હતા. જ્યારે લાર્સન એન્ડ ટૂબ્રો છ ટકાના ઉછાળા સાથે ટોપ ગેઇનર રહ્યો હતો. અન્ય વધનારા શેરોમાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, પાવર ગ્રીડ, જેએસડબલ્યુ સ્ટીલ, કોટક મહિન્દ્રા બેન્ક, એચડીએફસી બેન્ક અને સન ફાર્માનો સમાવેશ હતો.

લાર્સન એન્ડ ટૂબ્રોએ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં પાંચ ટકાના ઉછાળા સાથે રૂ. ૩૩૯૫ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. ગાર્ડન એસેસરીઝ, પોટ, પ્લાન્ટર્સની ઉત્પાદક અને નિકાસકાર હર્ષદીપ હોર્ટીકોએ નાણાકીય વર્ષ ૨૦૨૫ના પૂર્વાર્ધમાં ૭૧.૧૧ ટકાના વધારા સાથે રૂ.૪.૨૩ કરોડનો ચોખ્ખો નફો, ૮.૨૭ ટકાના વધારા સાથે રૂ. ૨૪.૯૨ કરોડની કુલ આવક નોંધાવી છે. ડાબર બીજા ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ઘટાડા પછી તેના શેરમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું.

સિપ્લામાં સતત બીજા દિવસે લેવાલી જળવાઈ રહેવા સાથે મધ્ય સત્ર સુધીમાં આઠ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.બીજા ત્રિમાસિક ગાળાના પરિણામ બાદ લેવાલી વધવા સાથે લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં મધ્યસત્ર સુધીમાં પાંચ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. એચડીએફસી બેંકની શાખા એચડીબી ફાઇનાન્શિયલએ મૂડીબજારમાં પ્રવેશવા માટે દસ્તાવેજ ફાઇલ કરવ્યા છે.

મારુતિ સુઝુકીનો નફો સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૧૮ ટકા ઘટીને રૂ. ૩,૧૦૨ કરોડ અને આવક ૩૭,૪૪૯ કરોડ નોંધાઇ હતી. ફેડરલ બેન્કનો નફો ૧૧ ટકા વધ્યો હતો. એલજી ઇલેક્ટ્રોનિકનો નફો ૧૨.૩ ટકા અને રેવેન્યુ ૭.૫ ટકા વધી હતી. કેનેરા બેન્કનો નફો ૧૧ ટકા વધ્યો હતો. સ્વીગી રૂ.




૧૧,૩૨૭.૪૩ કરોડના આઇપીઓ સાથે છઠી નવેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. સેગીલીટી ઇન્ડિયા રૂ. ૨,૧૦૬.૬૦ કરોડના પાંચમી નવેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે.

નિફ્ટીમાં સૌથી વધુ ઘટનારા શેરોમાં ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજી, ઈન્ફોસીસ, ટીસીએસ, વિપ્રોનો સમાવેશ હતો, જ્યારે સિપ્લા, એલએન્ડટી, ડો રેડ્ડીઝ લેબ્સ, હીરો મોટોકોર્પ અને ઓએનજીસીનો ટોપ ગેઇનરમાં સમાવેશ હતો.

સેકટરલ ધોરણે આઇટી ઇન્ડેક્સ લગભગ ત્રણ ટકા, એફએમસીજી ઇન્ડેક્સ લગભગ એક ટકા અને બેન્ક ઇન્ડેક્સ ૦.૫ ટકા ઘટ્યો હતો. જોકે, ફાર્મા અને મીડિયા ઈન્ડેક્સ ૧.૫ ટકા વધ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા ઘટ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ ૧.૬ ટકા વધ્યો હતો.

અમી ઓર્ગેનિક્સ, અનુપ એન્જિનિયરિંગ, અરવિંદ સ્માર્ટસ્પેસ, ક્રિસિલ, ફોર્ટિસ હેલ્થકેર, જિલેટ ઈન્ડિયા, જગસનપાલફાર્મા, કાઈટેક્સ ગાર્મેન્ટ્સ, પરદીપ ફોસ્ફેટ્સ, પિરામલ ફાર્મા, પોલી મેડિક્યોર, પ્રુડન્ટ એડવાઈઝર, શારદા ક્રોપ, સુવેન ફાર્મા, ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર ઈન્ડિયા, વી-માર્ટ રિટેલ, વોકહાર્ટ સહિતના ૧૬૦થી વધુ શેરોએ બીએસઇ પર તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શી હતી.રોકાણકારો માટે આ દિવાળી ખૂબ ઝાંખી રહી છે. વાઘબારસ અને ધનતેરસના દિવસે ચમકારો બતાવીને કાળીચૌદસ અને દિવાળીના મુખ્ય દિવસે શેરબજારે રોકાણકારોની આશાના દીપક બુઝાવી દીધા હતા. ઑક્ટોબર મહિનામાં શેરબજારે કોરોનાકાળના ૨૦૨૦ના કડાકા પછીની સૌથી નિરાશાજનક કામગીરી નોંધાવી છે. વિદેશી ફંડોની એકધારી વેચવાલી અને એક જ મહિનામાં એક લાખ કરોડ રૂપિયાથી વધુનું ધોવાણ બજારને પછાડનાર મુખ્ય પરિબળ રહ્યું હતું.

બજારના સાધનો અનુસાર ડોમેસ્ટિક ઇન્સ્ટિટ્યુશનલ ઇન્વેસ્ટર્સ (ડીઆઇઆઇ) અને રીટેલ ઇન્વેસ્ચર્સનો બજાર પર વિશ્વાસ અકબંધ રહ્યો છે, પરંતુ એફઆઇઆઇની વેચવાલીનું દબાણ ઘટવું આવશ્યક છે. હાલ કોર્પોરેટ ક્ષેત્રની બીજા ક્વાર્ટરની કમાણીના નબળા આંકડાને જોતાં અપટ્રેન્ડ ટકી રહેવાની શક્યતા નથી. બજારના સાધનો અનુસાર, આ દિવાળીએ બજારમાં આતશબાજી જોવા મળે તેવી શક્યતા નથી.

અમેરિકા અને જાપાનના બજારોએ સકારાત્મક વળતર આપ્યું છે અને ચીન અને હોંગકોંગે ભારે આઉટપરફોર્મ કર્યું છે ત્યારે ભારત ઓક્ટોબરમાં નિફ્ટીના લગભગ છ ટકાના ઘટાડા સાથે અંડરપરફોર્મ કરી રહ્યું છે. ભારતનું નીચું પ્રદર્શન, ઉચ્ચ મૂલ્યાંકન, વિદેશી ફંડીના અવિરત વેચાણ અને કોર્પોરેટ ક્ષેત્રની ધીમી કમાણી વૃદ્ધિ જેવી ચિંતાઓ તેજીને અવરોધી રહી છે.

# એસએમઈ આઈપીઓના ઉન્માદથી ચિંતિત સેબીની છ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક્સ સામે તપાસ

### આઈપીઓ દ્વારા જે ફંડ મેળવાય તેના ૧૫થી ૫૦ ટકા રકમ ફી તરીકે વસૂલવામાં આવતી હોવાનો ઘટસ્ફોટ

નવી દિલ્હીઃ પ્રાઈમરી માર્કેટમાં જે પ્રકારે તેજીનો ઉન્માદ છવાયેલો છે તે જોતા તેમાં ગેરરીતિની આશંકા વિવિધ સ્તર પર સેવાઈ રહી છે. એક રિપોર્ટ અનુસાર સેબી છ સ્થાનિક ઈન્વેસ્ટમેન્ટ બેન્ક્સ સામે આ મુદ્દે તપાસ કરી રહી છે. આ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક્સ નાની કંપનીઓને કોઈ ને કોઈ ઓફર દ્વારા આઈપીઓ લાવવા અને પરસ્પરના હિત સાધતા હોવાનું સૂત્રોએ કહ્યું હતું.

સૂત્રોએ કહ્યું હતું કે સેબી દ્વારા આ તપાસ આ વર્ષની શરૂઆતમાં શરૂ થઈ હતી અને તપાસનું ફોકસ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક્સ કંપનીઓ પાસેથી ફી કેટલી વસૂલે છે તેના પર છે. તપાસમાં એવું માલૂમ પડ્યું છે કે ૬ સ્મોલ ઈન્વેસ્ટમેન્ટ બેન્કસે કંપનીઓ પાસેથી આઈપીઓ દ્વારા જે ફંડ મેળવાય તેના ૧૫ ટકા રકમ ફી તરીકે વસૂલી છે. સામાન્ય રીતે ઈશ્યૂનું જે કદ હોય તેના ૧-૩ ટકા જ ફી લેવાતી હોય છે. કેટલાક કિસ્સામાં તો ૫૦ ટકા સુધીની રકમની માગણી પણ થઈ છે.

સેબીના પ્રાથમિક તારણ અનુસાર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક્સ કંપનીઓને આઈપીઓ અનેકગણો છલકાવવાની ખાતરી આપીને તેમની પાસેથી બદલામાં વધારે રકમ વસૂલી રહી છે. ઈશ્યૂ ભરતી વખતે તે કેટલાક રોકાણકારો સાથે સાંઠગાંઠ કરીને નિયમો તોડીને જંગી બિડ કરાવે છે. એચએનઆઈ અને ઓર્ડિનરી રિટેલ ઈન્વેસ્ટર્સ કેટેગરી બન્નેમાં તે જંગી બિડ કરાવે છે તેમ સૂત્રોએ કહ્યું હતું. આ પૈકી ઘણી બધી બિડ સાચી નથી અને એલોટમેન્ટ વખતે તે રદ કરી દેવાય છે, પરંતુ ઈશ્યૂ અનેકગણો ભરાઈ ગયો તેવો પ્રચાર થવાથી અન્ય રોકાણકારો ઈશ્યૂ ભરવા આકર્ષાય છે.

ભારતમાં ૬૦ ઈન્વેસ્ટમેન્ટ બેન્ક્સ છે જે નાની કંપનીઓ માટે સક્રિય રીતે એસએમઈ આઈપીઓ પર કામ કરે છે. ગત નાણાકીય વર્ષમાં ૨૦૫ નાની કંપનીઓએ એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટિંગ કરાવીને ૬૦૦૦ કરોડ જેવી રકમ ઊભી કરી હતી, જે અગાઉના વર્ષમાં ૧૨૫ કંપનીઓ દ્વારા મેળવાયેલા ૨૨૦૦ કરોડ કરતાં ઘણી વધારે હતી. ચાલુ વર્ષે એપ્રિલથી ઓગસ્ટના ગાળામાં ૧૦૫ કંપનીઓએ આ રૂટથી ૩૫૦૦ કરોડ ઊભા કરી લીધા છે. સેબીના સીનિયર અધિકારી અશ્વની ભાટિયાએ આ મહિને જ કહ્યું હતું કે નાની અને મધ્યમ કદની કંપનીઓ માટે આઈપીઓ અંગે વધુ ચકાસણીનો અભાવ છે. ટૂંક સમયમાં આ અંગે નિયમો આકરા બનાવાશે. ગત જુલાઈમાં સેબીએ લિસ્ટિંગના દિવસની નરમતથ પર અંકુશ માટે લિસ્ટિંગના દિવસે શેરમાં મહત્તમ ૯૦ ટકા વધારાની મર્યાદા નક્કી કરી દીધી હતી. સેબીએ ઓડિટર્સ અને એક્સચેન્જને પણ સતર્ક રહેવા તાકીદ કરી છે અને જે કંપનીઓના ડોક્યૂમેન્ટ્સમાં માહિતીથી સંતોષ ન હોય તો તેનું લિસ્ટિંગ અટકાવવા કહ્યું.

# સોનામાં ₹ ૨૪નો ઘટાડો, ચાંદી ₹ ૧૩૭૦ ગબડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૭૯૦.૧૫ની નવી વિક્રમ સપાટી સુધી પહોંચીને પાછા ફર્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભમાં ઘટ્યા મથાળેથી ભાવમાં ધીમો ઘટાડો આગળ વધ્યો હતો.

તેમ જ ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક અહેવાલને અનુસરતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં દિવાળી પૂર્વે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪નો ધીમો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૭૦ ગબડ્યા હતા. આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૩૭૦ના ઘટાડા સાથે રૂ. ૯૬,૬૭૦ના મથાળે રહ્યા હતા.

જોકે, સોનામાં વૈશ્વિક બજારમાં મક્કમ વલણ રહ્યું હોવાથી ભાવ ૧૦ ગ્રામદીઠ સાધારણ રૂ. ૨૪ ઘટીને ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯,૨૩૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૯,૫૫૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે દિવાળી પૂર્વે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી જળવાઈ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહી હતી, પરંતુ આવતીકાલે દિવાળીની માગ ખુલવાનો જ્વેલરો આશાવાદ રાખી રહ્યા છે.

અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીના પરિણામોની અનિશ્ચિતતા અને મધ્યપૂર્વના દેશોના તણાવને ધ્યાનમાં લેતા ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૨૭૯૦.૧૫ ડૉલરની નવી ઊંચી સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ આવતા ભાવમાં પીછેહઠ જોવા મળી હતી.

જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે મક્કમ વલણ રહ્યા બાદ અમેરિકાના ફુગાવાના ડેટાની જાહેરાત થવાની હોવાથી સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ વધુ ૦.૩ ટકા ઘટીને ૨૭૭૮.૪૭ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૨૭૮૯.૪૦ ડૉલર ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ પણ ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩.૪૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકાની પ્રમુખપદની ચૂંટણી નિર્ણાયક તબક્કામાં પ્રવેશી અને રિપબ્લિકન પક્ષના ઉમેદવાર ભૂતપૂર્વ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને વર્તમાન ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર કમલા હેરિસ વચ્ચે તીવ્ર રસાકસી હોવાથી પરિણામોની અનિશ્ચિતતા વચ્ચે સોનામા સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું કેપિટલ ડૉટ કૉમના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવ્યું હતું. જોકે, રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતના નિર્ણયમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે.

# હિન્દુસ્તાન ઝીંક્નું ડિમર્જરઃ કંપનીને ત્રણ ભાગમાં સ્પ્લિટ કરવાને બદલે બે ભાગમાં સ્પ્લિટ કરવા અંગે દરખાસ્ત

ઉદયપુરઃ વેદાંત ગ્રુપની કંપની હિન્દુસ્તાન ઝીંક લિમિટેડના સીઈઓ અરૂણ મિશ્રાએ કહ્યું હતું કે કંપનીના ડિમર્જર અંગે સરકાર સાથે નવેસરથી વાતચીત શરૂ થઈ છે અને અગાઉ ત્રણ ભાગમાં કંપનીને સ્પ્લિટ કરવાને બદલે બે ભાગમાં સ્પ્લિટ કરવા અંગે દરખાસ્ત મૂકી છે. હિન્દુસ્તાન ઝીંકમાં રિસ્ટ્રક્ચરિંગ કરીને અલગ એન્ટિટી સ્થાપવા અંગે અગાઉ દરખાસ્ત થઈ હતી, પરંતુ સરકારે બિડ અંગે નારાજગી દર્શાવતા આ યોજના સ્થગિત કરી દેવાઈ હતી. હિન્દુસ્તાન ઝીંકમાં સરકારનો ૨૯.૫૪ ટકા હિસ્સો છે.

મિશ્રાએ કહ્યું હતું કે ડિમર્જર અંગે સરકાર સાથે વાતચીત સારી રહી છે. હવે સરકાર ફરીથી વાતચીત કરશે. અમે ફરી ચર્ચા કરી છે...હવે ત્રણને બદલે બે કંપનીમાં ડિમર્જ થશે. અગાઉ ખાણ મંત્રાલયે કંપનીને જણાવી દીધું હતું કે કંપનીમાં રિસ્ટ્રક્ચરિંગની કોઈપણ દરખાસ્ત માટે મંત્રાલયની મંજૂરી લેવાની રહેશે. મિશ્રાએ કહ્યું હતું કે તાજેતરમાં તેઓ ખાણ સચિવ સાથે હતા અને બન્નેએ આ અંગે વાતચીત કરી છે. આ મોટો વિષય છે, તેમાં ખાણ, સ્મેલ્ટર સહિતની એસેટ્સનું રિસ્ટ્રક્ચરિંગ જરૂરી બને છે.

તેમણે વધુમાં કહ્યું કે હિન્દુસ્તાન ઝીંકમાંથી ડિમર્જ થનારી બન્ને કંપની એસેટ બેઝ્ડ બને તેવું આયોજન છે જેથી બન્નેને માઈન્સ અને સ્મેલ્ટર મળે. આથી આ એસેટ્સનું પણ વિભાજન કરવું પડશે. વળી, એવી કોઈ ખાણ નથી જેમાં માત્ર ચાંદીનું જ ઉત્પાદન થતું હોય. એવી પણ કોઈ ખાણ નથી જેમાં માત્ર ઝીંક અને લેડનું જ ઉત્પાદન થતું હોય. આથી આ જટિલ પ્રક્રિયા છે જે અંગે વાતચીત થઈ રહી છે. હિન્દુસ્તાન ઝીંકે ગયા વર્ષે ડિમર્જરની જાહેરાત કરી દીધી હતી. તેણે આ પ્રક્રિયા માટે એડવાઈઝરી ફર્મને કામ પણ સોંપી દીધું હતું. જોકે સરકારે તેના પર બ્રેક મારી દીધી હતી. હિન્દુસ્તાન ઝીંકનો ચાલુ વર્ષના પ્રથમ ક્વાર્ટર એપ્રિલ-જૂન ક્વાર્ટરનો નેટ પ્રોફિટ ૧૯.૪ ટકા વધીને ૨૩૪૫ કરોડ થયો હતો. એબિટામાં પણ વધારો થયો હતો. ગત વર્ષે આ ગાળામાં તેનો પ્રોફિટ ૧૯૬૪ કરોડ હતો. કંપનીની આવક વધીને ૮૩૯૮ કરોડ થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૭૫૬૪ કરોડ હતી. હિન્દુસ્તાન ઝીંક વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ ઝીંક ઉત્પાદક છે અને ચાંદીનું ઉત્પાદન કરતી ત્રીજા ક્રમની સૌથી મોટી ઉત્પાદક છે.

# હિન્દાલ્કોનો વાઘોડિયામાં સૌથી મોટો કોપર ઇનર ગ્રૂવ ટ્યુબ પ્લાન્ટ

મુંબઇઃ હિન્દાલ્કોનું ગુજરાતના ભરૂચના દહેજ ખાતે વિશ્વનું સૌથી મોટા પૈકીનું એક અને બંદરથી પણ જોડાયેલું સિંગલ લોકેશન કોપર સ્મેલ્ટર છે. ધાતુની વધતી વૈશ્વિક માગને જોતા કંપની આ એકમ ખાતે કોપર સ્મેલ્ટિંગ ક્ષમતાનું વિસ્તરણ કરી રહી છે અને વેપાર-ધંધા માટે અનુકૂળ આ રાજ્યમાં બીજી ફેક્ટરી સ્થાપવા પણ વિચારી રહી છે.

વધુમાં કંપની કોપર અને મેગ્નેશિયમની મિશ્રધાતુ બનાવવા પણ જઈ રહી છે, જે નવી પેઢીના સ્થાયી વીજળીકરણને ઉન્નત કરશે. કંપની તાજેતરમાં તૈયાર કરેલી કોપર અને ચાંદીની મિશ્રધાતુ હાઇ-સ્પીડ અને શહેરી પરિવહન, ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર તેમજ ઝડપથી વિસ્તરતા મેટ્રો રેલ્વે નેટવર્કના નવા તબક્કાને બળ આપી રહી છે.

કંપની ગુજરાતના વાઘોડિયા ખાતે ભારતનો સૌથી મોટો કોપર ઇનર ગ્રૂવ ટ્યુબ પ્લાન્ટ બનાવી રહી છે. આ પ્લાન્ટ ચાલુ કેલેન્ડર વર્ષના અંત સુધીમાં ચાલુ થઈ જશે અને એર કન્ડિશ્નર્સ માટે ચાવીરૂપ સામગ્રીની આયાત પરનું અવલંબન ઘટાડશે.

કંપનીએ દહેજ ખાતે પ્રથમ અને સૌથી મોટા ઇ-વેસ્ટ અને કોપર રિસાયક્લિંગ એકમનું કામ શરૂ કરી દીધું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ભારતની પ્રથમ નમો ભારત રેપિડ રેલને લીલી ઝંડી આપી ત્યારે આધુનિક પરિવહન અને સ્થાયી ઊર્જામાં પરિવર્તન લાવતા બે ચાવીરૂપ ધાતુઓ કોપર અને એલુમિનિયમના અગ્રણી ઉત્પાદક હિન્દાલ્કોએ સીમાચિહ્ન હાંસલ કર્યું હતું.

# કોલસાની આયાત એપ્રિલ-જુલાઈમાં એક ટકા વધીને ૯ કરોડ ટન થઈ

### કોલસા મંત્રાલયે કહ્યું હતું કે એપ્રિલ-જુલાઈ દરમિયાન કોલસાનું ઉત્પાદન ૧૦% વધીને ૩૨.૧૪ કરોડ ટન થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૨૯.૩૩ કરોડ ટન હતું

નવી દિલ્હીઃ દેશમાં કોલસાની આયાત ચાલુ વર્ષે એપ્રિલથી જુલાઈના ચાર મહિનાના ગાળામાં ૦.૯% વધીને ૯.૦૫ કરોડ ટન થઈ હતી. વિમાં કોલસાના ભંડારની બાબતમાં ભારત પાંચમા ક્રમ પર હોવા છતાં સ્થાનિક જરૂરિયાત પૂરી કરવા માટે મોટાપાયે આયાત કરવી પડી રહી છે. કારણ કે કોલસાના વપરાશની બાબતમાં ભારત વિશ્વમાં બીજા ક્રમ પર છે. કોલસા મંત્રાલયે કહ્યું હતું કે એપ્રિલ-જુલાઈ દરમિયાન કોલસાનું ઉત્પાદન ૧૦% વધીને ૩૨.૧૪ કરોડ ટન થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૨૯.૩૩ કરોડ ટન હતું.

દેશમાં કોલસાનો વપરાશ સતત વધી રહ્યો છે જેને કારણે કોકિંગ કોલ અને હાઈ-ગ્રેડ થર્મલ કોલની આયાત જરૂરી બની ગઈ છે કારણ કે તે બંનેનો સ્થાનિક રિઝર્વમાં પૂરતો જથ્થો નથી. સ્ટીલ સહિતના ઉદ્યોગોમાં કોલસાની મોટાપાયે જરૂરિયાત હોવાથી આયાત કરવી પડી રહી છે. ચાર મહિનામાં ૯.૦૫ કરોડ ટન કોલસાની આયાત થઈ છે, જે ગત વર્ષે આ ગાળામાં ૮.૯૬ કરોડ ટન હતી.

નોન-કોકિંગ કોલની આયાત ૨% વધી હતી, જ્યારે કોકિંગ કોલની આયાત ૨.૬% ઘટી હતી. જુલાઈ મહિનામાં જ કોલસાની આયાત ૧૫.૯% વધીને ૨.૧૮ કરોડ ટન થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૧.૮૮ કરોડ ટન હતી. મંત્રાલયે કહ્યું હતું કે કોલસા આધારીત વીજ ઉત્પાદન એપ્રિલ-જુલાઈમાં ૧૦.૧૮% વધ્યું છતાં બ્લેન્ડિંગ (મિશ્રણ) માટે આયાત ૮.૨% ઘટી હતી.

નોન-રેગ્યુલેટેડ સેક્ટર દ્વારા કોલસાની આયાત ૧૧% ઘટીને ૪.૪૯ કરોડ ટન થઈ હતી, જે ગત વર્ષે આ ગાળામાં ૫.૦૫ કરોડ ટન હતી.

ઉલ્લેખનીય છે કે દેશમાં કોલસાનું ઉત્પાદન એપ્રિલથી ઓગસ્ટના પાંચ મહિનામાં ૬.૪૮% વધીને ૩૮.૪૦ કરોડ ટન થયું હતું. ગત વર્ષે આ ગાળામાં ૩૬.૦૭ કરોડ ટન ઉત્પાદન થયું હતું. દેશમાં કોલસાનું ૮૦% ઉત્પાદન કરતી સરકારી કંપની કોલ ઈન્ડિયા લિમિટેડનું ઉત્પાદન આ પાંચ મહિનામાં ૨૯.૦૩ કરોડ ટન થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૨૮.૧૫ કરોડ ટનની સરખામણીમાં ૩.૧૭% વધારો દર્શાવે છે. કેપ્ટિવ અને અન્ય એન્ટિટી મારફતે કોલસાનું ઉત્પાદન આ ગાળામાં ૬.૮૯ કરોડ ટન થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૫.૨૮ કરોડ ટન હતું. કોલસાનું ડિસ્પેચ એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન ૪૧.૨૦ કરોડ ટન થયું હતું, જે ગત વર્ષે આ ગાળામાં ૩૯.૧૯ કરોડ ટન હતું.

# ડૉલર સામે રૂપિયામાં સાંકડી વધઘટે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ છતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની લેવાલી ઉપરાંત વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ વધી આવ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેતાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના ૮૪.૦૮ના મથાળે જ બંધ રહ્યો હતો. જોકે, આજે સંભવીતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ બજારમાં હસ્તક્ષેપ કરતાં રૂપિયામાં મોટું ધોવાણ અટક્યું હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૦૮ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૪.૦૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૦૯ અને ઉપરમાં ૮૪.૦૭ની સાંકડી રેન્જમાં અથડાઈને ગઈકાલની જ ૮૪.૦૮ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે આજે માસાન્તને કારણે ડૉલરમાં આયાતકારોની વ્યાપક લેવાલી રહી હોવા છતાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા ડૉલરનું વેચાણ થવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સનાં ટ્રેઝરી હેડ અને એક્ઝિક્યુટીવ ડિરેક્ટર અનીલકુમાર ભણસાળીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે ઘણાં કેન્દ્રોમાં બજાર બંધ રહી હોવાથી કામકાજોનું વૉલ્યુમ ઓછું હતું.

# લેપટોપ, ટેબ્લેટ્સ માટેની ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ત્રણ મહિના લંબાવાઈ

નવી દિલ્હીઃ સરકારે લેપટોપ, ટેબ્લેટ્સ સહિતની આઈટી પ્રોડક્ટ્સ માટેની ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ ત્રણ મહિના લંબાવી છે. ૩૦ સપ્ટેમ્બરે તેની સમયમર્યાદા પૂરી થઈ રહી હતી, જે હવે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવાઈ છે. ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી આયાતકારે નવેસરથી ઓથોરાઈઝેશન કરાવવાનું રહેશે જેની ગાઈડલાઈન હવે પછી બહાર પડશે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ કહ્યું હતું કે આ આઈટી પ્રોડક્ટ્સની આયાત ૨૦૨૩-૨૪માં ૮.૪ અબજ ડોલર થઈ હતી. કુલ ૯.૫ અબજ ડોલરની પ્રોડક્ટ્સની આયાત માટે મંજૂરી આપવામાં આવી હતી. આ પૈકી મોટાભાગની પ્રોડક્ટ્સ ચીનમાંથી આયાત થઈ હતી. ગત વર્ષે ઓક્ટોબરમાં સરકારે લેપટોપ, પર્સનલ કમ્પ્યૂટર અને અન્ય કેટલીક આઈટી હાર્ડવેર પ્રોડક્ટ્સની આયાતના ઓથોરાઈઝેશન માટે ઈમ્પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરી હતી. આયાત પર અંકુશ માટે નહીં પરંતુ આયાતનું મોનિટરિંગ થઈ શકે તે હેતુથી આ સિસ્ટમ શરૂ કરવામાં આવી હતી. કોઈપણ આયાતકાર ગમે તેટલી આયાત કરી શકે છે પરંતુ તેના માટે ઓથોરાઈઝેશન જરૂરી છે, જે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી માન્ય રહેશે. જોકે હવે આ સમયમર્યાદા વધારીને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ કરી દેવાઈ છે. સરકારે ૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ ૧૦૦થી વધુ અરજી મંજૂર કરી હતી જેમાં એપલ, ડેલ, લેનોવો સહિતની કંપનીઓએ આ તમામ પ્રોડક્ટ્સની ૧૦ અબજ ડોલરની આયાત માટે અરજી કરી હતી. આ નવી સિસ્ટમ લેપટોપ, પર્સનલ કમ્પ્યૂટર (ટેબ્લેટ સહિત), માઈક્રોકમ્પ્યૂટર, લાર્જ કે મેઈનફ્રેમ કમ્પ્યૂટર, કેટલાક ચોક્કસ ડેટા પ્રોસેસિંગ મશીન, વગેરે માટે લાગુ છે. વર્ષ ૨૦૨૨-૨૩માં દેશમાં લેપટોપ સહિત પર્સનલ કમ્પ્યૂટરની ૫.૩૩ અબજ ડોલરની આયાત થઈ હતી, જે ૨૦૨૧-૨૨માં ૭.૩૭ અબજ ડોલર હતી.

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભે કોપરના ભાવમાં ધીમો ઘટાડો આગળ ધપ્યો હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે દિવાળીની રજાઓના માહોલમાં કામકાજો પાંખાં રહેતાં વિવિધ ધાતુઓમાં માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ટીન, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ યુટેન્સિલ્સમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો, જ્યારે ઝિન્ક સ્લેબ, નિકલ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, અને લીડ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી પાંચ ઘટી આવ્યા હતા તથા અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનમા ઑક્ટોબર મહિનામાં ઉત્પાદન પ્રવૃત્તિઓમાં સુધારો જોવા મળ્યો હોવા છતાં બિન ઉત્પાદન ક્ષેત્રે હજુ વૃદ્ધિ મંદ હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ટનદીઠ ૯૫૪૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.








**રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડથી આકાશ કલરફુલ:** રાજકોટમાં રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ધનતેરસથી જ આતશબાજીનો કાર્યક્રમ શરૂ થયો હતો. દિવાળીના દિવસે પણ ભવ્ય આતશબાજી જોવા મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યાં હતાં. મહાનગરપાલિકા દ્વારા સતત ૪૧માં વર્ષે આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીના દિવસે રેસકોર્સ સ્થિત માધવરાય સિંધિયા ગ્રાઉન્ડ ખાતે ભવ્ય આતશબાજીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક અવનવી વેરાઈટીના ફટાકડાથી આકાશ કલરફુલ બની ગયું હતું. આ આતશબાજીને રાજકોટવાસીઓએ એક કલાક સુધી નિહાળી હતી. તે ઉપરાંત રેસકોર્સ રિંગરોડ પર ભવ્ય લાઈટિંગ, સાઉન્ડ, લેશર શો સહિતનું આયોજન કરવામાં આવ્યું હતું. રેસકોર્સ રિંગરોડ ફરતે રાજકોટના લોકો દ્વારા અવનવી રંગોળીઓ પણ કરવામાં આવી હતી. રેસકોર્સ રીંગ રોડ પર યોજાઇ રહેલા દિવાળી ઉત્સવ સાથે આતશબાજીના કાર્યક્રમથી લોકોનો ઉત્સાહ વધ્યો હતો. તમામ વર્ગના લોકોએ વધુ એક વખત મહાનગરપાલિકા દ્વારા યોજેલી દિવાળી માણી હતી.

(તસવીર– પ્રવિણ સેદાણી– રાજકોટ)

# ગુજરાત સરકારે ૭૪ લાખથી વધુ રેશન કાર્ડધારક કુટુંબોને સિંગતેલનું વિતરણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોને ખાદ્યતેલ (સીંગતેલ) તથા ૩૨ લાખ રેશન કાર્ડધારક કુટુંબોને વધારાની ખાંડનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને દિવાળીના તહેવાર નિમિત્તે ૭૪ લાખ કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્યતેલ (સીંગતેલ) બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે કાર્ડ દીઠ ૧ લિટર પાઉચ રૂ.૧૦૦ પ્રતિ લિટરના રાહત દરે વિતરણ કરવામાં આવે છે.

અન્ન,નાગરિક પુરવઠા વિભાગે યાદીમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ૭૪ લાખથી વધુ રેશનકાર્ડધારક કુટુંબોની ૩.૬૮ કરોડ જનસંખ્યાને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત ચાલુ માસ ઓક્ટોબરમાં દિવાળીના તહેવારો દરમ્યાન ઘઉં અને ચોખાનું વિનામૂલ્યે વિતરણ રાજ્યની ૧૭૦૦૦ થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતે થઇ રહ્યું છે. તેમજ રાજ્યના ૮ લાખ જેટલા અંત્યોદય અન્ન યોજનાના કુટુંબોને પ્રતિ કાર્ડ ૧૫ કિલો ઘઉં અને ૨૦ કિલો ચોખા મળી કુલ ૩૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્યના ૬૬ લાખ જેટલા અગ્રતા ધરાવતા કુટુંબોની ૩.૩૨ કરોડ જનસંખ્યાને પ્રતિ વ્યક્તિ ૨ કિલો ઘઉં અને ૩ કિલો ચોખા મળી પ્રતિ વ્યક્તિ કુલ ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે.

રાજ્યના બીપીએલ અને અંત્યોદય કુટુંબો મળી કુલ ૩૨ લાખ જેટલા કુટુંબો મળવાપાત્ર ખાંડના જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડનું અંત્યોદય કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ.૧૫ ના રાહતદરે તથા બી.પી.એલ કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની યોજના હેઠળ, ૭૪ લાખ કુટુંબોને અન્ન સુરક્ષાની સાથેસાથે પોષણયુક્ત પુરી પાડવા માટે પ્રોટીન સભર આહાર મળી રહે તે માટે ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૩૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. રૂ. ૫૦ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરવામાં આવ્યું છે. ■



(તસવીર- પ્રવિણ સેદાણી- રાજકોટ)

દિવાળી નિમિત્તે વેપારીઓ દ્વારા ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવતું હોય છે. રાજકોટમાં ચોપડા પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. દિવાળીનો દિવસે ધંધા–રોજગાર, વૃદ્ધિ માટે ચોપડા પૂજન માટેનો ઉત્તમ દિવસ માનવામાં આવે છે. વિજ્ઞાન અને ટૅક્નોલૉજીના યુગમાં કેટલાક ધંધાર્થીઓ દ્વારા ચોપડા સાથે લેપટોપ અને કોમ્પ્યુટરની પણ પૂજા કરવામાં આવી હતી. દિવાળીના તહેવારમાં ચોપડા પૂજન સાથે લક્ષ્મીનું પૂજન પણ કરવામાં આવ્યું હતું. વિક્રમ સંવત ૨૦૮૦ના અંતિમ દિવસે ચોપડા પૂજન કરી આવનારું સંવત ૨૦૮૧ દરેકને તન, મન, ધનથી સુખ સમૃદ્ધિમય નિવડે અને ધંધા રોજગારમાં પ્રગતિ થાય તેવા હેતુ સાથે પૂજા કરવામાં આવી હતી.

# અમિત શાહે સાળંગપુરમાં ૧૧૦૦ રૂમના યાત્રિક ભવનનું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બોટાદના સાળંગપુરમાં હનુમાનજીના દર્શન માટે રોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતાં હોય છે. ત્યારે તેમને ત્યાં રોકાવાની સુવિધા મળી રહે તે માટે ૨૦૦ કરોડના ખર્ચે ૧૧૦૦ રૂમ ધરાવતા યાત્રિક ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કાળી ચૌદશના દિવસે આ યાત્રિક ભવનનું લોકાર્પણ કર્યું હતું.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે યાત્રિક ભવનનું લોકાર્પણ કર્યા બાદ શ્રદ્ધાળુઓને દિવાળી પર્વની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યું હતું કે, કાળી ચૌદશના દિવસે હનુમાનજી દાદાના દર્શન કરવા મળ્યાં એ બદલ સંસ્થાનો હૃદયપૂર્વક આભાર માનું છું. કરોડો લોકોને કષ્ટ પડે ત્યારે તેઓ અહીં આવે છે અને મને પણ જ્યારે કષ્ટ પડ્યું ત્યારે મે પણ દાદાને યાદ કર્યા હતા.

સાળંગપુરમાં તૈયાર થયેલું યાત્રિક ભવન સોલાર પાવરથી ચાલશે અને તે ઈકો ફ્રેન્ડલી પણ છે. યાત્રિક ભવન ૨૦૦ કરોડના ખર્ચે ૯,૦૦,૦૦૦ સ્કવેર ફૂટમાં બાંધકામ કરવામાં આવ્યુ છે. તેમાં ૧૧૦૦ રૂમ છે. ૫૦૦ એસી રૂમ, ૩૦૦ નોન એસી રૂમ, ૧૦૦ સ્ટાફ રૂમ છે. ૫ સર્વન્ટ હોલ, ૧૪ સ્ટોર રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે. એસી રૂમનું ભાડું ૧૫૦૦, નોન એસી રૂમનું ભાડું ૬૦૦ રાખવામાં આવ્યું છે. ■

# જૂનાગઢ મહાનગરપાલિકામાં ચાર દિવસની રજા પણ અધિકારીઓ હેડક્વાર્ટર નહીં છોડે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીના દિવસોની રજાઓમાં પણ અધિકારીઓ શહેરની જનતા માટે ફરજ પર હાજર રહે તે માટે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા હતાં. મહાનગર પાલિકા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે આ શપથવિધિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જૂનાગઢ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર ડૉ. ઓમ પ્રકાશે અધિકારીઓ અને પદાધિકારીઓ પાસે દિવાળીની રજાઓમાં પણ લોકોની સેવા માટે અડગ રહેવાના શપથ લેવડાવ્યા હતાં. તેમણે દિવાળીની રજાઓમાં પણ અધિકારીઓને હેડક્વાર્ટર નહીં છોડવા જણાવ્યું હતું. શહેરમાં કોઈપણ ઈમરજન્સીની સ્થિતિ સર્જાય તો તેને પહોંચી વળવા અધિકારીઓ અને કર્મચારીઓને સજ્જ રહેવા આદેશ કરવામાં આવ્યો છે.

જૂનાગઢ મહાનગરપાલિકામાં ગુરુવારથી રવિવાર સુધી સળંગ રજાઓ છે.રાજ્ય સરકારે પણ પડતર દિવસે રજા જાહેર કરી હતી. આ રજાને બદલે બીજા શનિવારની રજા કેન્સલ કરવામાં આવી હતી. જેથી હવે બીજા શનિવારે ૯મી નવેમ્બરે મહાનગરપાલિકા સહિતની સરકારી કચેરીઓ ચાલુ રહેશે. ■

# રાજકોટમાં ફાયરના ૨૦૦ જેટલા કર્મચારીઓ ૨૪ કલાક ખડેપગે રહેશે: દિવાળીની રજાઓ રદ

અમદાવાદ: રાજકોટમાં દિવાળીના દિવસોમાં કોઈ દુર્ઘટના સર્જાય તો તાત્કાલિક એક્શન લેવા માટે મહાનગરપાલિકાના ફાયર વિભાગના તમામ કર્મચારીઓની રજાઓ રદ કરી દેવામાં આવી છે. જેથી ૨૦૦થી વધુ કર્મચારીઓ ૨૪ કલાક ખડેપગે ફરજ પર હાજર રહેશે. તે ઉપરાંત શહેરમાં જુદા જુદા સ્થળોએ ફાયર વિભાગની ગાડીઓ સ્ટાફ સાથે તૈયાર રાખવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસરે જણાવ્યું હતું કે, દિવાળીના દિવસોમાં સાત ફાયર સ્ટેશન અને ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટરના તમામ સ્ટાફની રજાઓ રદ કરવામાં આવી છે અને શહેરમાં ૨૪૦ જેટલા ફાયરના કર્મચારીઓ ફરજ બજાવી રહ્યાં છે. તે ઉપરાંત કોઈ દુર્ઘટના બને તો તાત્કાલિક પહોંચી વળવા માટે શહેરનાં મુખ્ય વિસ્તારોમાં ફાયરની ગાડીઓ સ્ટાફ સાથે તૈનાત રાખવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા જણાવાયું હતું કે, દિવાળીનાં તહેવારોમાં આગ લાગવાની શક્યતા વધુ રહેતી હોય છે. આ દરમિયાન ફટાકડા વેચનારા વેપારીઓ અને ફોડનારા લોકોએ સાવધાની રાખવી જરૂરી છે. વેપારીઓએ સરકારની ગાઈડલાઈનનું પાલન કરવું જરૂરી છે. ફટાકડા ફોડવા માટે સિન્થેટિકનાં બદલે કોટનનાં કપડાં પહેરવા વધારે હિતાવહ છે. લોકોની ભીડ વધુ હોય તેવા સ્થળોએ ખાસ ફાયરની ગાડી પૂરતા સ્ટાફ સાથે તૈનાત રાખવામાં આવી છે. લોકો પણ સાવધાની રાખે અને નિયમોનું પાલન કરે તે જરૂરી છે. ■

# પાટણના રામગઢ નજીક છોટા હાથી અને કાર વચ્ચે અકસ્માત: એક જ પરિવારના ચાર લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટણ જિલ્લાના ચાણસ્મા પાસેના રામગઢ નજીક છોટા હાથી અને અલ્ટો કાર વચ્ચે ગંભીર અકસ્માર્ત સર્જાયો હતો. જેમાં એક જ પરિવારના ચાર સભ્યો પતિ-પત્ની અને બે પુત્રોના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતાં.

ચાણસ્મા પોલીસની ટીમે ઘટના સ્થળે પહોંચીને ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ચાણસ્મા પાસેના રામગઢ નજીક દિવાળીના દિવસે બનાસકાંઠાથી કડી તરફ જતાં ઠાકોર પરિવારને અકસ્માત નડ્યો હતો. ઠાકોર પરિવાર કારમાં રામગઢ તરફ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમિયાન સામેથી પુરઝડપે આવી રહેલા છોટા હાથીના ચાલકે અલ્ટો કારને ટક્કર મારી હતી, જેમાં કારમાં સવાર ઠાકોર પરિવારના પતિ-પત્ની અને બે પુત્રોના મોત થયા હતાં.

આ અકસ્માત બાદ છોટા હાથીનો ચાલક ગાડી મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ફરાર છોટા હાથીના ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યાં હતાં. પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

# લીલિયામાં દિવાળી ટાણે ગટર ઊભરાઇ

## વેપારીઓ અને સ્થાનિકો ત્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના લિલિયા શહેરમાં છેલ્લાં કેટલાંક વર્ષથી ગટર ઊભરાવવાનો મુખ્ય પ્રશ્ન રહ્યો છે, પરંતુ હાલ આ પ્રશ્ન અતિ વિકટ બની રહ્યો છે, કારણ કે દિવાળી જેવા તહેવાર ટાણે જ લિલિયાની મુખ્ય બજારોમાં ગટરના પાણી વહી રહ્યા છે.

અમરેલી જિલ્લાના મોટા લિલિયા ખાતે છેલ્લાં કેટલાંક વર્ષો પહેલા કરોડો રૂપિયાના ખર્ચે બનેલી ભૂગર્ભ ગટર આજે વ્યાપારીઓ અને સ્થાનિકો માટે ગાળામાં અટકાયેલા કાંટા માફક બની ગઈ છે. ગૃહિણીઓ, વૃદ્ધો અને બાળકોને મોટી મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. કેટલીક જગ્યાઓ ઉપર પાઈપ નાખી દેવાયા છે, પરંતુ રોડ વચ્ચે કરાયેલા માટીના ઢગલાઓ પણ વેપારીઓ માટે મુશ્કેલીરૂપ બન્યા છે.

ચોમાસાની ઋતુમાં વરસાદના કારણે ગટરોના પાણી મુખ્ય બજારોમાં નદીઓની માફક વહેતા રહ્યા છે. જેના કારણે ચાર ચાર મહિનાથી વેપારથી વંચિત રહેલા વેપારીઓ આજે કમાણીના ચાર દિવસ મળ્યા છે, ત્યારે પણ આ ગટરના પાણીના કારણે દિવાળી જેવા મોટા તહેવારોમાં પણ વેપારીઓ હોળી મનાવવા મજબૂર બન્યા છે.

અવારનવાર રજૂઆતો કરવાથી કરોડો રૂપિયાના ખર્ચે પ્લાનિંગ વગર બનાવાયેલી ભૂગર્ભ ગટર માટે આજે રિનોવેશન માટે ફરી ૧૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, જેનું ટેન્ડર પણ થઈ ચૂક્યું છે. પરંતુ તંત્રની ઢીલી નીતિના કારણે આજે લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

# મધદરિયે પહોંચેલી બોટમાં માછીમારની તબિયત લથડતા કોસ્ટગાર્ડે રેસ્ક્યૂ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીરસોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં દરિયામાં માછીમારી કરવા ગયેલા માછીમારની મધદરિયે બોટમાં તબિયત લથડી હતી. આ બાબતની જાણ કોસ્ટગાર્ડને થતાં માછીમારને મધદરિયેથી રેસ્ક્યૂ કરીને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડાયો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગીરસોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં રાજપરા બંદરનો માછીમાર મધદરિયે માછીમારી કરી રહ્યો હતો. આ દરમિયાન સવારના પાંચ વાગ્યાના અરસામાં તેની તબિયત લથડી હતી. જેની જાણ જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરીને કરવામાં આવી હતી. જેથી કચેરી દ્વારા ઈન્ડિયન કોસ્ટગાર્ડ સ્ટેશન પીપાવાવને જાણ કરવામાં આવી હતી.

માછીમાર મધદરિયે હોવાથી કોસ્ટગાર્ડ દ્વારા તરત એક્શનમાં આવીને રેસ્ક્યૂ બોટને માછીમારને રેસ્ક્યૂ કરવા માટે રવાના કરવામાં આવી હતી. કોસ્ટગાર્ડે માછીમારને રેસ્ક્યૂ કરીને વધુ સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ■

# વાહનચાલકે ટક્કર મારતાં સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખના પતિનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગરના પાટડી તાલુકાના બજાણા ગામ પાસે વાહનની ટક્કરથી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખને ઈજાઓ પહોંચતા તેમને વિરમગામની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. જ્યારે તેમની નજર સામે જ તેમના પતિનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે પાટડી પંથકમાં ગમગીની છવાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરેન્દ્રનગરના પાટડી તાલુકાના બજાણા ગામ પાસે જિલ્લા પંચાયતના પૂર્વ મહિલા પ્રમુખ અમરબેન મેરાણી અને તેમના પતિ પંજાભાઈ મેરાણી વહેલી સવારે મોર્નિંગ વોક પર નીકળ્યા હતાં. આ દરમિયાન સામેથી પુરપાટ ઝડપે આવેલા વાહને તેમને ટક્કર મારી હતી. જેમાં અમરબેન મેરાણીને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમની નજર સામે જ તેમના પતિ પૂજાભાઈનું મોત નિપજ્યું હતું. અકસ્માત કરીને વાહન ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

અમરબેન મેરાણીને પણ હાથે અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા વધુ સારવાર અર્થે વિરમગામ હૉસ્પિટલ ખાતે લઇ જવાયા હતા. આ અકસ્માતની ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક પૂંજાભાઈ મેરાણીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પાટડી સરકારી હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. ■



(તસવીર ઉત્સવ વૈદ્ય- ભુજ)

ભુજ શહેરની વૈશ્વિક ઓળખ સમા ભુજીયા ડુંગર પર વિનાશક ભૂકંપમાં માર્યા ગયેલાઓની યાદમાં બનાવાયેલા સ્મૃતિવન ખાતે ધનતેરસની શુભ રાત્રિએ સ્થાનિક સંસ્થાઓના ઉપક્રમે ૫૧ હજાર દીવડાઓ પ્રજ્વલિત કરી અવલૌકિક માહોલ ખડો કરવામાં આવ્યો હતો.

# સામખિયાળી મોરબી હાઈવે પર વાહનની અડફેટે પાંચથી વધુ ઘેટાંનાં મોત: માલધારીને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સામખિયાળી મોરબી હાઈવે પર આવેલા જૂના કટારિયા પાટિયા પાસે દિવાળીની સવારે માર્ગ અકસ્માતની ઘટના બની હતી. અકસ્માતમાં અજાણ્યા વાહનની અડફેટથી કચ્છ તરફ આવતા પાંચ ઘેટાંના કમકમાટીભર્યા મોત થયા હતા. જ્યારે માલધારીને સામાન્ય ઇજા પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પ્રાથમિક સારવાર આપ્યા બાદ હૉસ્પિટલમાં ખસેડવમાં આવ્યા હતા. આ બનાવ અંગે પોલીસ દફતરે કોઇ નોંધ થઈ નથી. પ્રાપ્ત વિગતો મુજબ દિવાળીના દિવસે વહેલી સવારે આ અકસ્માતની ઘટના બની હતી. આ ઘટનામાં પથી ૭ જેટલા ઘેટાંના કરુણ મોત થતા મલધારીને આર્થિક નુકસાની પહોંચી હતી. માલધારી પણ વાહન હડફેટે ચડી જતા સામાન્ય ઈજા પામ્યો હતો. સુરજબારી ટોલ ગેટની હાઇવે પેટ્રોલિંગની ટીમે ટ્રાફિક નિયંત્રણ કામગીરી સંભાળી હતી.

# મુંદરાના મોખા પુલ પાસેથી ₹ ૩.૧૨ લાખના શરાબના જથ્થા સાથે એક શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરા તાલુકાના મોખા પુલ પાસે પોલીસે બાતમીના આધારે એક હ્યુન્ડાઇ ક્રેટા કારમાંથી રૂ. ૩.૧૨ લાખની કિંમતના શરાબના જથ્થા સાથે એક શખસને ઝડપી પાડ્યો હતો.

પ્રાગપર પોલીસના પી.આઇ. હાર્દિક ત્રિવેદીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, માંડવીથી મોખા પુલ તરફ શરાબનો જથ્થો ભરીને આવી રહેલી સફેદ રંગની ક્રેટા કાર અંગે તેમની પેટ્રોલિંગ ટીમને બાતમી મળી હતી. ત્યારબાદ ગોઠવેલી વોચ દરમ્યાન પસાર થયેલી શંકાસ્પદ કારને રોકાવી તેમાં ચેકિંગ કરતાં કારની અંદરથી ૩.૧૧ લાખની કિંમતની વિદેશી શરાબની અલગ-અલગ બ્રાન્ડની ૫૦૪ નંગ બોટલ મળી આવી હતી. કાર ચાલક ધનરાજ ગઢવીએ આ શરાબ તેને લાયજા ગામથી દેવરાજ ગઢવીએ ભરી વવાર ગામના પાટિયા પાસે મૂકી પરત આવવા જણાવ્યું હોવાની કેફિયત આપી હતી.

પ્રાગપર પોલીસે રૂ.૩,૧૧,૯૮૮નો શરાબ, એક મોબાઈલ ફોન કિં.રૂ.૫૦૦૦ તથા ક્રેટા કાર કિં. રૂ.૮,૫૦,૦૦૦ એમ કુલે રૂ. ૧૧,૬૩,૯૮૮નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી ધનરાજ તથા કુખ્યાત બુટલેગર દેવરાજ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ઝડપાયેલા આરોપી ધનરાજ વિરુદ્ધ અગાઉ પ્રોહીબીશનનો એક કેસ મુંદરા પોલીસમાં નોંધાયેલો છે, જ્યારે દેવરાજ સામે પ્રોહિબિશનના ૧૧ કેસ વિવિધ પોલીસ મથકોમાં નોંધાયેલા હોવાનું પી.આઇ. હાર્દિક ત્રિવેદીએ ઉમેર્યું હતું. ■